અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

09 DECEMBER-2025 TUESDAY | Vol. : 17 | Issue : 158 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ઝેલેન્સ્કીની યુરોપિયન નેતાઓ સાથે ગુપ્ત બેઠક : યુક્રેનની સુરક્ષા ગેરંટી પર ચર્ચા કરશે; યુરોપિયન નેતાઓ...

4  સત્યનું પહેલું પ્રમાણ સ્ફૂર્તિ છે! અને ઉંમર ગમે તે હોય પણ સત્યવ્રતીમાં તરવરાટ અને તેજ હોય!

6  આલિયા-રણબીરની લવ એન્ડ વોરના ફોટા લીક કરી દેવાયા

7  ચાંદીની કિંમત ઓલ ટાઈમ હાઈ : 900 રૂપિયા મોંઘી થઈને ₹1.79 લાખ પ્રતિ કિલો વેચાઈ રહી છે, સોનાનો ભાવ....

## મોટા શહેરોમાં પ્રદૂષણ છે, અને આપણે વંદે માતરમ પર ચર્ચા કરી રહ્યા છીએ

# વંદે માતરમ પર ચર્ચા પાછળ બંગાળની ચૂંટણી : પ્રિયંકા ગાંધી

## વડા પ્રધાન નરેન્દ્ર મોદી સારા ભાષણો આપે છે, પરંતુ જ્યારે હકીકતોની વાત આવે છે ત્યારે તેઓ કમજોર થઈ જાય છે : કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી

**નવી દિલ્હી, તા.8**

કોંગ્રેસ નેતા અને સાંસદ પ્રિયંકા ગાંધીએ પણ લોકસભામાં વંદે માતરમ પર ચર્ચા દરમિયાન વાત કરી હતી. પ્રિયંકાએ કહ્યું કે, વંદે માતરમ દેશના દરેક કણમાં હાજર છે, અને તો પણ તેની ચર્ચા કરવાની જરૂર કેમ પડી? તેમણે સરકાર પર વંદે માતરમની ચર્ચા કરવાનો આરોપ પણ લગાવ્યો હતો, કારણ કે પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે.

તેમણે વધુમાં કહ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી હવે પહેલા જેવા વડા પ્રધાન રહ્યા નથી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સારા ભાષણો આપે છે, પરંતુ જ્યારે હકીકતોની વાત આવે છે ત્યારે તેઓ કમજોર થઈ જાય છે. મોદીજી જે રીતે જનતા સમક્ષ તથ્યો રજૂ કરે છે, તે તેમની કલા છે. પણ હું લોકોની પ્રતિનિધિ છું, કલાકાર નહીં.



પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, જ્યારે આપણે વંદે માતરમનો ઉલ્લેખ કરીએ છીએ, ત્યારે આપણને સ્વતંત્રતા સંગ્રામનો સમગ્ર ઈતિહાસ, તેનો વારસો, નૈતિકતા અને બ્રિટિશ સામ્રાજ્યના પતનની યાદ આવે છે. વંદે માતરમે ભારતના લોકોને રાજકીય અને નૈતિક આકાંક્ષા સાથે જોડ્યા છે. વંદે માતરમે સૂતેલા ભારતને જગાડ્યું હતું. આજની ચર્ચા થોડી વિચિત્ર લાગે છે. આ ગીત ૧૫૦ વર્ષથી નૈતિકતાનો ભાગ રહ્યું છે. આજે આ ચર્ચાની શું જરૂર છે? અહીં આપણો હેતુ શું છે?

પ્રિયંકા ગાંધીએ વધુમાં કહ્યું કે, વંદે ભારત અંગે આજે ચર્ચા પાછળ બે કારણો છે. પ્રથમ, બંગાળની ચૂંટણીઓ, અને બીજું, આ સરકાર દેશ માટે બલિદાન આપનારાઓ પર નવા આરોપો લગાવવા માંગે છે. તમારો ધ્યેય આપણને ભૂતકાળમાં પાછા ખેંચવાનો છે, કારણ કે આ સરકાર ભવિષ્ય તરફ જોવા માંગતી નથી. સત્ય એ છે કે, આજે, વડા પ્રધાન મોદી હવે પહેલા જેવા વડા પ્રધાન નથી રહ્યા. તેમની નીતિઓ દેશને નબળી બનાવી રહી છે.

કોંગ્રેસના નેતાએ કહ્યું કે, 'આજે, દેશના લોકો નાખુશ છે, તેઓ પરેશાન છે. તેઓ અસંખ્ય સમસ્યાઓથી ઘેરાયેલા છે, અને તમે તેમના ઉકેલો શોધી રહ્યા નથી. તેમના પોતાના લોકો પણ શાંતિથી કહી રહ્યા છે કે, સત્તાનું કેન્દ્રીકરણ દેશને નુકસાન પહોંચાડી રહ્યું છે. તેથી જ આજે આપણે વંદે માતરમની ચર્ચા કરી રહ્યા છીએ. વંદે માતરમ દેશના દરેક કણમાં જીવંત છે, તેના પર કોઈ ચર્ચા થવી જોઈએ નહીં.'

પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, 'આ સરકાર વંદે માતરમ દ્વારા મહત્વપૂર્ણ જાહેર મુદ્દાઓ પરથી દેશનું ધ્યાન હટાવવા માંગે છે. વંદે માતરમના સારને પ્રશ્ન કરવો એ તે મહાપુરુષોનું અપમાન છે જેમણે તેના અંગે નિર્ણયો લીધા હતા. તેઓ બંધારણ સભામાં સામેલ લોકો પર વંદે માતરમને વિભાજીત કરવાનો આરોપ લગાવી રહ્યા છે. જવાહરલાલ નેહરુની વાત કરીએ તો, જેટલા સમયથી પીએમ મોદી વડાપ્રધાન છે, તેટલા વર્ષો નેહરુજી જેલમાં રહ્યા હતા. તે પછી, તેમણે ૧૭ વર્ષ સુધી સેવા આપી હતી.

તેમણે કહ્યું કે, જો નેહરુએ ISRO ન બનાવ્યું હોત, તો તમે આજે ચંદ્ર પર ન પહોંચ્યા હોત. જો તેમણે GAIL,BHEL અને SAIL ન બનાવ્યા હોત, તો ભારત કેવી રીતે બન્યું હોત? પંડિત જવાહરલાલ નેહરુ આ દેશ માટે જીવ્યા હતા. છતાં, મારી સલાહ લો. જો તમે નેહરુ પર ચર્ચા કરવા માંગતા હો, તો આરોપોની સંપૂર્ણ યાદી તૈયાર કરો. પછી, જેમ આજે વંદે માતરમ પર ચર્ચા થઈ રહી છે, તેમ એક સમય નક્કી કરો. પછી અમે તેની ચર્ચા કરીશું. તમને ગમે તેટલા પ્રશ્નો તૈયાર કરો અને અમે સંસદમાં તેની ચર્ચા કરીશું.

પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, 'આજે, દેશમાં આટલી બધી મોંઘવારી અને બેરોજગારી છે, પણ આપણે તેની ચર્ચા કેમ નથી કરતા? આપણે મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ પર ચર્ચા નથી કરતા. મોટા શહેરોમાં પ્રદૂષણ ખૂબ જ ફેલાયેલું છે, પરંતુ આપણે અહીં નાની નાની બાબતો પર ચર્ચા કરી રહ્યા છીએ. આપણે ભવિષ્યની ચર્ચા નથી કરી રહ્યા. જો તમારી પાસે હિંમત હોય, તો દેશમાં આટલી બધી બેરોજગારી કેમ છે તે વિશે વાત કરો. સત્ય એ છે કે, તેમનું શાસન ઉચાપતનું શાસન છે. ચૂંટણીથી લઈને ચૂંટણી સુધી, રાજકારણ છે. કોંગ્રેસના દરેક સત્રમાં વંદે માતરમ સામૂહિક રીતે ગવાય છે. આપણા રાષ્ટ્રના આત્માના આ મહાન મંત્રનો વિવાદ કરીને, તમે ગંભીર પાપ કરી રહ્યા છો. આ રાષ્ટ્રગીત, વંદે માતરમ, હંમેશા આપણને પ્રિય રહ્યું છે અને હંમેશા રહેશે.'

### વંદે માતરમ્ મુદ્દે વડાપ્રધાન મોદીનું સંસદમાં સંબોધન

## કોંગ્રેસે ઝીણા સામે ઘૂંટણ ટેકવ્યા, નેહરુને મુસ્લિમો ભડકશે તેવો ડર હતો

**નવી દિલ્હી, તા.8**

સંસદના શિયાળુ સત્રમાં આજે વંદે માતરમ્ પર ચર્ચા કરવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદીએ પણ આ મુદ્દે સંસદમાં સંબોધન કર્યું. તેમણે કહ્યું, કે જે મંત્ર અને જયઘોષે આઝાદીના આંદોલનમાં ઊર્જા અને પ્રેરણા આપી. તેના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરના આપણે સૌ સાક્ષી બની રહ્યા છીએ.



પીએમ મોદીએ કહ્યું, કે વંદે માતરમ્ના ૧૦૦ વર્ષ પૂર્ણ થયા ત્યારે દેશ કટોકટી(ઈમરજન્સી)ની સાંકળોથી બંધાયેલો હતો. ત્યારે ભારતના બંધારણનું ગળું દબાવી દેવામાં આવ્યું હતું. દેશ માટે પ્રાણ ન્યોછાવર કરવા માટે તૈયાર લોકોને જેલમાં બંધ કરી દેવાયા હતા. તેમણે વધુમાં કહ્યું કે ૧૮૫૭માં સ્વતંત્રતા સંગ્રામ બાદ અંગ્રેજો ગભરાઈ ગયા હતા અને ભારત પર અત્યાચાર કરવામાં આવી રહ્યા હતા. ત્યારે તેમનું રાષ્ટ્રીય ગીત ગોડ સેવ ધ ક્વીન ઘરે ઘરે પહોંચાડવાનું ષડયંત્ર ચાલી રહ્યું હતું. વંદે માતરમ્ સ્વતંત્રતાના આંદોલનનો સ્વર બની ગયું. વંદે માતરમ્ દરેક ભારતીયનો સંકલ્પ બની ગયું. પીએમ મોદીએ કહ્યું, કે અંગ્રેજોએ વંદે માતરમ્ બોલવા પર સજાનો કાયદો બનાવ્યો હતો. પ્રતિબંધના વિરોધમાં બારિસાલની વીરાંગના સરોજની બોસે કહ્યું હતું કે આ પ્રતિબંધ હટાવવામાં નહીં આવે તો હું મારી બંગડીઓ કાઢી નાંખીશ. તે સમયે બંગડીઓ કાઢવી મહિલા માટે ખૂબ મોટી વાત કહેવાતી. પીએમ મોદીએ કહ્યું, કે આપણાં દેશના બાળકોએ પણ અંગ્રેજોને હેરાન કરી નાંખ્યા હતા. નાના બાળકો વંદે માતરમ્ની પ્રભાત ફેરી કાઢતા. તેમને નાની ઉંમરમાં જેલમાં બંધ કરી ચાબુક મારવામાં આવતી. આજે દરેક દેશવાસીને ગર્વ થવો જોઈએ કે દુનિયાના ઈતિહાસમાં ક્યાંય એવું કોઈ કાવ્ય નથી જે સદીઓ સુધી એક લક્ષ્ય માટે કરોડો લોકોને પ્રેરિત કરતું હોય.

## કરુરની નાસભાગ પછી એક્ટર વિજયની પ્રથમ રેલી

### 9 ડિસેમ્બરની પુડુચેરી રેલીમાં QR કોડથી એન્ટ્રી થશે, રોડ શોને મંજૂરી નથી

**પુડુચેરી, તા.08**

તમિલનાડુના કરુરમાં થયેલી નાસભાગ બાદ અભિનેતા અને TVK પ્રમુખ અભિનેતા વિજય પ્રથમ વખત રેલી કરશે. પોલીસે 9 ડિસેમ્બરે પુડુચેરીમાં કડક સુરક્ષા નિયમો સાથે રેલીને મંજૂરી આપી છે.

QR કોડથી રેલીમાં પ્રવેશ મળશે અને ફક્ત 5000 લોકોને સામેલ થવાની મંજૂરી છે. પ્રશાસને રોડ શોની મંજૂરી આપી નથી.

પુડુચેરી પોલીસે ઉપ્પલમ એક્સપો ગ્રાઉન્ડમાં યોજાનારી આ સભામાં પ્રવેશ ફક્ત પાર્ટી દ્વારા જારી કરાયેલા QR કોડ પાસના આધારે આપવાનો આદેશ આપ્યો છે. રેલીમાં વિજય સવારે 10 વાગ્યાથી 12 વાગ્યાની વચ્ચે વાનમાંથી ભાષણ આપશે.

પોલીસે એ પણ સ્પષ્ટ કર્યું છે કે વિજયના કાર્યક્રમમાં કોઈપણ પ્રકારનો રોડ શો નહીં હોય અને ફક્ત નિયંત્રિત જનસભાને મંજૂરી છે.



સુરક્ષા અને ભીડ વ્યવસ્થાપનને ધ્યાનમાં રાખીને પોલીસે બાળકો, સગર્ભા મહિલાઓ, વૃદ્ધો, દિવ્યાંગોને કાર્યક્રમમાં ન આવવા અપીલ કરી છે. આ ઉપરાંત, તમિલનાડુથી આવતા લોકો પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમને પુડુચેરીની યાત્રા ન કરવાની સલાહ આપવામાં આવી છે જેથી રેલીમાં ભીડ ન વધે.

પ્રશાસને આયોજકોને કાર્યક્રમ સ્થળે પીવાનું પાણી, શૌચાલય, એમ્બ્યુલન્સ, પ્રાથમિક સારવાર ટીમ, ફાયર બ્રિગેડ અને બેરિકેડિંગની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે. વાહનોનું પાર્કિંગ ફક્ત પુડુચેરી મરીના, સ્પોર્ટ્સ સ્ટેડિયમની પાછળ અને જૂના પોર્ટ વિસ્તારમાં જ કરી શકાશે.

આ જ વર્ષે 27 સપ્ટેમ્બરના રોજ તમિલનાડુના કરુરમાં એક્ટર વિજયની રેલી દરમિયાન ભાગદોડ મચી હતી. રેલીમાં આવેલી ભીડ અચાનક બેકાબૂ બની ગઈ હતી જેમાં કુલ 41 લોકોના મોત થયા હતા, જ્યારે અન્ય ઘણા ઘાયલ થયા હતા. આ દુર્ઘટના બાદ વિજયની પાર્ટી TVK (તમિલગા વેતત્રી કડગમ) એ પોતાના તમામ મોટા જાહેર કાર્યક્રમો અને રેલીઓ અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરી દીધા હતા.

## થાઇલેન્ડની કંબોડિયા પર એરસ્ટ્રાઇક : ટ્રમ્પે બે મહિના પહેલાં જ યુદ્ધવિરામ કરાવ્યો હતો, શિવ મંદિર મામલે 2 દેશ વચ્ચે ફરી યુદ્ધ શરૂ

**બેંગકોક, તા.08**

થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે ફરી એકવાર હિંસા ભડકી ઊઠી છે. સોમવારે સવારે થાઈલેન્ડે કંબોડિયાનાં ઠેકાણાં પર એરસ્ટ્રાઈક કરી હતી. થાઈલેન્ડનું કહેવું છે કે તેણે માત્ર તે સૈન્ય ઠેકાણાં પર જ એરસ્ટ્રાઈક કરી છે.

આ હુમલો એવા સમયે થયો છે, જ્યારે માત્ર બે મહિના પહેલાં બંને દેશો વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હાજરીમાં શાંતિ કરાર થયો હતો. હવે એ કરાર તૂટતો દેખાઈ રહ્યો છે.

થાઈ સેનાનો દાવો છે કે કંબોડિયાએ પહેલા તેની સરહદ પર હુમલો કર્યો હતો, જેમાં એક થાઈ સૈનિકનું મોત થયું હતું અને બે ઘાયલ થયા હતા. થાઈલેન્ડ મુજબ, કંબોડિયા ઘણા દિવસોથી સરહદ પર ભારે હથિયારો જમા કરી રહ્યું હતું અને પોતાની સેનાને નવી જગ્યાઓ પર તહેનાત કરી રહ્યું હતું. આ જ કારણે તેમને હવાઈ હુમલો કરવો પડ્યો. થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે લાંબા સમયથી સરહદ પર આવેલા એક પ્રાચીન શિવ મંદિર પ્રીહ વિહિયર (પ્રિય વિહાર)ને લઈને વિવાદ છે. આ મંદિર કંબોડિયાની સરહદમાં છે, પરંતુ આસપાસની જમીન પર બંને દેશો પોતાનો અધિકાર જણાવે છે.

કંબોડિયાએ થાઈલેન્ડના આરોપોને ખોટા ગણાવ્યા છે. તેનું કહેવું છે કે તેણે કોઈ હુમલો કર્યો નથી અને તે તમામ મુદ્દાઓને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા માગે છે, પરંતુ થાઈ સેના ઘણા દિવસોથી ઉશ્કેરણીજનક હરકતો કરી રહી છે.

આ લડાઈને કારણે બોર્ડર પાસે રહેતા થાઈલેન્ડના ઘણા લોકો પોતાના ઘર છોડવા મજબૂર બન્યા છે. થાઈ સરકારનું કહેવું છે કે તેણે લગભગ 70% નાગરિકોને સુરક્ષિત



સ્થળોએ પહોંચાડી દીધા છે.

28 મેના રોજ બંને દેશોની સેનાઓ એમેરાલ્ડ ટ્રાયેંગલ પર અથડામણ થઈ, જેમાં એક કંબોડિયન સૈનિકનું મોત થયું. આ એ જગ્યા છે, જ્યાં થાઈલેન્ડ, કંબોડિયા અને લાઓસની સરહદો મળે છે. થાઈલેન્ડ અને કંબોડિયા બંને આ વિસ્તાર પર દાવો કરે છે.

કંબોડિયન સૈન્યના જણાવ્યા અનુસાર, થાઈ સૈનિકો સરહદ નજીક તા મુએન થોમ મંદિર તરફ આગળ વધ્યા અને એની આસપાસ કાંટાળા તાર લગાવી દીધા. ત્યાર બાદ તેમણે ડ્રોન છોડ્યા અને હવામાં ગોળીબાર કર્યો.

આ દરમિયાન થાઈ સૈન્યના જણાવ્યા મુજબ, કંબોડિયન સૈનિકોએ પહેલા સંઘર્ષ શરૂ કર્યો હતો. થાઈલેન્ડે વાટાઘાટો દ્વારા તણાવ ઓછો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ જ્યારે તે નિષ્ફળ ગયો ત્યારે ગોળીબાર શરૂ થયો.

બંને દેશોમાં લાંબા સમયથી પ્રીહ વિહિયર મંદિર પર વિવાદ છે. થાઈલેન્ડે મંદિર પર નિયંત્રણ મેળવવા માટે સતત પ્રયાસો કર્યા, જેના કારણે કંબોડિયાએ 1959માં આ મામલો ઈન્ટરનેશનલ કોર્ટમાં લઈ જવામાં આવ્યો.

1962માં કોર્ટે ચુકાદો આપ્યો કે મંદિર કંબોડિયાનું છે. કોર્ટે થાઈલેન્ડને તેના સૈનિકો પાછા ખેંચવાનો આદેશ આપ્યો. થાઈલેન્ડે આ નિર્ણય સ્વીકાર્યો, પરંતુ આસપાસની જમીન પર વિવાદ ચાલુ રાખ્યો. 2008માં જ્યારે મંદિરને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યું ત્યારે વિવાદ વધુ વકર્યો. મંદિરને માન્યતા મળ્યા બાદ, બંને દેશોની સેનાઓ વચ્ચે ફરી અથડામણ શરૂ થઈ અને 2011માં પરિસ્થિતિ એટલી વણસી ગઈ કે હજારો લોકો તેમના ઘર છોડવા મજબૂર થયા.

2013માં કોર્ટે તેના અગાઉના નિર્ણયને સ્પષ્ટતા આપતાં કહ્યું હતું કે માત્ર મંદિર જ નહીં, પરંતુ આસપાસનો વિસ્તાર પણ કંબોડિયાનો છે. થાઈલેન્ડને પણ સ્થળ પરથી તેના સૈનિકોને સંપૂર્ણપણે પાછા ખેંચવાનો આદેશ આપવામાં આવ્યો હતો, જોકે સરહદનો મુદ્દો હજુ સુધી સંપૂર્ણપણે ઉકેલાયો નથી. થાઈલેન્ડ અને કંબોડિયાનો ઈતિહાસ લાંબા સમયથી ખ્મેર સામ્રાજ્ય (કંબોડિયા) અને સિયામ રાજ્ય (થાઈલેન્ડ) વચ્ચેના સંઘર્ષો સાથે જોડાયેલો છે.



# 'હડદડની ઘટના ભાજપ માટે ગુજરાત છોડો આંદોલન બનશે', પંજો અને કમળ એક છે : અરવિંદ કેજરીવાલ

## ઈટાલિયાએ ભાજપને ગાળો આપી તો કોંગ્રેસના કાર્યકર્તાએ જૂતું માર્યું

**રાજકોટ, તા.08**



રાજકોટમાં ત્રણ દિવસના પ્રવાસ પર આવેલા અરવિંદ કેજરીવાલે રાજકોટ એન્જિનિયરિંગ એસોસિયેશન હોલમાં ખેડૂતો સાથેની બેઠક બાદ ભાજપ સામે પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે ભારતમાં અંગ્રેજોનું શાસન હતું ત્યારે ગાંધીજીએ 1942માં અંગ્રેજો ભારત છોડો આંદોલન છેડ્યું હતું એ રીતે હડદડની ઘટના ભાજપ ગુજરાત છોડો આંદોલન બનવા જઈ રહ્યું છે. ભાજપને ગુજરાતમાંથી દૂર કરીશું તો જ ન્યાય મળશે. પંજો અને કમળ એક જ છે, ઈટાલિયાએ ભાજપને ગાળો આપી તો કોંગ્રેસના કાર્યકર્તાએ જૂતું માર્યું.

અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે માત્ર આંદોલન કરવાથી નહીં, પરંતુ તમે ચૂંટણીમાં મત આપવા માટે જશો ત્યારે જે બટન દબાવશો એના આધારે તમને ન્યાય મળશે. બોટાદના હડદડ 88 લોકોની ધરપકડ કરવામાં આવી. ખેડૂતો ત્યાં પથ્થર મારો કરવા નહીંસ પરંતુ કડદા મામલે ન્યાય માગવા ગયા હતા, જેથી તમામ ખેડૂતોને છોડી મૂકવામાં આવે. બે વર્ષ પછી ગુજરાતમાં આમ આદમી પાર્ટીની સરકાર આવશે ત્યારે તમામ ખોટી એફઆઈઆર રદ કરવામાં આવશે અને ખોટી રીતે જેઓ જેલમાં છે તેમને મુક્ત કરવામાં આવશે અને જેઓ ખરેખર દોષિત છે તેમને જેલમાં પૂરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે બે મહિનાથી કેટલાક લોકો હજુ પણ જેલમાં બંધ છે, જેમાં 42ને જામીન થયા અને 46 હજી જેલમાં છે. એક-એક વ્યક્તિને અમે જેલમાંથી બહાર કાઢીશું. મને પણ જેલમાં નાખવામાં આવ્યો હતો. મારો વાંક શું હતો? હું દિલ્હીના લોકોની સેવા કરતો હતો. દિલ્હીમાં હોસ્પિટલ, સ્કૂલ, કોલેજ, મહોલ્લા ક્લિનિક બનાવવાનું કામ કરતો હતો. 100 વખત મને જેલમાં બંધ કરવામાં આવશે તોપણ હું લોકો માટે કામ કરતો રહીશ. નકલી દારૂ, ડ્રગ્સ વેચનારને પકડવાની જગ્યાએ ખેડૂતોને પકડવામાં આવી રહ્યા છે.

કેજરીવાલે કહ્યું હતું કે FIRથી ડરવાની જરૂરી નથી. હું જેલમાં 6 મહિના રહ્યો છું. મનીષ સિસોદિયા 2.5 વર્ષ જેલમાં રહ્યા હતા. મારા ઘરે રેડ મારવામાં આવી હતી, પરંતુ એકપણ રૂપિયો મળ્યો નહોતો. મારા પર ખોટી ફરિયાદ કરી મને જેલમાં નાખવામાં આવ્યો હતો. બે વર્ષમાં આમ આદમી પાર્ટીની સરકાર ગુજરાતમાં બની રહી છે. ખોટી તમામ FIR અમારી સરકાર બનતા રદ કરવામાં આવશે.

બોટાદના હડદડમાં કિસાન મહાપંચાયત દરમિયાન 82 જેટલા ખેડૂતોની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારે તેમાંથી અમુક ખેડૂતો જેલમાંથી છૂટી ગયા છે તેમની સાથે રાજકોટના એન્જિનિયરિંગ એસોસિયેશન હોલમાં AAPના રાષ્ટ્રીય આગેવાન અરવિંદ કેજરીવાલ મુલાકાત કરવા આવેલા ખેડૂતોએ દિવ્ય ભાસ્કર સમક્ષ પોતાની આપવીતી વર્ણવી હતી.

ખેડૂત રમેશ મુંધવાએ જણાવ્યું હતું કે 24 કલાક લોકઅપમાં રાખવામાં આવ્યા હતા, જ્યાં અમને ભોજન પણ આપવામાં આવ્યું નહોતું. એ બાદ અમને કોર્ટમાં હાજર કરવામાં આવ્યા અને અમારા વિરુદ્ધ FIR થઈ. એ પછી અમને ભાવનગર જેલમાં અને ત્યાર બાદ રાજકોટ જેલમાં મોકલવામાં આવ્યા. જેલમાં 50 દિવસ અમે રહ્યા. એ બાદ 29 નવેમ્બરના અમારો છુટકારો થયો. ત્યાં પોલીસ દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો અને ટિયરગેસના શેલ છોડવામાં આવ્યા, જેથી ધુમાડો થતાં અમે ઘરમાં ચાલ્યા ગયા હતા.

તેમણે જણાવ્યું હતું કે અમે પથ્થર મારો કર્યો નહોતો, તેથી અમને એમ હતું કે અમારા પર FIR નહીં કરે. જોકે તેમ છતાં પણ અમારી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી અને અમને જેલમાં મોકલવામાં આવ્યા. યાર્ડમાં ખેડૂતો સાથે જે કડદાકાંડ થાય છે, એને લઈને ખેડૂતોની મિટિંગ હતી. યાર્ડના ચેરમેન પાસે લેખિતમાં લખાણ લેવાનું હતું કે હવે કડદાકાંડ નહીં થાય, પરંતુ ચેરમેને લખાણ લખ્યું નહોતું. અમે કોઈ પક્ષ તરીકે ગયા ન હતા, પરંતુ ખેડૂતોની મિટિંગ હતી.

જ્યારે અન્ય ખેડૂત મોટા ભડલાના વજાભાઈ મેરે જણાવ્યું હતું કે ભાજપ કે AAPની નહીં, પરંતુ ખેડૂતોની બેઠક હતી. કપાસનો રૂ.1500 ભાવ હોય તો અમને કહેવામાં આવે કે તમારો કપાસ ટાઢો છે અને તેથી રૂ.1200 ભાવ આવશે. અમારી બેઠક મત માટેની નહોતી, જોકે બેઠક દરમિયાન પથ્થરમારો થયો અને પોલીસે ટિયરગેસના શેલ છોડ્યા. એ બાદ અમે ઘરમાં ગયા તો ત્યાંથી પોલીસ અમને પકડી ગઈ અને અમને બહુ માર્યા હતાં.

ફિઝિકલ વાહન વગર ફિટનેસ સર્ટિ આપ્યા

# 29 વાહનોને ખોટા સર્ટિફિકેટ આપી દેનાર વડોદરાના સાંકરડા એમ.ડી. મોટર્સ ફિટનેસ સેન્ટરનું લાઈસન્સ સસ્પેન્ડ

**વડોદરા, તા.08**




વડોદરા પાસે આવેલ સાંકરદા ગામે એમ.ડી. મોટર્સ ફિટનેસ સેન્ટર દ્વારા વાહનોના બોગસ ફિટનેસ સર્ટિફિકેટ આપ્યા હોવાનો ખુલાસો તપાસમાં સામે આવતા આખરે ટ્રાન્સપોર્ટ કચેરી દ્વારા તેનું લાઈસન્સ 6 મહિના માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે. આ સેન્ટર દ્વારા 29 વાહનોને ખોટા ફિટનેસ આપ્યા હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

વડોદરા નજીક આવેલ સાંકરદા ખાતે આવેલ એમ ડી મોટર્સના સંચાલક દ્વારા ફિઝિકલ વાહન વગર તે વાહનોના ફિટનેસ સર્ટિફિકેટ આપ્યાં હોવાની માહિતી ટ્રાન્સપોર્ટ કચેરીને મળતા તે અંગે ટ્રાન્સપોર્ટ કચેરી દ્વારા એમ.ડી મોટર્સમાં ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું હતું. જેમા MD મોટર્સના સંચાલકે અત્યાર સુધીમાં 29 વાહનોના સર્ટિફિકેટ બારોબાર આપી દીધા હોવાનું કૌભાંડ સામે આવ્યું આવ્યું છે. અન્ય ફિટનેસ સેન્ટરોમાં પણ ગેરરીતિ થતી હોવાની લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે ત્યારે તેઓ સામે પણ યોગ્ય તપાસ અને કાર્યવાહી થાય તેવી લોકોમાં માંગ ઉઠી છે.

આ અંગેની તપાસ બાદ સંપૂર્ણ રિપોર્ટ કચેરીના અધિકારીઓને મળતા અધિકારીઓએ એમ ડી મોટર્સનું લાઈસન્સ 6 મહિના માટે સસ્પેન્ડ કરી દેવાનો હુકમ કર્યો હતો. ટ્રાન્સપોર્ટ કચેરી દ્વારા કરાયેલા હુકમને લઈને અન્ય ફિટનેસ સેન્ટરના સંચાલકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. આ આખા કૌભાંડમાં સંચાલકે 29 વાહનોના ફિટનેસ સર્ટિ ખોટા ઈશ્યૂ કરાયા હોવાનું સામે આવ્યું છે અને જેમાં મોટા ભાગના વાહનનો રાજ્ય બહારના હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે હાલમાં ફિટનેસ માટે વડોદરામાં પાંચ સેન્ટર આવેલા છે જે તમામ ખાનગી છે. હાલમાં વાહન દીઠ 1000 રૂપિયા ચાર્જ છે જેની સામે ખોટા સર્ટિ માટે હજારો રૂપિયા વસુલવામાં આવતા હોવાનું સામે આવ્યું છે. હાલમાં ખાનગીકરણને લઈ તમામ સેન્ટરો કમિશનર કચેરી હેઠળ આવે છે. જેથી સ્થાનિક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા કોઈ કાર્યવાહી થઈ શકતી નથી. ત્યારે આવી ગેરરીતિ અન્ય ફિટનેસ સેન્ટરોમાં પણ થતી હોવાની લોકોમાં ચર્ચા ચાલી રહી છે. ત્યારે અન્ય ફિટનેસ સેન્ટરો સામે કાર્યવાહી થશે કે કેમ તે સૌથી મોટો સવાલ છે? ખોટા સર્ટિફિકેટ આપનાર ફિટનેસ સંચાલક સામે ફરિયાદની કાર્યવાહી થશે કે કેમ કેમ ? તે પણ એક સવાલ છે.

# અંકોડીયાના ફરાસ ખાનામાં આગ લાગતા લાખોના માલ ખાખ

### ફાયરની ચાર ટીમોએ બે કલાકે આગ પર કાબૂ મેળવ્યો, LPGના 8 સિલિન્ડર બહાર કાઢવામાં આવ્યા

**વડોદરા, તા.08**



વડોદરાના અંકોડીયામાં આવેલા ફરાસ ખાનામાં ભીષણ આગ લાગ્યા બાદ બે કલાકે આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી છે. આગ એટલી ભીષણ હતી કે, દૂર દૂરથી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. ઘટનાના પગલે વડોદરા ફાયર, ટીપી 13, વાડીવાડી, GIDC અને વાસણા ભાયલી ફાયર સ્ટેશનની ટીમો ઘટનાસ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. ફાયરની ટીમે આઠ સિલિન્ડર બહાર કાઢ્યા હતા.

વડોદરા નજીક આવેલા અંકોડીયામાં આવેલા ફરાસખાનામાં આગ લાગતા દોડધામ મચી હતી. આગે ગણતરીની મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ એટલી વિકરાળ હતી કે દૂર દૂરથી ધુમાડાના ગોટેગાટા જોવા મળતા હતા.

ભીષણ આગને કાબૂમાં લેવા માટે વડોદરા ફાયર, ટીપી 13, જીઆઈડીસી, વાસણા ભાયલીની ફાયરની ટીમો ઘટનાસ્થળ પર પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. જો કે, આગ પર કાબૂ મેળવવામાં બે કલાક જેટલો સમય લાગ્યો હતો. આગ પર કાબૂ લીધા બાદ કુલિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ફાયરની ટીમે ઘટનાસ્થળેથી એલપીજીના આઠ સિલિન્ડર બહાર કાઢ્યા હતા. સદનસીબે મોટી જાનહાનિ થતા અટકી હતી.

આ અંગે ફાયર સ્ટેશન ઓફિસર હર્ષવર્ધન પુવારે જણાવ્યું હતું કે, ફાયર કંટ્રોલ રૂમ દ્વારા અંકોડિયા ફરાસ ખાનામાં આગ અંગેનો કોલ મળ્યો હતો, આ અંગેની કામગીરી કરવામાં આવી છે. હાલમાં નવ જેટલી ગાડીઓ કામ કરી રહી છે અને આગ કાબુમા આવી ગઈ છે. પરંતુ હાલમાં કુલિંગની પ્રક્રિયા ચાલી રહી છે જે એક કલાક ચાલશે.

આ આગ અંગેનો કોલ મળતા અમે અમે અહીંયા પહોંચ્યા ત્યારે નાના નાના ચાર પાંચ બ્લાસ્ટ થયા હતા જે એલપીજી બોટલમાં થયા હોય તેવું અનુમાન છે અમે 8 જેટલી બોટલો બહાર કાઢી છે અને હજુ કામગીરી ચાલી રહી છે. નુકસાન કેટલું થયું તે સંપૂર્ણ કામગીરી બાદ ખબર પડશે. આગ ખેતર વિસ્તારમાં ગોડાઉનમાં હોવાથી પાણી મેળવવા કનેક્ટિવિટી દૂર હોવાથી સમય લાગી રહ્યો છે.

# ગાંધીનગરના મહાત્મા મંદિર જેવું રાજકોટમાં કન્વેન્શન સેન્ટર બનશે

### અટલ સરોવર પાસે 45 હજાર વાર જગ્યાની ફાળવણી, સૌરાષ્ટ્ર-કચ્છના અઢી લાખ ઉદ્યોગકારોને લાભ મળશે

**રાજકોટ, તા.08**




રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના ઉદ્યોગકારો દ્વારા કન્વેનશન સેન્ટર માટે સરકાર પાસે વર્ષોથી માંગણી કરવામાં આવી રહી હતી જેને રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં પણ ખાસ રૂ.50 કરોડ જેટલી રકમ આ કન્વેનશન સેન્ટર માટે ફાળવવામાં આવી છે.ત્યારે રાજકોટના સ્માર્ટ સીટી વિસ્તાર એટલે કે સેકન્ડ રિંગ રોડ પર અટલ સરોવર પાસે કન્વેનશન સેન્ટર બનાવવા માટે તંત્ર દ્વારા 45 હજાર વારથી વધુ જગ્યાની ફાળવણી કરી દેવામાં આવી છે અને ડિઝાઈન તૈયાર કરી આગામી ત્રણ વર્ષની અંદર આધુનિક કન્વેનશન સેન્ટર બનાવવા કવાયત શરૂ કરી દેવામાં આવી છે.

આ કન્વેનશન સેન્ટર બનવાથી રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના 2.50 લાખથી વધુ ઉદ્યોગકારોને આનો સીધો ફાયદો થશે અને તેમણે પોતાના બિઝનેશ પ્રોડક્ટના એક્ઝિબિશન માટે અમદાવાદ, મુંબઈ કે દિલ્લી નહિ પરંતુ રાજકોટમાં ઘરઆંગણે જ સુવિધા મળી રહેશે જેથી સૌરાષ્ટ્રનો વિકાસ પણ સારી રીતે આગળ વધી શકશે.

રાજકોટ શહેરએ ઓટોમોબાઈલ, એન્જીનીયરીંગ અને ઈમિટેશન માર્કેટ માટે દેશભરમાં જાણીતું શહેર છે. આ ઉપરાંત રાજકોટની બાજુમાં મોરબી એ સીરામીક હબ માનવામાં આવે છે જયારે જામનગર એ બ્રાસ પાર્ટ ઉદ્યોગનું હબ માનવામાં આવે છે આ બધા ઉદ્યોગોને યોગ્ય પ્લેટફોર્મ મળી રહે એક્ઝિબિશન માટે ગાંધીનગર મહાત્મા મંદિર, મુંબઈ કે દિલ્લી જેવા શહેરો તરફ ન જવું પડે તે માટે સૌરાષ્ટ્ર ભરના 2.50 લાખથી વધુ ઉદ્યોગકારોને ફાયદો થાય તે માટે સરકાર દ્વારા રાજકોટની અંદર ગાંધીનગર કરતા પણ મોટું અને વિશાળ કન્વેનશન સેન્ટર બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે પ્રથમ તબક્કામાં જગ્યાની ફાળવણી કરી દેવામાં આવ છે બાદમાં તબક્કાવાર એક બાદ એક એજન્સી નક્કી કરી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી આવતા ત્રણ વર્ષની અંદર આધુનિક કન્વેનશન સેન્ટર રાજકોટમાં બનાવવા માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

રાજકોટ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, રાજકોટ મનપા દ્વારા દિવાળી પૂર્વે સ્ટેન્ડિંગ કમિટી બેઠકમાં કન્વેનશન સેન્ટરના કન્સલ્ટન્ટ નિમણુંક માટે દરખાસ્ત આવી હતી જેને મંજૂરી આપી દેવામાં આવી છે. રાજકોટના ઔદ્યોગિક વિકાસને ધ્યાનમાં રાખી ઉદ્યોગકારોની માંગણીને સ્વીકારી રાજ્ય સરકારની સૂચનાથી સૌરાષ્ટ્રના ઉદ્યોગકારો માટે રાજકોટમાં કન્વેનશન સેન્ટર બનાવવા માટે કામગીરી શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકારની મંજૂરી બાદ હવે મનપા દ્વારા અટલ સરોવર પાસ સ્માર્ટ સીટી વિસ્તારમાં 45000 વારથી વધુ જગ્યા ફાળવણી કરી દેવામાં આવી છે જ્યાં આધુનિક કન્વેનશન સેન્ટર બનાવવા નિર્ણય કરાયો છે. કન્સલ્ટન્ટની નિમણુંક કરી બાદમાં અલગ અલગ ડિઝાઈન મેળવી એક સારામા સારી ડિઝાઈન નક્કી કરી લગભગ ત્રણ વર્ષમાં કન્વેનશન સેન્ટર તૈયાર કરી દેવામાં આવશે.

તેમને વધુમાં જણાવ્યું હતું કે રાજકોટ અને સૌરાષ્ટ્રના ઉદ્યોગકારો પોતાના બિઝનેશના પ્રમોશન માટે ગાંધીનગર, દિલ્લી, મુંબઈ, તેમજ જાપાન, રશિયા અને ચીન સહિતના દેશોમાં જતા હતા જો કે હવે આ ઉદ્યોગકારોએ પોતાના બિઝનેસ પ્રમોશન માટે દૂર નહિ જવું પડે અને ઘર આંગણે રાજકોટમાં કન્વેનશન સેન્ટર ખાતે જ એક્ઝિબિશન યોજી શકશે અને દેશ વિદેશના અન્ય ઉદ્યોગકારો તેમાં ભાગ લઈ શકશે અને પોતાની વસ્તુઓનું વધુ સારી રીતે ઈમ્પોર્ટ એક્સપોર્ટ કરી શકશે. આનાથી માત્ર ઔદ્યોગિક જ નહિ પરંતુ રાજકોટ અને સૌરાષ્ટ્રનો સર્વાંગી વિકાસ પણ બધું મજબૂત બનશે માટે ત્રણ વર્ષની અંદર કન્વેનશન સેન્ટર બનાવી દેવાનો અમારો લક્ષ્યાંક છે.

રાજકોટ મનપા દ્વારા રૈયા સ્માર્ટ સિટી (અટલ સરોવર) વિસ્તરમાં 45000 વારથી વધુ જમીન ફાળવણી કરી કન્વેનશન સેન્ટર બનાવવા જાહેરાત કરી છે આ માટે વર્ષ 2022માં પ્રોજેક્ટનો ડીપીઆર તૈયાર કરાયો ત્યારે 538 કરોડ રૂપિયાનો ખર્ચ નિર્ધાર કરવામાં આવ્યો હતો જે પૈકી મનપા દ્વારા જે 25% રકમ આ પ્રોજેક્ટ પાછળ આપવાની થાય છે તે જમીન આપવાના બદલામાં વાળી લેવામાં આવશે. સરકાર દ્વારા 25 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે જેના થકી પ્રોજેક્ટ માટે કન્સલ્ટન્ટ કમ ટ્રાન્ઝેક્શન એડવાઈઝર તેમજ પીએમસીની નિમણૂક કરવામાં આવશે. આ પછી કન્વેનશન સેન્ટરના બાંધકામ માટેનું ટેન્ડર તૈયાર કરી એજન્સી ફાઈનલ કરવામાં આવશે.

ગત તારીખ 4 જાન્યુઆરી 2025ના રોજ રાજકોટ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના સ્નેહમિલન કાર્યક્રમમાં હાજરી આપી રાજકોટને કન્વેનશન સેન્ટર ફાળવવા માટે જાહેરાત કરવામાં આવી હતી. આ સમયે તેમને જણાવ્યું હતું કે કલેકટર, કમિશનર, ધારાસભ્યશ્રીઓ સહીત તમામ લોકો ઉપસ્થિત છે બધાની હાજરીમાં મંજૂરી આપી દઈએ છીએ અને હવે જેટલી ઝડપથી જગ્યા શોધી આપશો એટલી જલ્દી કન્વેનશન સેન્ટર બનાવવાની સરકારની તૈયારી છે. આ સાથે તેમને સૌરાષ્ટ્રના ઉદ્યોગકારોના વખાણ કરતા કહ્યું હતું કે, વર્લ્ડ ક્લાસ ફેસેલિટી સૌરાષ્ટ્રમાં છે અને સૌરાષ્ટ્રના લોકો તો પથ્થરને પણ પાટુ મારી પૈસા કમાવવાની તાકાત ધરાવે તેવા સાહસિક લોકો છે.

# વડોદરામાં નશાકારક કફ સીરપનો જથ્થો ઝડપાયો

### આજવા રોડ પરથી કફ સીરપના જથ્થા સાથે એક આરોપીની ધરપકડ, ક્રાઈમ બ્રાન્ચે 12,941 રૂપિયાની 11 બોટલ જપ્ત કરી

**વડોદરા, તા.08**



યુવાનોને ડ્રગ્સ અને નશીલા પદાર્થોની લતથી મુક્ત કરવા વડોદરા શહેર પોલીસની ઝુંબેશ યથાવત છે. વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે આજવા રોડ, દત્તનગર વિસ્તારમાં દરોડો પાડી નશાકારક કફ સીરપની 11 બોટલ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે. આ કફ સીરપમાં નાર્કોટિક ઘટક હોવાથી NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, દત્તનગર, સયાજીપાર્ક પાસે આજવા રોડ પર રહેતા મનજીતસિંગ કતારસિંગ સિકલીગર (ઉ.વ.36) નામનો શખસ પોતાના ઘરમાં નશાકારક કફ સીરપનો જથ્થો છુટક વેચાણ માટે સંતાડીને રાખે છે. આ માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે તુરંત રેઈડ પાડી હતી. ઘરમાંથી લોખંડના કબાટ પાસેની થેલીમાંથી Rx Triprolidine Hydrochloride & Codeine Phosphate Syrupની કુલ 11 બોટલ મળી આવી હતી, જેની કુલ કિંમત રૂ. 12,941થાય છે.

આ દવામાં કોડીન નામનો નાર્કોટિક ઘટક હતું અને તેનું વેચાણ વગર લાઈસન્સે ગેરકાયદે છે. આરોપી પાસે કોઈ પરવાનગી કે લાઈસન્સ ન હોવાનું તપાસમાં જણાઈ આવ્યું હતું. આરોપી મનજીતસિંગ સિકલીગરની સામે NDPS એક્ટની જોગવાઈ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આરોપીનો ગુનાહીત ઈતિહાસ, આરોપી અગાઉ ચોરીના કુલ 4 ગુનામાં સિટી, વારસિયા, સમા અને મકરપુરા પોલીસ સ્ટેશનમાં ઝડપાયેલો છે.

# ચોરે ચોરીના પૈસા પોલીસથી મેળવી ફોટોસેશન કર્યું

### સુરતમાં રત્નકલાકારે મકાનમાલિકના ઘરમાંથી અઢી લાખ ચોર્યા, બાઈકમાં થેલી ભૂલ્યાનું નાટક રચ્યું, સો.મીડિયાથી ભાંડો ફૂટ્યો

**સુરત, તા.08**





લોકો માટે સોશિયલ મીડિયા ક્યારેક નુકસાનકારક તો ક્યારેક ફાયદાકારક સાબિત થયું હોય છે અને આવો જ એક કિસ્સો સુરતમાં બન્યો છે. રાંદેર પોલીસને રોકડા રૂ. 2.69 લાખ લટકાવેલી થેલી સાથે બિનવારસી હાલતમાં એક બાઈક મળી હતી. પોલીસે બાઇકના નંબરના આધારે તેના મૂળ માલિક હીરાના કારખાનામાં મેનેજરને શોધીને પરત કરી હતી. દર વખતની જેમ આ વખતે પણ પોલીસે રૂપિયા પરત આપતો વીડિયો બનાવ્યો અને મૂળ માલિકની ખરાઈ કર્યા વગર રોકડ રકમ પરત કરી દીધી હતી.

આ ઘટનાના થોડા દિવસ પહેલાં મેનેજરના મકાનમાલિકના ઘરમાં ચોરી થઈ હતી અને તેની ફરિયાદ પણ નોંધાઈ હતી. પોલીસે બનાવેલો વીડિયો મકાનમાલિક સુધી પહોંચતાં તેમને થયું કે ત્રણ મહિનાથી ભાડું ચૂકવ્યું નથી તો મેનેજર પાસે આટલા પૈસા ક્યાથી આવ્યા અને ભાંડો ફૂટી ગયો હતો. જે પૈસાથી મેનેજરે પોલીસ સાથે ફોટોસેશન કર્યું એ મકાનમાલિકના ઘરમાંથી જ ચોર્યા હતા. શાતિર ચોરે પોલીસની આંખમાં પણ ધૂળ નાખી હતી. રાંદેર રામનગર વિસ્તારમાં એક પાન સેન્ટરની બહાર લાંબા સમયથી પડેલી બાઈક જોઈ દુકાનદારને શંકા જતાં તેણે બાઈક પર લટકાવેલા એક થેલાની તપાસ કરી હતી, જેમાંથી રોકડા રૂપિયા 2.69 લાખ, ચાર જોડી કપડાં, દારૂની એક નાની બોટલ મળી હતી. બાદમાં દુકાનદારે રાંદેર પોલીસને જાણ કરી હતી અને પોલીસે 36 કલાકની જહેમત બાદ કતારગામ પોલીસનો સંપર્ક કરી બાઈકમાલિકને શોધી કાઢ્યો હતો. આ બાઈક દક્ષેશકુમાર અરવિંદભાઈ પટેલ (ઉં.વ 46)ની હતી, જે 53, પંચદેવ સોસાયટી, આંબા તલાવડી, કતારગામમાં રહે છે અને હીરાના કારખાનામાં મેનેજર તરીકે ફરજ બજાવે છે.

પોલીસ સ્ટેશને પહોંચેલા દક્ષેશએ જણાવ્યું હતું કે તે જહાંગીરપુરા ખાતે રહેતા મિત્રના ઘરેથી પરત ફરી રહ્યા હતા. તેની પાસે રહેલા 2.69 લાખ રૂપિયા તેના દીકરાની ફી ભરવા માટે હતા. દક્ષેશને રામનગર ચાર રસ્તા પાસે અચાનક જ જબરદસ્ત ચક્કર આવ્યા, જેથી તે મેડિકલ સ્ટોર શોધવા લાગ્યા હતા. મેડિકલ સ્ટોર તો મળી ગયો, પણ ત્યાં દવાની લાયમાં તે તેની બાઈક અને એમાં રહેલા લાખો રૂપિયા ત્યાં જ ભૂલી ઘરે જતા રહ્યા હતા. બાદમાં પોલીસે તેને બેગ સુપરત કરી અને ફોટોસેશન પણ કર્યું હતું. સાથે જ રાંદેર પોલીસે દક્ષેશના ઘર જઈ સર્વે કર્યો તો તેનો એક દીકરો વિધાનગરમાં અભ્યાસ કરે છે અને તેની ફી ભરવાના પૈસા હોવાનું માની લીધું હતું. આ સમયે એકલા રહેતા દક્ષેશના મકાનમાલિક આકાશભાઈના ધ્યાને સમગ્ર ઘટનાનો વીડિયો આવ્યો હતો. તેમને શંકા ગઈ કે દક્ષેશે છેલ્લા 3 મહિનાથી તેણે ભાડું ચૂકવ્યું નથી તો આટલી મોટી રકમ તેની પાસે ક્યાંથી આવી? જે શંકાના આધારે તેમને ઘરમાં તપાસ કરી તો તેમના ઘરમાં જ રોકડ અને સોનાની ચોરી થઈ હોવાનું માલૂમ પડ્યું હતું, જેથી તેમણે કતારગામ પોલીસનો સંપર્ક કર્યો હતો. કતારગામ પોલીસે ગુનો નોધી તપાસ કરતાં દક્ષેશે જ આકાશભાઈના ઘરમાં ચોરી કરી હોવાનું બહાર આવતાં તેની ધરપકડ કરી હતી. કતારગામ આંબાતલાવડી રોડ ઉપર આવેલી પંચદેવ સોસાયટીમાં રહેતા આકાશભાઈ હિમંતભાઈ શિરોયા હીરાનો વેપાર કરે છે.

# વાહન ચલાવવું જોખમી : ડભોઇ કેનાલનો સર્વિસ રોડ ધુળિયો બન્યો

**ડભોઇ, તા.08**



ડભોઈ તાલુકામાંથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલ પરના સર્વિસ રોડની હાલત અત્યંત જર્જરિત બની ગઈ છે. ચોમાસું સમાપ્ત થયાના લાંબા સમય પછી પણ નર્મદા નિગમના અધિકારીઓ દ્વારા આ રોડનું રિપેરિંગ કાર્ય શરૂ ન કરાતા, ઠેર-ઠેર ઊંડા ખાડાઓ અને ઉખડી ગયેલા રોડના કારણે વાહનચાલકો અને ગ્રામજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ડભોઈ તાલુકાના વિવિધ ગામોને જોડતા અને ટૂંકા માર્ગ તરીકે ઉપયોગમાં લેવાતા આ નર્મદા કેનાલના રોડની હાલત ખૂબ જ દયનીય છે. મુખ્યત્વે, નીચેની સમસ્યાઓ જોવા મળી રહી છે રોડ પર ઠેર-ઠેર વિશાળ અને ઊંડા ખાડાઓ પડી ગયા છે, જેના કારણે દ્વિ-ચક્રીય વાહનોના ચાલકોને ગંભીર ઈજા થવાનો કે અકસ્માત થવાનો સતત ભય રહે છે. કેનાલના અમુક વિસ્તારોમાં રોડ પરની કપચી અને ડામર સંપૂર્ણપણે ઉખડી ગયા છે, અને માત્ર માટીનું જ સ્તર બાકી રહ્યું છે, જેના કારણે ધૂળની ડમરીઓ ઉડે છે અને વાહન ચલાવવું લગભગ અશક્ય બની ગયું છે. ખરાબ રોડના કારણે ઉડતી ધૂળ રાહદારીઓ અને નજીકના ખેતરો માટે પણ મોટો પ્રદૂષણનો પ્રશ્ન બની ગઈ છે. રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ચોમાસું પૂર્ણ થતાં જ તત્કાળ ધોરણે રોડ-રસ્તાઓના રિપેરિંગ અને 'પેચ વર્ક (ખાડા પૂરવાનું કામ) શરૂ કરવામાં આવે છે. પરંતુ, ડભોઈમાં નર્મદા નિગમ હસ્તકના આ રોડ માટે આ પ્રકારની કોઈ તત્પરતા જોવા મળી નથી. સ્થાનિકોની માગ છે કે આ ખાડા તાકીદે પુરાણ કરીને રોડ બનાવવામાં આવે જેથી લોકોને રાહત થાય. આ માર્ગ પરથી નિયમિતપણે પસાર થતા લોકોને રોડના વારંવાર આવતા ઝટકાના કારણે કમરના દુખાવા સહિતની શારીરિક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૯૨

# ભારતીય સામાન 40ને બદલે 24 દિવસમાં રશિયા પહોંચશે

## મોદી-પુતિન કરારથી 6000 કિમીની બચત, 2030 સુધીમાં 100 અબજ ડોલર ટ્રેડનો ટાર્ગેટ

**નવી દિલ્હી, તા.08**

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારત યાત્રા દરમિયાન બંને દેશો વચ્ચે ચેન્નઈ-વ્લાદિવોસ્તોક ઈસ્ટર્ન કોરિડોર અંગે ચર્ચા થઈ. આ કોરિડોર માત્ર 10,370 કિમી લાંબો હશે, જેનાથી ભારતીય જહાજો સરેરાશ 24 દિવસમાં રશિયા પહોંચી શકશે.

હાલમાં ભારતથી રશિયાના સેન્ટ પીટર્સબર્ગ સુધી સામાન મોકલવા માટે જહાજોને લગભગ 16,060 કિમીની લાંબી યાત્રા કરવી પડે છે, જેમાં લગભગ 40 દિવસ લાગે છે. એટલે કે આ નવો રૂટ લગભગ 5,700 કિમી ટૂંકો છે અને ભારતને સીધા 16 દિવસની બચત થશે.



પુતિન અને પીએમ મોદી વચ્ચે 5 ડિસેમ્બરે થયેલી ચર્ચામાં આ સમુદ્રી માર્ગને જલ્દી શરૂ કરવા પર સહમતિ બની. એવું માનવામાં આવે છે કે વૈશ્વિક તણાવ વચ્ચે આ નવો રસ્તો એક સુરક્ષિત, ઝડપી અને ભરોસાપાત્ર વિકલ્પ આપી શકે છે.

મોદી અને પુતિન વચ્ચેની બેઠકમાં ભારત અને રશિયાનો પરસ્પર વેપાર 2030 સુધીમાં 100 અબજ ડોલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. હાલમાં બંને દેશોમાં લગભગ 60 અબજ ડોલરનો વેપાર થાય છે.

આ કોરિડોર દ્વારા ચેન્નઈથી મલક્કા ખાડી, દક્ષિણ ચીન સાગર અને જાપાન સાગર થઈને વ્લાદિવોસ્તોક સુધી જનારાના 16 દિવસ બચશે. આ રૂટ સુરક્ષિત હોવા ઉપરાંત આવનારા દિવસોમાં ભારત-રશિયા વેપાર માટે ગેમચેન્જર સાબિત થઈ શકે છે.

નિષ્ણાતો માને છે કે આ કોરિડોર તબક્કાવાર રીતે શરૂ થશે. તે શરૂ થતાં જ તેલ, ગેસ, કોલસો, મશીનરી અને ધાતુ જેવા જરૂરી વેપાર ક્ષેત્રોમાં તેજી આવશે અને ભારતની સપ્લાય ચેઈન ઘણી મજબૂત બનશે. આ માર્ગ ભારત-રશિયા આર્થિક ભાગીદારીને નવી ઊંચાઈ આપશે.

ગાઝા યુદ્ધને કારણે સુએઝ નહેર રૂટ પર વધતું જોખમ અને યુક્રેન યુદ્ધને કારણે યુરોપના માર્ગે રશિયા સુધી પહોંચતા પરંપરાગત દરિયાઈ માર્ગમાં સતત મુશ્કેલીઓ આવી રહી છે.

ચેન્નાઈ-વ્લાદિવોસ્તોક ઈસ્ટર્ન કોરિડોર શરૂ થતાં જ રશિયાથી ભારતને ક્રૂડ ઓઈલ, નેચરલ ગેસ, કોલસો, ખાતર, ધાતુ અને અન્ય ઔદ્યોગિક માલની આયાત કરવી સરળ બનશે. આનાથી ભારતની ઊર્જા અને કાચા માલની જરૂરિયાતો સુરક્ષિત થશે.

ભારત રશિયાને મશીનરી, એન્જિનિયરિંગ ગુડ્સ, ઓટો-પાર્ટ્સ, ટેક્સટાઈલ્સ, કૃષિ અને દરિયાઈ ઉત્પાદનો મોકલી શકે છે. દરિયાઈ ઉત્પાદનો અને મશીનરી પર ભાર મૂકવામાં આવ્યો છે.

ભારત-રશિયા પરંપરાગત માર્ગ 16,060 કિમી લાંબો મુંબઈથી સુએઝ નહેર થઈને સેન્ટ પીટર્સબર્ગ સુધી જતો આ પરંપરાગત માર્ગ 16,060 કિમી લાંબો છે. યુદ્ધને કારણે આ રૂટ આજે સૌથી જોખમી, લાંબો અને મોંઘો માનવામાં આવે છે.

આ ઉપરાંત, ઈન્ટરનેશનલ નોર્થ-સાઉથ ટ્રેડ કોરિડોર 7,200 કિમી લાંબો છે. આ મુંબઈથી ઈરાન, અઝરબૈજાન થઈને રશિયાના વોલ્ગોગ્રાડ સુધી જાય છે. 7,200 કિમી લાંબો મલ્ટી-મોડલ કોરિડોર માલસામાનની ડિલિવરીનો સમય ઘટાડીને 25-30 દિવસ કરી દે છે. આ પરંપરાગત રૂટ કરતાં સસ્તો છે, પરંતુ અહીં ઈરાનને કારણે તણાવ રહે છે.

# પાકિસ્તાને કહ્યું- જયશંકરનું નિવેદન ઉશ્કેરણીજનક : વિદેશ મંત્રીએ કહ્યું હતું- PAK આર્મી ભારતની ઘણી સમસ્યાઓનું કારણ

**ઇસ્લામાબાદ, તા.08**

પાકિસ્તાને ભારતીય વિદેશ મંત્રી જયશંકરના તે નિવેદનની ટીકા કરી છે, જેમાં તેમણે પાકિસ્તાની સેનાને ભારતની ઘણી સમસ્યાઓનું કારણ ગણાવ્યું હતું. પાકિસ્તાને કહ્યું કે તેની સેના રાષ્ટ્રીય સુરક્ષાનો મજબૂત સ્તંભ છે.

જયશંકરે શનિવારે નવી દિલ્હીમાં યોજાયેલા હિન્દુસ્તાન ટાઈમ્સ લીડરશિપ સમિટમાં કહ્યું હતું કે પાકિસ્તાનની ઘણી નીતિઓ તેની સેનાને કારણે પ્રભાવિત થાય છે. તેમણે કહ્યું કે આપણી મોટાભાગની સમસ્યાઓ ત્યાંથી જ ઉદ્ભવે છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા તાહિર અંદરાબીએ આ નિવેદનને ઉશ્કેરણીજનક, પાયાવિહોણું અને બિનજવાબદાર ગણાવ્યું. તેમણે કહ્યું કે પાકિસ્તાન એક જવાબદાર દેશ છે અને તેની સેના કોઈપણ આક્રમણનો જવાબ આપવા સક્ષમ છે. અંદરાબીએ મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંઘર્ષનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે પાકિસ્તાની સેનાએ તે સમયે દેશની સંરક્ષણ ક્ષમતા સાબિત કરી હતી.



સમિટ દરમિયાન જયશંકરે કહ્યું કે પાકિસ્તાનમાં આજે જે થઈ રહ્યું છે તે તેના 80 વર્ષ જૂના ઈતિહાસનું પરિણામ છે. તેમણે કહ્યું કે પાકિસ્તાનમાં કોઈને કોઈ રીતે સેના જ શાસન કરે છે, ક્યારેક સેના ખુલ્લેઆમ આ કામ કરે છે, ક્યારેક પડદા પાછળથી. પાકિસ્તાને કહ્યું કે જયશંકરનું આ નિવેદન તેની સંસ્થાઓ અને નેતૃત્વને બદનામ કરવાના ભારતીય પ્રયાસોના દુષ્પ્રચાર અભિયાનનો એક ભાગ છે. તેનો હેતુ ભારતની અસ્થિર કરતી પ્રવૃત્તિઓ અને પાકિસ્તાનમાં ભારત સમર્થિત આતંકવાદ પરથી ધ્યાન ભટકાવવાનો છે. પાકિસ્તાને ફરી એકવાર ચીનના અરુણાચલ પ્રદેશ પરના દાવાને ખુલ્લેઆમ સમર્થન આપ્યું. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા તાહિર અંદ્રાબીએ 5 ડિસેમ્બરે એક પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, 'ચીનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા સંબંધિત દરેક મુદ્દા પર પાકિસ્તાનનો સતત અને સંપૂર્ણ ટેકો ચીન સાથે છે.' અરુણાચલ પ્રદેશ પર ચીનના વિદેશ મંત્રાલય દ્વારા આપવામાં આવેલા નિવેદનો અંગેના પ્રશ્ન પર અંદ્રાબીએ આ વાત કહી હતી. ચીને 25 નવેમ્બરે અરુણાચલ પ્રદેશને પોતાનો ભાગ ગણાવ્યો હતો. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે કહ્યું હતું કે ઝાંગનાન (અરુણાચલ પ્રદેશ) અમારો ભાગ છે. ચીનના આ નિવેદન પર ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે.

# ચીને જાપાની ફાઈટર જેટ્સને નિશાન બનાવ્યા : બે વાર ફાયર-રડાર લોક કર્યું, બેઈજિંગે આરોપો નકાર્યા

**ટોક્યો, તા.08**

જાપાને ચીન પર તેના ફાઈટર જેટ્સને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો છે. જાપાની સંરક્ષણ મંત્રાલય અનુસાર, આ ઘટના શનિવારની છે.



આરોપ છે કે ચીની ફાઈટર જેટ્સે ઓકિનાવા ટાપુ નજીક આંતરરાષ્ટ્રીય જળસીમામાં જાપાનની એર સેલ્ફ-ડિફેન્સ ફોર્સ (ASDF)ના વિમાનો પર બે વાર ફાયર-કંટ્રોલ રડાર લોક કર્યું.

આ તે તબક્કો છે જ્યારે કોઈ ફાઈટર જેટ તેના હથિયારોવાળા રડારને સીધા ટાર્ગેટ પર લોક કરી દે છે. ફાયર-કંટ્રોલ રડારને મિસાઈલ છોડતા બરાબર પહેલાં લોક કરવામાં આવે છે.

જાપાને આ ઘટના પર ચીન સામે સખત વિરોધ નોંધાવ્યો છે. પીએમ સાને તકાઈચીએ તેને ખતરનાક ગણાવતા ચીન પાસેથી કડક કાર્યવાહીની માગ કરી છે. સાથે ભવિષ્યમાં આવી ઘટનાને રોકવા માટે કહ્યું છે. જોકે, ચીને જાપાનના આરોપોને નકારી કાઢ્યા છે. ચીની સેના (PLA)એ આ ઘટના માટે જાપાનને જવાબદાર ઠેરવ્યું છે. PLAએ કહ્યું છે કે જાપાની વિમાનોએ ચીની ટ્રેનિંગ એરિયામાં વારંવાર ઘૂસણખોરી કરી. આનાથી અભ્યાસમાં અવરોધ આવ્યો અને ઉડાન સુરક્ષાને ખતરો પેદા થયો. ઘટના સમયે ચીની કેરિયર અને ત્રણ મિસાઈલ ડિસ્ટ્રોયર અભ્યાસ કરી રહ્યા હતા. આ દરમિયાન જાપાને સંભવિત હવાઈ સીમા ઉલ્લંઘનને રોકવા માટે F-15 વિમાનોને તહેનાત કર્યા હતા. જવાબમાં ચીની J-15 ફાઈટર જેટ્સે લિયાઓનિંગ એરક્રાફ્ટ કેરિયર પરથી ઉડાન ભરીને ASDFના F-15 વિમાનોને રડારથી નિશાન બનાવ્યા. જાપાનના સંરક્ષણ પ્રધાન શિન્જીરો કોઈઝુમીના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં કોઈ વિમાનને નુકસાન થયું નથી. ચીન અને જાપાન વચ્ચે ગયા મહિને તાઈવાનને લઈને જાપાનના પીએમ સાને તાકાઈચીના નિવેદન બાદ તણાવ વધી ગયો હતો. ખરેખર, તાકાઈચીએ 7 નવેમ્બરે કહ્યું હતું કે જો ચીન તાઈવાન પર હુમલો કરશે તો જાપાન મદદ માટે પોતાની સેના મોકલશે. ચીને આ નિવેદનને અત્યંત બેજવાબદાર અને ઉશ્કેરણીજનક ગણાવ્યું. તેના બીજા જ દિવસે વિવાદ વધુ વકર્યો જ્યારે જાપાનમાં ચીનના કાઉન્સલ જનરલ શુએ જિયાને X પર લખ્યું કે તેઓ આ મામલે દખલ કરનારનું ગળું કાપી નાખશે. ત્યારબાદ બંને દેશોએ એકબીજાના રાજદૂતોને બોલાવ્યા. ચીને પોતાના નાગરિકોને જાપાન ન જવા માટે ચેતવણી આપી છે અને કહ્યું છે કે ત્યાં જવાથી તેમને ખતરાનો સામનો કરવો પડી શકે છે.

# ઝેલેન્સ્કીની યુરોપિયન નેતાઓ સાથે ગુપ્ત બેઠક : યુક્રેનની સુરક્ષા ગેરંટી પર ચર્ચા કરશે; યુરોપિયન નેતાઓ ટ્રમ્પના પીસ પ્લાન પર સહમત નથી...

**કિવ/ મોસ્કો, તા.08**

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કી આજે લંડનમાં બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરને મળશે. કિવ ઈન્ડિપેન્ડન્ટ અનુસાર, આ બેઠકમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને જર્મનીના ચાન્સેલર ફેડરિક મર્ટ્ઝ પણ સામેલ થશે.

આ બેઠકની યજમાની બ્રિટિશ PM સ્ટાર્મર કરી રહ્યા છે. આ બેઠક બંધ રૂમમાં યોજાશે. આ ચારેય નેતાઓ યુક્રેનની સુરક્ષા ગેરંટી અને અમેરિકાના નેતૃત્વ હેઠળની શાંતિ યોજના પર ચર્ચા કરશે.

યુરોપિયન નેતાઓનું કહેવું છે કે આ યોજનામાં યુક્રેનને જમીન છોડવા માટે મજબૂર કરી શકાય છે. યુરોપિયન દેશોને ડર છે કે આ યોજનાથી રશિયાને વધુ ફાયદો થશે અને ભવિષ્યમાં રશિયા ફરી હુમલો કરી શકે છે.

ઝેલેન્સ્કી અને યુરોપિયન નેતાઓ અમેરિકી પ્લાનમાં મોટા ફેરફારો કરાવવાની રણનીતિ બનાવશે. મીડિયા રિપોર્ટ અનુસાર, સૈન્ય ગેરંટી અને ભવિષ્યમાં રશિયાના હુમલા રોકવા માટેના નક્કર ઉપાયો પર ભાર મૂકવામાં આવશે.

બ્રિટનના મંત્રી પેટ મેકફેડને બેઠક અંગે કહ્યું હતું કે અમને કાગળ પર શાંતિ નહીં, જમીન પર શાંતિ જોઈએ છે. યુરોપનો પોતાનો કાઉન્ટર-પ્લાન આવવાની પૂરી સંભાવના છે.

તેમણે આગળ કહ્યું- યુદ્ધનું ત્રીજું વર્ષ ચાલી રહ્યું છે અને આજનો દિવસ નક્કી કરશે કે 2026માં યુક્રેનનો નકશો કેવો હશે.

અમેરિકાએ 21 નવેમ્બરના રોજ 28 મુદ્દાનો પ્રથમ શાંતિ પ્લાન રજૂ કર્યો હતો. પ્લાન મુજબ યુક્રેનને પોતાનો લગભગ 20% હિસ્સો રશિયાને આપવો પડશે. આમાં પૂર્વી યુક્રેનનો ડોનબાસનો વિસ્તાર શામેલ છે. યુક્રેન માત્ર 6 લાખ સૈનિકોવાળી સેના જ રાખી શકશે.

નાટોમાં યુક્રેનની એન્ટ્રી નહીં થાય. નાટો સેનાઓ યુક્રેનમાં નહીં રહે. પ્લાનમાં કહેવામાં આવ્યું છે કે રશિયા દ્વારા શાંતિ પ્રસ્તાવોને માનવા પર તેના પર લાગેલા તમામ પ્રતિબંધોને હટાવી દેવામાં આવશે. આ સાથે જ યુરોપમાં જપ્ત કરાયેલી લગભગ 2000 કરોડ રૂપિયાની સંપત્તિ પણ ડીફ્રીઝ થશે.

બ્રિટનના પીએમ કીર સ્ટાર્મર, ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોં અને જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ટ્ઝે શુક્રવારે કહ્યું કે તેમનો દેશ યુક્રેનની સાથે છે.

અમેરિકાના શાંતિ પ્લાનમાં યુક્રેનિયન સુરક્ષા ગેરંટીનો ઉલ્લેખ છે, પરંતુ સાથે જ યુક્રેન પાસેથી જમીન છોડાવવા, સેનાની સંખ્યા ઘટાડવા અને નાટોને યુક્રેનમાં સૈનિકો મોકલતા રોકવાની પણ



માંગ કરવામાં આવી છે.

યુરોપે તેને રશિયા માટે ફાયદાકારક ગણાવીને ફગાવી દીધો અને 23 નવેમ્બરે જિનીવામાં પોતાનો 19 મુદ્દાનો કાઉન્ટર-પ્લાન બનાવ્યો. આ યોજના હવે 20 મુદ્દાની થઈ ગઈ છે.

ટ્રમ્પે આના પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે ઝેલેન્સ્કીએ હજુ સુધી અમેરિકાનો પ્લાન સંપૂર્ણપણે વાંચ્યો નથી.

ટ્રમ્પે કહ્યું - "રશિયા તો માની રહ્યું છે, પણ ઝેલેન્સ્કી નહીં." ત્યારબાદ ટ્રમ્પે 7 ડિસેમ્બરે કહ્યું કે "ઝેલેન્સ્કીના લોકો તો પ્લાનને પસંદ કરી રહ્યા છે, રશિયા પણ માની રહ્યું છે, પણ ઝેલેન્સ્કી તૈયાર લાગી રહ્યા નથી.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકૉફ અને જમાઈ જેરેડ કુશનર 2 ડિસેમ્બરે રશિયા ગયા હતા, ત્યાં પુતિન સાથે 5 કલાક વાત કરી.

ત્યારબાદ યુક્રેનિયન અને અમેરિકી અધિકારીઓ વચ્ચે ફ્લોરિડાના મિયામીમાં વાતચીત થઈ.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દૂત અને સલાહકાર સ્ટીવ વિટકૉફ અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર પણ તેમાં સામેલ છે.

ઝેલેન્સ્કીએ કહ્યું કે તેમણે વિટકૉફ અને કુશનર સાથે ફોન પર વાતચીત કરી. ઝેલેન્સ્કીએ વાતચીતને સકારાત્મક ગણાવી.

બંને પક્ષોએ સુરક્ષા ગેરંટીના માળખા પર સહમતિ દર્શાવી, પરંતુ કોઈ નક્કર સમજૂતી હજુ થઈ નથી. ઝેલેન્સ્કીએ કહ્યું, "ખરી શાંતિ ત્યારે જ થશે, જ્યારે રશિયા ગંભીરતા બતાવશે."

અમેરિકા ઈચ્છે છે કે યુક્રેન પૂર્વીય વિસ્તારો (દોનેત્સ્ક-લુહાંસ્ક) માંથી પોતાની સેના હટાવી લે અને ઝાપોરિઝ્ઝિયા ન્યુક્લિયર પ્લાન્ટ રશિયાને સોંપી દે.

યુરોપ કહી રહ્યું છે કે 'જો આવું થયું તો રશિયા 5-10 વર્ષ પછી ફરી હુમલો કરશે.' યુરોપને ડર છે કે આ યોજના રશિયાને ફાયદો પહોંચાડતા યુક્રેનને નબળું પાડશે, જેની અસર સમગ્ર ખંડની સુરક્ષા પર પડશે.

મેક્રોને રશિયન હુમલાઓની સખત નિંદા કરી અને કહ્યું, 'રશિયા શાંતિ નથી ઈચ્છતું, તે સતત ઉશ્કેરણીજનક કાર્યવાહી કરી રહ્યું છે. આપણે રશિયા પર વધુ દબાણ લાવવું પડશે, જેથી તે શાંતિ માટે મજબૂર થાય.' મેક્રોને ઝેલેન્સ્કી સાથે ફોન પર વાત કરીને એકતા વ્યક્ત કરી.

બ્રિટિશ વડાપ્રધાન સ્ટાર્મરે કહ્યું કે યુક્રેન પોતાનું ભવિષ્ય પોતે નક્કી કરશે અને શાંતિ સેના યુક્રેનની સુરક્ષાની ગેરંટી આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. રશિયન રાષ્ટ્રપતિ પુતિને પહેલા જ કહી દીધું છે કે યુક્રેનમાં તૈનાત કોઈપણ વિદેશી સૈનિક હુમલાનો શિકાર બની શકે છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ચેતવણી આપી હતી કે અમેરિકા, યુક્રેનને દગો આપી શકે છે. જર્મન અખબાર ડેર શ્પીગલ અનુસાર 1 ડિસેમ્બરે યુરોપિયન નેતાઓની એક સિક્રેટ વીડિયો કોલ લીક થઈ ગઈ હતી.

આમાં જર્મનીના ચાન્સેલર ફેડરિક મર્ટ્ઝ, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં, ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબ, નાટોના મહાસચિવ માર્ક રૂટે, પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્ક, ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કી શામેલ હતા.

આ દરમિયાન મેક્રોંએ શંકા વ્યક્ત કરી હતી કે અમેરિકા મજબૂત સુરક્ષા ગેરંટી આપ્યા વિના યુક્રેનને પ્રદેશ છોડવા માટે મજબૂર કરી શકે છે. આ કોલનું રેકોર્ડિંગ અખબાર પાસે પહોંચ્યું હતું.

નેતાઓએ સ્પષ્ટપણે કહ્યું કે તેમને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના બે ખાસ લોકો, અમેરિકી રાજદૂત સ્ટીવ વિટકૉફ અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર પર જરા પણ ભરોસો નથી.

જર્મનીના ચાન્સેલર મર્ઝે ઝેલેન્સ્કીને કહ્યું, 'આવનારા દિવસોમાં ખૂબ સાવચેત રહો, તમારી સાથે અને અમારી સાથે રમત રમાઈ રહી છે.' ફિનલેન્ડના રાષ્ટ્રપતિ સ્ટબ અને નાટો ચીફ રૂટેએ પણ આ જ વાતનું પુનરાવર્તન કર્યું કે ઝેલેન્સ્કીને આ બંને અમેરિકનો સાથે એકલા છોડી શકાય નહીં.

# પાકિસ્તાન 2 યૌન અપરાધીઓને બ્રિટનથી બોલાવવા તૈયાર : આ 47 સગીર છોકરીઓના શોષણમાં સામેલ, 2 રાજકીય વિરોધીઓને પણ સોંપવાની શરત

**લંડન, તા.08**

પાકિસ્તાને બ્રિટનને કહ્યું છે કે તે પોતાના દેશના યૌન અપરાધીઓને પાછા લેવા તૈયાર છે, શરત એ છે કે બ્રિટને પાકિસ્તાનના બે મુખ્ય રાજકીય વિરોધીઓને પણ સોંપવા પડશે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાન જે અપરાધીઓને પાછા લેવાની વાત કરી રહ્યું છે, તે 47 સગીર છોકરીઓનું યૌન શોષણ કરનારી રોચડેલ ગ્રૂમિંગ ગેંગના દોષિત કારી અબ્દુલ રઉફ અને આદિલ ખાન છે.

પાકિસ્તાન જે બે રાજકીય વિરોધીઓને પાછા સોંપવાની માગ કરી રહ્યું છે તેમના નામ શહેઝાદ અકબર અને આદિલ રાજા છે. આ બંને ઘણા વર્ષોથી બ્રિટનમાં રહી રહ્યા છે. તેઓ ઈમરાન ખાનના સમર્થક માનવામાં આવે છે અને પાકિસ્તાનની વર્તમાન સરકાર પર સતત સવાલો ઉઠાવે છે.

બ્રિટન લાંબા સમયથી આ યૌન અપરાધીઓને પાકિસ્તાન મોકલવા માગતું હતું, પરંતુ પાકિસ્તાન ના પાડતું રહ્યું. કારણ એ હતું કે આ લોકોએ પોતાની પાકિસ્તાની નાગરિકતા છોડવાનો પ્રયાસ કર્યો હતો, જેથી તેમને પાછા મોકલી શકાય નહીં.

હવે પાકિસ્તાન આ અવરોધ દૂર કરવા માટે તૈયાર છે. આ જ કારણ છે કે આ સમગ્ર મામલાને 'લેણદેણવાળી ડીલ' કહેવામાં આવી રહ્યું છે. જોકે, હજુ સુધી પાકિસ્તાન કે બ્રિટનમાંથી કોઈએ પણ આ અંગે સત્તાવાર રીતે નિવેદન આપ્યું નથી.

માનવાધિકાર સંગઠનોએ આ સમાચાર પર સખત પ્રતિક્રિયા આપી છે. તેમનું કહેવું છે કે પાકિસ્તાન આ રીતે વિદેશમાં બેઠેલા ટીકાકારોને ડરાવવાનો અને ચૂપ કરાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. કેટલાક લોકો કહી રહ્યા છે કે પાકિસ્તાને હવે ગ્રૂમિંગ ગેંગના દોષિતોને પણ રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરવાનું શરૂ કરી દીધું છે. બ્રિટનમાં પણ આ મામલો ઘણો સંવેદનશીલ છે, કારણ કે ત્યાંના લોકોમાં પહેલેથી જ નારાજગી છે કે આ ગુનેગારોને



હજુ સુધી દેશમાંથી બહાર મોકલવામાં આવ્યા નથી.

વર્ષ 2022માં એક રિપોર્ટ જાહેર થયો હતો. તેમાં જણાવાયું હતું કે ઈંગ્લેન્ડના રોધરહેમ, કોર્નવોલ, ડર્બીશાયર, રોશડેલ અને બ્રિસ્ટલ શહેરોમાં વર્ષ 1997થી 2013ની વચ્ચે ઓછામાં ઓછી 1400 સગીર છોકરીઓ યૌન શોષણનો શિકાર બની હતી. આરોપીઓમાં સૌથી વધુ પાકિસ્તાની મૂળના લોકો હતા.

મોટાભાગની છોકરીઓને એક સંગઠિત ગેંગે લલચાવીને શિકાર બનાવી અને તેમની તસ્કરી કરી દેવામાં આવી હતી. સૌથી પહેલો મામલો રોધરહેમ શહેરનો હતો. ત્યારબાદ તપાસ કરતા ઉત્તર ઈંગ્લેન્ડના ઘણા શહેરોમાં આવા જ વધુ મામલાઓ સામે આવ્યા.

ટેસ્લાના માલિક ઈલોન મસ્કે જાન્યુઆરી, 2025માં ગ્રૂમિંગ ગેંગના કારણે બ્રિટન સરકારની ટીકા કરી હતી. ત્યારબાદ સરકારે બ્રિટિશ સહકર્મી અને નિષ્ણાત બેરોનેસ લુઈસ કેસીને આ મામલે એક ડેટા રિપોર્ટ તૈયાર કરવા જણાવ્યું.

આ રેપિડ ઓડિટમાં ગ્રૂમિંગ ગેંગના ગુનાઓ અને તેમના ઈતિહાસનો અભ્યાસ કરવામાં આવ્યો. જૂનમાં આ રિપોર્ટ સામે આવ્યો, જેમાં જાણવા મળ્યું કે છેલ્લા એક દાયકાથી વધુ સમયથી સરકાર પાસે ગુનેગારોની જાતિ અને રાષ્ટ્રીયતા સંબંધિત વધુ માહિતી ઉપલબ્ધ ન હતી. આને સરકારની મોટી નિષ્ફળતા માનવામાં આવી.

આ સાથે તેમાં 12 ભલામણો આપવામાં આવી, જેમાં એક રાષ્ટ્રીય તપાસનો સમાવેશ થાય છે. રિપોર્ટના આધારે પીએમ કીર સ્ટારમરે જૂનમાં રાષ્ટ્રીય તપાસ શરૂ કરી હતી.

બ્રિટનમાં ગ્રૂમિંગ ગેંગ્સનો અર્થ એવા લોકોના સમૂહથી છે જે બાળકોનું શારીરિક, માનસિક અને જાતીય શોષણ કરે છે. આમાં મોટાભાગે ઓછી ઉંમરની છોકરીઓ હોય છે. આ લોકો તેમને પોતાની વાતોમાં ફસાવે છે, તેમને વિશ્વાસ અપાવે છે કે તેઓ તેમના મિત્રો છે. જ્યારે બાળકો તેમના પર વિશ્વાસ કરવા લાગે છે ત્યારે તેમના પર દબાણ કરીને, ડરાવી-ધમકાવીને કાબૂમાં રાખે છે અને તેમનો ફાયદો ઉઠાવે છે.

આ છોકરીઓને પાર્ટીઓમાં લઈ જવામાં આવે છે, દારૂ અને ડ્રગ્સ આપવામાં આવે છે. પછી તેમને ઘણા લોકો સાથે સંબંધ બાંધવા માટે મજબૂર કરવામાં આવે છે. આ છોકરીઓ સમજી જ નથી શકતી કે તેમનું યૌન શોષણ થઈ રહ્યું છે. આમાંથી ઘણી છોકરીઓ માનવ તસ્કરીનો પણ શિકાર બની.

આમાંથી ઘણી છોકરીઓ ગર્ભવતી થઈ અને તેમને ગર્ભપાત કરાવવો પડ્યો. ઘણી છોકરીઓએ પોતાના બાળકોને જન્મ આપ્યો, પરંતુ તેઓ તેમના પિતાનું નામ પણ જાણતી ન હતી.

# બાંગ્લાદેશમાં હિંદુ પતિ-પત્નીની હત્યા, ગળું કાપી નાખ્યું : હજી સુધી FIR અને ધરપકડ નહીં, દંપતીના બે પુત્રો પોલીસમાં કરે છે કામ....

**ઢાકા, તા.08**

બાંગ્લાદેશના રંગપુર જિલ્લામાં 1971ના સ્વતંત્રતા સંગ્રામના સેનાની, 75 વર્ષીય યોગેશ ચંદ્ર રાય અને તેમની પત્ની સુવર્ણા રાયની ઘરમાં ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી. બંનેના મૃતદેહ રવિવારે સવારે તેમના ઘરેથી મળી આવ્યા હતા. હજુ સુધી કોઈ FIR નોંધાઈ નથી કે કોઈ ધરપકડ થઈ નથી.

રવિવારે સવારે લગભગ 7.30 વાગ્યે પડોશીઓ અને ઘરકામ કરનારીએ ઘણી વાર દરવાજો ખખડાવ્યો, પરંતુ કોઈ જવાબ મળ્યો નહીં. ત્યારબાદ તેઓ સીડી લગાવીને ઘરની અંદર પહોંચ્યા. અંદર સુવર્ણા રાયનો મૃતદેહ રસોડામાં અને યોગેશ રાયનો મૃતદેહ ડાઈનિંગ રૂમમાં પડેલો મળ્યો. બંનેના ગળા કપાયેલા હતા. પોલીસનું કહેવું છે કે હુમલો મોડી રાત્રે લગભગ 1 વાગ્યે થયો હતો. દંપતી ગામના ઘરમાં એકલા રહેતા હતા. તેમના બે પુત્રો શોવેન ચંદ્ર રાય અને રાજેશ ખન્ના ચંદ્ર રાય બાંગ્લાદેશ પોલીસમાં નોકરી કરે છે. ફોરેન્સિક ટીમે તપાસ શરૂ



કરી દીધી છે, પરંતુ હત્યાનું કારણ સ્પષ્ટ નથી. પોલીસે જણાવ્યું કે પરિવારનો કોઈ જૂનો વિવાદ પણ મળ્યો નથી. રવિવારે બપોરે 2 વાગ્યા સુધી કોઈ કેસ નોંધવામાં આવ્યો ન હતો.

સ્થાનિક સ્વતંત્રતા સેનાની સંગઠન અને સમુદાય હત્યાથી ગુસ્સે છે. લોકો હત્યારાઓની તાત્કાલિક ધરપકડ ન થવા પર પ્રદર્શનની ચેતવણી આપી રહ્યા છે.

આ હત્યા એવા સમયે થઈ છે જ્યારે બાંગ્લાદેશમાં વચગાળાના સરકારના વડા મોહમ્મદ યુનુસના કાર્યકાળમાં લઘુમતીઓ, ખાસ કરીને હિંદુઓ પર હુમલાની ઘટનાઓ વધવાની ફરિયાદો થઈ રહી છે. બાંગ્લાદેશમાં 19 એપ્રિલ, 2025ના રોજ અજાણ્યા લોકોએ એક મોટા હિંદુ નેતાની હત્યા કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભાવેશ ચંદ્ર રોય (ઉં.વ.58)નું તેમના ઘરેથી અપહરણ કરવામાં આવ્યું હતું અને તેમને ઢોર માર મારીને મારી નાખવામાં આવ્યા હતા.

તેઓ બાંગ્લાદેશ પૂજા ઉદ્યાપન પરિષદના બીરલ યુનિટના ઉપાધ્યક્ષ હતા. હિંદુ સમુદાયમાં તેમની મોટી પકડ હતી. પોલીસે જણાવ્યું કે તેઓ ઢાકાથી 330 કિમી દૂર દિનાજપુરના બસુદેવપુર ગામના રહેવાસી હતા.

બે બાઈક પર સવાર થઈને ચાર લોકો ભાવેશના ઘરે આવ્યા અને તેમને બળજબરીથી ઉપાડી ગયા. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, તેમને નજીકના નરાબારી ગામમાં લઈ જવામાં આવ્યા અને ત્યાં નિર્દયતાથી માર મારવામાં આવ્યો.

તે જ સાંજે જ હુમલાખોરોએ ભાવેશને બેભાન હાલતમાં વેનમાંથી તેમના ઘરે મોકલી આપ્યો. પહેલા તેમને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, પછી દિનાજપુર મેડિકલ કોલેજ મોકલવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

તંત્રી લેખ

# 'વંદે માતરમ' લખનારા બંકિમચંદ્રને કેમ વીસરી મમતા સરકાર

'પશ્ચિમ બંગાળમાં જ્યારે ડાબેરીઓની સરકાર હતી અને બુદ્ધદેવ ભટ્ટાચાર્ય મુખ્યમંત્રી હતા, ત્યારે તે મકાનને લાયબ્રેરી બનાવી દેવામાં આવ્યું હતું. ત્યારે તેનું સમારકામ પણ કરવામાં આવ્યું હતું અને લાયબ્રેરી પણ નિયમિત ચાલતી હતી. મમતા સરકાર આવ્યા પછી હાલત વધુ ખરાબ થઈ ગઈ છે. લાયબ્રેરી બંધ પડી છે. અમે આજ સુધી ત્યાં જ્યારે પણ ગયા, ત્યારે બંધ જ મળી. આ સરકારમાં ન અમને કોઈ પૂછનારું છે અને ન અમારી વિરાસતને.' રાષ્ટ્રગીત 'વંદે માતરમ્' લખનાર બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાયની પાંચમી પેઢીમાંથી આવતા સજલ ચટ્ટોપાધ્યાય સરકારની ઉદાસીનતાથી નારાજ છે. તેઓ કોલકાતામાં આવેલા બંકિમ ચંદ્રના ઘરની જર્જરિત હાલત માટે રાજ્ય સરકારને જવાબદાર ઠેરવે છે. તેમનું કહેવું છે કે જે મકાનને ધરોહર માનીને લીધું, તેને તેના હાલ પર છોડી દેવામાં આવ્યું. 7 નવેમ્બરના રોજ વંદે માતરમ્ ગીતને 150 વર્ષ પૂરા થવા પર BJPએ દેશભરમાં કાર્યક્રમો કર્યા હતા. આ દરમિયાન કોલકાતામાં બંકિમ ચંદ્રના લાયબ્રેરી બની ગયેલા મકાનની જાળવણીનો મામલો પણ ઉછળ્યો હતો. હવે 8 ડિસેમ્બર એટલે કે આજે સંસદના બંને ગૃહોમાં વંદે માતરમ્ પર વિશેષ ચર્ચા થવાની છે.

કોલકાતામાં બંકિમ ચંદ્રના મકાનની જાળી પર પડોશીઓના કપડાં સૂકાતા જોવા મળી રહ્યા છે. કોલકાતામાં બંકિમ ચંદ્રના મકાનની જાળી પર પડોશીઓના કપડાં સૂકાતા જોવા મળી રહ્યા છે. કોલકાતામાં 5-પ્રતાપ ચેટર્જી સ્ટ્રીટ પર આવેલા બંકિમ ચંદ્રના ઘરે પહોંચ્યું. અમે ઘરની હાલત જોઈ. સાથે જ તેમના વંશજો અને આસપાસ રહેતા લોકો સાથે વાત કરીને આખો મામલો સમજ્યો. સૌથી પહેલા અમે કોલકાતામાં બંકિમ ચંદ્રના મકાન પહોંચ્યા, જેના જાળવણીને લઈને આખો વિવાદ છે. રસ્તાની એક તરફ મેડિકલ કોલેજ અને બીજી તરફ ગલી છે. પશ્ચિમ બંગાળમાં રહેલી ડાબેરી સરકારે મકાનનું અધિગ્રહણ કરી લીધું હતું. તેને લાયબ્રેરીમાં તબદીલ કરીને 2006માં શુભારંભ પણ કરી દેવામાં આવ્યો હતો. તેની બહાર લાગેલા બોર્ડમાં લખ્યું છે- 'સાહિત્ય સમ્રાટ સ્મૃતિ લાયબ્રેરી' પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા સંચાલિત. રવિવાર હોવાને કારણે અમને લાયબ્રેરી બંધ મળી. સ્વચ્છતા પણ ન દેખાઈ. ગેટની બહાર કચરાનો ઢગલો હતો. ગેટ પર જ અમારી મુલાકાત પાસે રહેતા ધર્મેન્દ્ર યાદવ સાથે થઈ. તેઓ જણાવે છે કે આ ગલીમાં બંગાળી અને બિહારી બંને રહે છે. લાયબ્રેરીની સાથે જ આસપાસની બિલ્ડિંગ ઘણી જૂની અને જર્જરિત થઈ ગઈ છે. લાયબ્રેરીની હાલત વિશે પૂછતાં ધર્મેન્દ્ર કહે છે, 'અહીં સ્વચ્છતાની હાલત તમે પોતે જ જોઈ લો. સોમવારથી શનિવાર સુધી એક વ્યક્તિ આવીને લાયબ્રેરી ખોલી દે છે. જોકે, વધારે કોઈ આવતું-જતું નથી. બહારની હાલત જોઈને જ સમજાય છે કે અંદર શું હાલ હશે. સરકાર તરફથી તો કોઈ આવતું નથી, પરંતુ આસપાસના લોકો તેને જરૂર પડ્યે સાફ કરી દે છે.' આને લઈને થઈ રહેલી રાજનીતિ વિશે પૂછતાં ધર્મેન્દ્ર કહે છે, 'હા, 'વંદે માતરમ્'ને 150 વર્ષ પૂરા થવા પર થોડા દિવસ પહેલા BJPએ અહીં કાર્યક્રમ રાખ્યો હતો. તેમાં વિપક્ષના નેતા શુભેન્દુ અધિકારી આવ્યા હતા. તે દિવસે તેમને લાયબ્રેરીનો ગેટ ખોલવા દેવામાં આવ્યો ન હતો.' અમે આગળ વધ્યા તો ગલીમાં અમને કાર્યક્રમ માટે લગાવેલા BJPના ઝંડા હજી પણ લાગેલા દેખાયા.

# અમદાવાદમાં સાબરમતી નદીના તટે 'પ્રમુખ વરણી અમૃત મહોત્સવ'ની ભવ્ય ઉજવણી

**અમદાવાદ, તા. 08**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વડા તરીકે પ્રમુખસ્વામી મહારાજની વરણીને ૭૫ વર્ષ પૂરા થવા નિમિત્તે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પર પ્રમુખ વરણી અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આ ભવ્ય અને દિવ્ય સમારોહ યોજાયો હતો. આ અવસરે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું કે, પ્રમુખસ્વામી મહારાજના ગુણોમાંથી જીવનનો સાર કાઢી શકાય અને જીવનને ઉપયોગી વાતો અપનાવી શકાય એમ છે. તેમણે ઉમેર્યું કે સાબરમતી નદીના કિનારે પણ પ્રમુખ સ્વામીના જીવનના ૭૫ ગુણો નૌકાઓના માધ્યમથી પ્રદર્શિત કરાયા છે, જે લોકોને જીવન જીવવાનો રસ્તો પ્રદર્શિત કરવાનું કામ કરે છે. પ્રમુખસ્વામી મહારાજના જીવન અને યોગદાનની દ્રષ્ટિએ જોઈએ તો, તેમણે એક તરફ તો આધ્યાત્મ અને વૈષ્ણવ દર્શનને વ્યાપક બનાવ્યું અને વ્યાપક બનાવવા કરતાં પણ વધુ મોટું કાર્ય તેને વ્યવહારુ બનાવવાનું કર્યું. તેમણે ભક્તિ અને સેવા બંનેને એકબીજા સાથે જોડીને, 'નરમાં જ નારાયણના દર્શન કરવાના' આપણા વેદ વાક્યને કશું જ બોલ્યા વગર ચરિતાર્થ કરવાનું કામ કર્યું છે.

શ્રી શાહે કહ્યું કે, પ્રમુખસ્વામી મહારાજે કરુણાના માધ્યમથી બીજા જીવનો ઉદ્ધાર કરવાની આપણી વર્ષો જૂની ઋષિ સંસ્કૃતિને પ્રસારીને ન કેવળ સ્વામિનારાયણ સંપ્રદાય, પરંતુ સમગ્ર સનાતન ધર્મ માટે બહુ મોટું કામ કર્યું છે. સનાતન ધર્મના અનેક સંપ્રદાયોમાં સંતનું તત્વ સંચિત કરવાનું કામ તેમણે કોઈ ઉપદેશ આપ્યા વગર કર્યું અને સંત સમાજની સન્યાસ વ્યવસ્થાને સુદ્રઢ કરી. શ્રી શાહે કહ્યું કે, ધીરે ધીરે સમાજમાં ભાગવત શ્રદ્ધા ઘટતી જતી હતી, ત્યારે પ્રમુખસ્વામી મહારાજ અને તેમના હજારો સંતોએ પોતાના આચરણથી સનાતન ધર્મ માટે સંદેશ ફેલાવીને એ શ્રદ્ધાને પુનઃસ્થાપિત કરી છે. તેમણે આગળ જણાવ્યું કે, સનાતન ધર્મે આટલા હજારો વર્ષોની યાત્રામાં અનેક સંકટોનો સામનો કર્યો. આઝાદી પછી સમાજમાં સંતો અને સંસ્થાઓમાં લોકોની શ્રદ્ધા ઘટવી એ સૌથી મોટું સંકટ હતું. આ સંકટમાંથી બહાર આવવા માટે, પ્રમુખસ્વામી મહારાજે એક પણ ઉપદેશનો શબ્દ કહ્યા વગર, પોતે અને પોતાના અનુયાયી સંતો દ્વારા આચરણ કરીને સુંદર રસ્તો શોધી કાઢ્યો, જે આજે સૌ સનાતન ધર્મના સંન્યાસીઓ માટે માર્ગદર્શન બન્યો છે. શ્રી શાહે સાબરમતી નદીના કિનારાને સંતોના સમર્પણનો સાક્ષી ગણાવ્યો. તેમણે દધીચિ ઋષિનું ઉદાહરણ આપ્યું અને કહ્યું કે આ જ સાબરમતીના કિનારેથી મહાત્મા ગાંધીએ સત્યાગ્રહના શસ્ત્રથી દેશને આઝાદી અપાવી. તેમણે કહ્યું કે, આ જ અમદાવાદમાં આમલીવાળી પોળમાં પ્રમુખસ્વામી મહારાજે પ્રમુખ પદની સેવાનો સ્વીકાર કર્યો અને ૧૯૫૦ થી ૨૦૧૬ સુધી તેમણે કરેલા બધા જ કામો આજે સમગ્ર દેશના સૌ સંપ્રદાયો માટે ઉદાહરણરૂપ બન્યા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આજના કાર્યક્રમથી આમલીવાળી પોળ ન કેવળ ગુજરાત કે ભારત, પરંતુ સમગ્ર વિશ્વ માટે મુલાકાતનું એક અવિસ્મરણીય સ્થાન બનશે. તેમણે ઉમેર્યું કે, સ્વામિનારાયણ સંપ્રદાયની વિશેષતા એ છે કે આ કાર્યક્રમની રચના સંપ્રદાયના ગુણગાન માટે નથી, પરંતુ સમાજના શિક્ષણ માટે છે, સમાજની અંદર અનેક પ્રકારના દુષણો ઘટાડવા માટે છે. સંતનું જીવન કેવું હોય અને સંત જીવનમાંથી શું શીખવું, એનો બહુ મોટો પાઠ આ કાર્યક્રમ બનવાનો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આ સમારોહમાંથી લોકો જશે ત્યારે સેવકોની સેવા નિષ્ઠાના ગુણો લઈને જશે.

# સત્યનું પહેલું પ્રમાણ સ્ફૂર્તિ છે! અને ઉંમર ગમે તે હોય પણ સત્યવ્રતીમાં તરવરાટ અને તેજ હોય!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે સનાતન ધર્મ પર સારી ખરાબ ખૂબ ટિપ્પણી થાય છે, અને છતાં સીધાં સાદાં શબ્દોમાં લખાયેલું ચિંતન વધુને વધુ લોકપ્રિયતા પ્રાપ્ત કરી રહ્યું છે. હમણાં હમણાંથી ખૂબ બધાં પ્રતિભાવો આવે છે, અને લોકો પોતાનો અહોભાવ જુદીજુદી રીતે વ્યક્ત કરે છે. જીવ સહજ રાજી તો થવાય, પરંતુ ચિંતન એ કોઈ પ્રસાર, પ્રચાર, કે પ્રભાવ, માટે નથી એ તો પ્રકાશ માટે છે, અને લોકો શુભને પરખી રહ્યાં છે, એનો આનંદ પણ થાય. બીજી રીતે જોઈએ તો શબ્દને આપણે ત્યાં બ્રહ્મ કહેવાય છે, તો એ રીતે લોકો શબ્દાનુભૂતિથી બ્રહ્મને પામી રહ્યાં છે, અને એનો આનંદ એને પ્રતિભાવ આપવા માટે કહે છે. શબ્દ અમર છે, અજર છે, અને આકાશનું સંતાન કહેવાયું છે. દ્રષ્ટિને હંસની જેમ શુભ ચણવાનું આવડી જાય, તો પછી કોઈ પ્રશ્ન રહેતો નથી. નદીના સામે કાંઠે જવું હોય તો નદીમાં ડૂબકી મારવી જ પડે! રામ, કૃષ્ણ, અને શંકરનાં, અસ્તિત્વને કાલ્પનિક માનવાવાળા લોકો પણ સમાજમાં છે, અને એ આજની પેઢીને ગુમરાહ કરી રહ્યા છે,કે અમને ઈશ્વર નામે કોઈ ઠોસ સબૂત કે અનૂભૂતિ જોઈએ છે. તો હિન્દુ સનાતન ધર્મમાં ઈશ્વર એટલે સત્ય, અને સત્ય એટલે જ ઈશ્વર! એવું વારંવાર કહેવાયું છે, અને સત્યને ત્રિપરિમાણીય રીતે જોઈએ, તો સત્ય પ્રેમ અને કરુણા એ જ તો ઈશ્વરનું મૂળ સ્વરૂપ છે. તો આજે આપણે માનવી સત્યને કઈ રીતે ઓળખી શકે, અને કંઈ રીતે એને ઈશ્વરને સમજવો સરળ પડે એ વિશે ચિંતન કરીશું!

સત્ય** સત્ય શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો સાચું એવો થાય! જ્યારે કોઈપણ માનવીનું જીવન સાચી રીતે જીવાય એટલે કે વાણી, વર્તન, અને વિચારની રીતે સત્યનું સાતત્ય સ્થપાય, જીવનની પ્રત્યેક ક્ષણે નીતિ પ્રમાણિકતા અને ઈમાનદારીથી જીવાય, તો જે તે વ્યક્તિનાં જીવનમાં આપણને સ્ફૂર્તિ દેખાય, એટલે કે સત્યનું પહેલું પ્રમાણ સ્ફૂર્તિ છે. ઉંમર ગમે તે હોય પણ એનામાં તરવરાટ અને તેજ હોય, એ હંમેશા કંઈને કંઈ કરવાં તત્પર હોય, લોકોને એનાં જીવનથી પ્રેરણા મળતી હોય. બીજું એનામાં સમજ કેળવાયેલી હોય, જીવનમાં સમયની સાથે બદલાવાની કે ચાલવાની તૈયારી હોય, સમયની સાથે સમાધાન કરવાની તૈયારી હોય, એને સહન કરવાની તૈયારી હોય, અને તેને સ્વીકારવાની પણ તૈયારી હોય, તો સમજવું ત્યાં આગળ સત્ય છે. જે તે વ્યક્તિ કે જે સત્ય નિષ્ઠ છે, એ સહજ છે, એ સમ છે. એટલે કે હર્ષ અને શોકમાં બુદ્ધિને સ્થિર રાખી શકે છે. સુખ જોઈ છળી ન પડે, અને દુઃખ જોઈ ડગી ન જાય, તો સમજવું ત્યાં સત્ય છે, અને સરળ હોય!; બિલકુલ પાણી જેમ સૌની સાથે હળીમળી જાય, અને ગમે તેટલી મોટી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હોય, છતાં એની સરળતા સામેવાળાને અભિભુત કરે, એટલે



કે અહંકાર શૂન્ય હોય! સત્યનું મુખ્ય લક્ષણ નીજી સ્વાર્થ છોડાવે અને પરમાર્થ માટે જીવે કે પછી શુભની વહેચણી કરે, અથવા તો સર્વનાં શુભ મંગલ માટે જીવે! બસ આવા લક્ષણો દેખાય એટલે સમજવું કે સત્યનિષ્ઠ છે. હવે સ્વાભાવિક રીતે જ આપણે જો સત્ય રૂપી ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો હોય, તો સત્યનિષ્ઠ બનવું પડે. એટલે કે સત્યના માર્ગે ચાલવું પડે, નીતિ, પ્રમાણિકતા, ઈમાનદારી આ બધાને જીવનનો મુખ્ય બોધ બનાવી જીવન જીવવું પડે!

આપણે સૌ આ જાણીએ જ છીએ, કે આ સત્ય છે, અને એનાં આટલાં ફાયદા છે. પણ આચરણ સો એ સો ટકા થતું નથી, અને એને કારણે મંઝિલ સુધી પહોંચી શકાતું નથી. વચ્ચે આવતા લાભ લોભનાં રમકડા રમવામાં ક્યારેક મંઝિલ છૂટી જાય છે. એટલે જ આપણે ત્યાં રામ એટલે સત્ય, અને સત્ય એટલે રામ એવું પણ કહેવાયું છે. પ્રભુ શ્રીરામ એ જીવનની પ્રત્યેક ઘડી સમાજને સત્યની શીખ આપવા માટે વિતાવી, અને એટલે એની ચરિત્ર ગાથા ગવાય છે. જેણે જેણે સત્યને નિષ્ઠા પૂર્વક નિભાવ્યું એની ગાથા પણ આજ સુધી ગવાય છે! અને બધાં જ બુદ્ધપુરુષ આપણને આ જ શીખ આપે છે કે, સત્યથી મોટો કોઈ ઈશ્વર નથી,અને પ્રકૃતિનાં રહસ્યોને સમજવા માટે ઈશ્વરથી મોટું કોઈ સત્ય નથી! એને નત મસ્તકે સ્વીકારી લેવાથી, જીવન ઘણું સરળ થઈ જાય છે. ઈશ્વર અવતારની ગાથાઓ ગાવાની આપણે ત્યાં એટલે જ પરંપરા છે, કે આપણે એના ચરિત્રમાંથી કોઈ શીખ ગ્રહણ કરીને આપણું જીવન પણ એ માર્ગે ચલાવી શકીએ, અને સત્યના એ તમામ ગુણને ઠોસ અનુભૂતિ રુપે જીવનમાં પ્રાપ્ત કરી શકીએ.

સમાજ લાખ ઈન્કાર કરે પણ મહાત્મા ગાંધીજી સત્યનિષ્ઠા હતાં, અને આપણે ઉપર સત્યનાં ગણાવ્યાં એ તમામ ગુણથી એમનું જીવન ભરેલું હતું. એટલે કે ગાંધીજીની સ્ફૂર્તિ જોઈને સૌ દંગ રહી જતાં, કારણ કે શરીર નામે હાડકાથી વધુ કંઈ નહોતું! છતાં એ કેટલા કાર્યરત રહેતા હતાં, એ કંઈ કહેવાની જરૂર નથી! એટલે કે સ્ફૂર્તિ ભારોભાર ભરી હતી. સમજદારીમાં પણ એ બે જોડ હતાં, અને કેટલા જટિલ પ્રશ્નોના નિવારણ એમના થકી થયાં, એ એમની નિકટ રહેનારાઓ જ કહી શકે! જોકે આજે તો સમાજનો એક વર્ગ એમને ગાળો પણ આપે છે. સમય સાથે સમાધાન કરવાનું એમને આવડતું હતું, સમયને સ્વીકારવાનું પણ એમને આવડતું હતું, અને સમ રહેતા પણ આવડતું હતું. એ ગમે તે પરીસ્થિતિમાં રમૂજ કરી શકતા હતાં, અને એટલે જ એ સહજ હતાં, એમ પણ કહી શકાય. એમની સરળતા વિશે તો શું કહેવું? બાળકોને પણ એટલા જ પ્રિય હતા અને વડીલોને પણ! અંગ્રેજો પણ એમનાથી અભિભૂત હતાં, બ્રિટિશ સરકારનાં હોદ્દેદારો પણ એમના સત્યને વંદન કરતા હતા. આપણે સૌ જાણીએ છીએ કે આફ્રિકામાં રંગ ભેદની નીતિથી શરૂ કરીને અંતિમ શ્વાસ સુધી એ સત્યનાં માર્ગેથી ચલિત થયા નહીં. કેટ કેટલા વિઘ્નો આવ્યા હશે! કેટ કેટલા લોભ લાલચનાં રમકડા આપવામાં આવ્યા હશે! અને મમતા એ પણ અટકાવ્યાં હશે, અને છતાં એમણે નીજી સ્વાર્થનું ક્યારેય વિચાર્યું નહીં, અને જીવનની છેલ્લી ક્ષણ સુધી જીવ્યાં,એમ કહી શકાય! અથવા તો સર્વના કલ્યાણ માટે જ મૃત્યુને પણ ગળે લગાડ્યું.

છોડી દો રામ, કૃષ્ણ શંકરની કહાની, બસ ઈશ્વરને સત્યની રીતે સ્વીકારીને નીકળી પડો! પરંતુ પ્રશ્ન ત્યાં છે કે શું કોઈને ચાલવું છે ખરું? ના! આ તો માત્ર સમાજમાં વિરોધ કરીને પણ પોતાનું અસ્તિત્વ દેખાડવાની એક વાત છે, અને અમુક વિઘ્ન સંતોષી દ્વારા આજની પેઢીને ગુમરાહ કરવાની આ એક ગંદી રમત છે, જેમાં અશોભનીય વિડિયો, ઓડિયો, કે પછી બકવાસ મેસેજથી આજના યુવાનો પ્રભાવિત થઈ, પોતાની જ સંસ્કૃતિનું અવમૂલ્યન કરે છે, અપમાન કરે છે, અને અન્ય સંસ્કૃતિ તરફ આકર્ષિત થાય છે. આપણા વેદોમાં ડીમડીમ ઘોષ કરીને ઈશ્વરે કહ્યું છે કે હું જ સત્ય છું! તું સઘળું છોડી મારી શરણમાં આવી જા! તો ઈશ્વરની અનુભૂતિ કરવાવાળા એકવાર સત્ય નિષ્ઠ બની જોવે! સત્યને ગ્રહણ કરી જોવે! સત્યનાં માર્ગે ચાલી જોવે! અને આ અનુભૂતિને પામે નહીં, તો એ કહી શકવાને લાયક છે કે, ઈશ્વર નામે કોઈ ઠોસ સબૂત છે જ નહીં! એમનું એવું કહી શકવું કોઈ કાળે શક્ય જ નથી! આપણે સૌ વેદ, ઉપનિષદ,શ્રીમદ્ ભાગવત,ભગવત ગીતા, કે રામચરિત માનસના આ સત્યને પકડીને જીવનનો મુખ્ય ઉદ્દેશ બનાવી સત્ય રૂપે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# "ઈશ્વર જ એક એવો છે, જે ગણ્યા વગર આપે છે,અને એક આપણે છીએ,જે એનું નામ પણ ગણી-ગણીને લઈએ છીએ."



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે આપણે જોઈએ તો રામાયણની કથા શિવજીએ એક કરોડ શ્લોકમાં લખી છે.એક વખત દેવો,ઋષિઓ અને મનુષ્યો શિવજી પાસે એ રામાયણની માગણી કરવા ગયા. રામાયણના શ્લોક એક કરોડ. તેના ત્રણ ભાગ કરતાં દરેક ભાગે ૩૩,૩૩,૩૩૩ શ્લોક આવ્યા. વહેંચણી કરતાં એક શ્લોક વધ્યો. તેને માટે ત્રણ વચ્ચે ઝઘડો થયો. એક પણ કોઈ જવા દેવા તૈયાર નથી.શિવજીને ઝગડો ગમતો નથી.

જ્યાં યુદ્ધ નથી,વેર નથી,સ્વાર્થ નથી,વાસના નથી, વિષમતા નથી, ત્યાં અયોધ્યા છેઅને ત્યાં જ રામ અવતાર ધારણ કરીને આવે છે. જ્યારે કૈકેયીના મનમાં વિષમતા, વાસના કે સ્વાર્થ જાગે છે, ત્યારે રામ અયોધ્યા છોડી જાય છે. બળદ અને સિંહ,ઉંદર અને સર્પ, મોર અને સર્પ વચ્ચે જન્મસિદ્ધ વેર છે.છતાં શિવજીના દરબારમાં આવ્યા પછી એ પશુઓ પણ વેર ભૂલી જાય છે અને બળદ સિંહ સાથે રહે છે.ગરુડ અને સર્પને પણ જન્મથી વેર છે,છતાં વિષ્ણુ ભગવાન પાસે વેર રહેતું નથી. શિવજીએ કહ્યું કે, શ્લોક એક છે અને લેનાર ત્રણ છે.શ્લોકમાં અક્ષરો હતા બત્રીસ,એટલે શ્લોકના અક્ષરો ગણ્યા તો બત્રીસ થયા. તેમાંથી એક એકને દસ દસ આપ્યા. આ પ્રમાણે ત્રીસ અક્ષરો જતાં બાકી રહ્યા બે અક્ષરો શિવજીએ કહ્યું કે, આ બે અક્ષરો હું રાખી લઉં છું. બધું આપ્યું પણ રામ શિવજીએ બે અક્ષર કોઈને આપ્યા નહીં.તે પ્રમાણે રામને હંમેશાં હૃદયમાં રાખજો.

ભગવાન શંકર રામાયણના આચાર્ય કહેવાય છે.શિવજી જગતને બતાવે છે કે,ઝેર પી ગયા પણ રામનામના પ્રતાપથી મને કાંઈ થયું નહીં. જીવનમાં ઝેર પીવાના અનેક પ્રસંગો આવે છે.

જ્યારે ઝેર પીવાનો પ્રસંગ આવે ત્યારે પ્રેમથી શ્રીરામશ્રીરામ બોલો સંસારમાં પણ નિંદા, વ્યાધિ વગેરે ઝેર છે. બાળવા આવે ત્યારે રામ નામનો જપ કરજો.

ભગવાન શિવ રામ નામામૃતનું નિત્ય પાન કરે છે તેથી તે શિવ છે કલ્યાણ સ્વરૂપ છે. શિવજીએ કહ્યું છે કે,હું રામજીની કથા કરું છું, પણ રામજી કેવા છે તે હજુ હું જાણતો નથી. શિવજીનો આ વિનય છે. જે જાણે છે કે હું કાંઈ જાણતો નથીએ જ બધું જાણે છે. શિવજી જેવા આવો વિનય કરે છે, જ્યારે આપણા અલ્પ ભણેલાઓ મહાજ્ઞાની હોવાનો દેખાવ કરે છે.

અયોધ્યામાં રઘુનાથજીનું પ્રાગટ્ય થયું છે. લક્ષ્મણ-ભરત-શત્રુઘ્નની સાથે રઘુનાથજી કૌશલ્યાના આંગણામાં રમે છે.ધીરે ધીરે રામચંદ્રજી મોટા થયા છે. રામચંદ્રજી રમતગમતમાં પણ નાના ભાઈઓનાં દિલ દુભાવતા નથી.રમતમાં પણ તેઓ જીતવાનું પસંદ કરતા નથી.પોતાના નાના ભાઈની જીતને પોતાની જીત સમજે છે. રમતમાં પણ રામજી એ ભરતનું દિલ દુભવ્યું નથી. ત્યારે આપણે શું કરીએ છીએ? આજે તો ભાઈની મિલકત માટે કે પૈસા માટે એકબીજા પર દાવો કરે છે, કોર્ટે જાય છે,પણ જો મોટો ભાઈ રામ બને અને નાનો ભાઈ ભરત બને,તો આજે પણ રામ રાજ્ય થાય.ભરતજી કૈકેયી કહે છે,મા,મોટાભાઈ સમર્થ છે,મને માન આપે છે.રામજીએ બાળ લીલામાં પણ મર્યાદાનો ભંગ કર્યો નથી. જેને પોતાના ભાઈમાં ઈશ્વર ન દેખાય તેને કોઈમાં ઈશ્વર દેખાવાનો નથી.રામજીની બાળ લીલા સરળ છે.મા પાસે પણ તેઓ કાંઈ માગતા નથી. એવો ભોળો રામ છે.રામજીએ માતાને કોઈ દિવસ પજવ્યાં નથી, પણ કનૈયો એથી જુદો છે.કનૈયા એ વિચાર




કર્યો કે,રામાવતારમાં મેં બહુ મર્યાદાનું પાલન કર્યું એટલે દુઃખી થયો.હવે શ્રીકૃષ્ણાવતારમાં મર્યાદાનું પાલન નહીં કરું. કનૈયો માને પણ પજવે છે.કનૈયો તો માતાને કહે છે કે,તું મને ખોળામાં રમાડ્યા કર.મને છોડીને જઈશ નહીં. યશોદાને-બુદ્ધિને શ્રીકૃષ્ણ કહે છે કે,આખો દિવસ મને જ રમાડ.રામચંદ્રજીનો અવતાર-મર્યાદા પુરુષોત્તમનો છે,શ્રીકૃષ્ણ અવતાર એ પુષ્ટિ પુરુષોત્તમ છે. રામજીની લીલામાં મર્યાદા છે,શ્રીકૃષ્ણ લીલા માં પ્રેમ છે.

કનૈયો કહે છે કે,રામાવતારમાં મેં બહુ મર્યાદાઓ પાળી,સરળ રહ્યો પણ જગતે મારી કદર કરી નહીં. એક પત્નીવ્રત પાળ્યું તો પણ જગતે મારી નિંદા કરી.આ શ્રી કૃષ્ણાવતારમાં મેં મર્યાદાઓ ખીંટી એ મૂકી દીધી છે.હું પુષ્ટિ પુરુષો ત્તમ છું.જે જીવ મારી પાસે આવે તે દરેકને અપનાવવા હું તૈયાર છું. હવે શ્રીકૃષ્ણાવતારમાં દરવાજા ખુલ્લા છે. જેને આવવું હોય તે આવે.કનૈયો અસલ નટખટ છે. બોલવામાં એને કોઈ પહોંચે નહીં એક એક ગોપીને શ્રીકૃષ્ણ બાંધે છે ગોપી શ્રીકૃષ્ણને વિનવે છે, કનૈયા તેં મને ખરેખર બાંધી દીધી. કનૈયા,તું મને છોડ.કનૈયો તેને જવાબ આપે છે, મને મારી માએ બાંધતાં જશીખવાડયુંછે,છોડવાનું નહીં. મને બાંધતા જ આવડે છે, છોડતાં નહીં.જય શ્રીકૃષ્ણ હું જાઉં છું. કનૈયો જેને બાંધે એટલે કે અપનાવે તેને પછી તે છોડતા નથી પણ એવું જીવના નસીબમાં ક્યાંથી,કનૈયો એને બાંધે! ઈશ્વર ના હાથે બંધાવું એ બંધન પોતે જ મુક્તિ છે.એવા બાંધેલાને ઈશ્વર બચાવે છે, તેનું રક્ષણ કરે છે.

એક ગોપી કનૈયાને માખણચોરતાં પકડે છે.પછી કનૈયાને થાંભલા પાસે ઊભો કરી દોરીથી બાંધે છે. ગોપી લાલાને પૂછે છે,કેમ કેવી મજા પડે છે!કનૈયો રડવાનો ઢોંગ કરે છે.કહે છે,મને બહુ દુઃખે છે. દોરી જરા ઢીલી કર. ગોપી સહેજ દોરી ઢીલી કરે છે. બંધન ઢીલું થતાં કનૈયો છટકી જાય છે.પછી ગોપીને કહે છે કે, બે છોકરાંની મા થઈ,છતાં તને બાંધતા આવડ્યું નહીં.સર્વ સાથે પ્રેમ કરનારો સર્વેશ્વરને ગમે છે.વિકાર, વાસના,સ્વાર્થ આવે ત્યારે પ્રેમ ખંડિત થાય છે.બીજાને સુખી કરવાની ભાવના રાખનારો કોઈ દિવસ દુઃ ખી થતો નથી.વાચક ચાહક મિત્રો આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં છેલ્લે જોઈએ એક દિવસ,એકબિલાડી ક્યાંક ચાલી રહી હતી. અચાનક, એક વિશાળ, હિંસક કૂતરો તેની સામે આવ્યો. કૂતરાને જોઈને, બિલાડી ગભરાઈ ગઈ.કૂતરા અને બિલાડીઓ કુદરતી દુશ્મનો છે. બિલાડીને ભયનો અહેસાસ થયો અને તે પોતાનો જીવ જોખમમાં નાખીને ભાગી ગઈ.પરંતુ તે કૂતરા કરતાં વધુ ઝડપી ન હતી. થોડીવારમાં,કૂતરાએ તેને પકડી લીધી.બિલાડીનો જીવ જોખમમાં હતો. મૃત્યુ તેને સામે જોઈ રહ્યું હતું.બીજો કોઈ રસ્તો ન જોઈને, તે કૂતરાને વિનંતી કરવા લાગી. પરંતુ તેની વિનંતીઓનો કૂતરા પર કોઈ પ્રભાવ પડ્યો નહીં. તે તેને મારવા તૈયાર થઈ ગયો.અચાનક, બિલાડીએ કૂતરાને પ્રસ્તાવ મૂક્યો 'જો તું મારો જીવ બચાવીશ, તો કાલથી તારે ખોરાક શોધવા જવાની જરૂર નહીં પડે.હું આ જવાબદારી લઈશ.હું દરરોજ તમારા માટે ખોરાક લાવીશ. જો તું ખાધા પછી કંઈ બચ્યું હોય, તો મને તે આપો. હું તેનાથી મારું પેટ ભરીશ.'

કૂતરો પ્રયત્ન કર્યા વિના રોજિંદા ખોરાકની આ ઓફરથી ખુશ થયો તેણે ખુશીથી તેનો સ્વીકાર કર્યો. પરંતુ તેણે બિલાડીને ચેતવણી પણ આપી કે છેતરપિંડીનું પરિણામ ભયંકર હશે. બિલાડીએ શપથ લીધા કે તે ગમે તે થાય પોતાનું વચન પાળશે!

કૂતરો શાંત થયો.તે દિવસથી તે બિલાડી જે ખોરાક લાવ્યો તેના પર જીવતો હતો. તેને હવે ખોરાક શોધવા જવાની જરૂર નહોતી. તે આખો દિવસ તેના તંબુમાં બિલાડી ની રાહ જોતો રહેતો. બિલાડી પણ તેને દરરોજ સમય સર ખોરાક લાવતી. આ રીતે એક મહિનો પસાર થયો. એક મહિના સુધી,કૂતરો ક્યાંય ગયો નહીં.તે ફક્ત એક જ જગ્યાએ સૂતો રહ્યો. એક જ જગ્યાએ સૂતો રહ્યો અને દોડ્યો નહીં,તે ખૂબ જ જાડો અને ભારે થઈ ગયો.

એક દિવસ, હંમેશની જેમ, કૂતરો બિલાડીની રાહ જોઈ રહ્યો હતો. તેને ખૂબ ભૂખ લાગી હતી, પરંતુ બિલાડી આવવાના કોઈ સંકેતો દેખાતા ન હતા. જ્યારે બિલાડી લાંબી રાહ જોયા પછી પણ દેખાઈ નહીં, ત્યારે અધીરો કૂતરો, તેની શોધમાં નીકળી પડ્યો.

તે થોડું જ અંતર કાપ્યું હતું કે તેણે બિલાડીને ખુશીથી ઉંદર ખાઈ રહી જોઈ.કૂતરો ગુસ્સામાં ગર્જના કરતો અને બિલાડી પર બૂમ પાડતો, 'તું કપટી બિલાડી, તેં તારું વચન તોડ્યું. હવે, તારા જીવનો ડર.'

આટલું કહીને, તેણે બિલાડી પર હુમલો કર્યો. બિલાડી પહેલેથી જ સતર્ક હતી. તે તરત જ તેના જીવ બચાવવા દોડી ગઈ. કૂતરો તેની પાછળ ગયો.

તે દોડ્યો.પણ આ વખતે બિલાડી કૂતરા કરતાં વધુ ચપળ સાબિત થઈ. કૂતરો એટલો જાડો અને ભારે થઈ ગયો હતો કે તે લાંબા સમય સુધી બિલાડીનો પીછો કરી શક્યો નહીં અને થાકીને બેસી રહ્યો.આ દરમિયાન, બિલાડી ચપળતાથી ભાગી ગઈ અને તેની નજર સામેથી ગાયબ થઈ ગઈ.

આમ,બીજા પર નિર્ભરતા લાંબો સમય ટકતી નથી.તે આપણને આળસુ અને નબળા બનાવે છે. જો તમે જીવનમાં સફળ થવા માંગતા હો,તો આત્મનિર્ભર બનો! આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.

# અમદાવાદ જિલ્લામાં યોજનાનો સફળ અમલ : રૂ. 66 લાખથી વધુની સહાય સાથે ખેડૂતો માટે ઉભું થયું આવકનું નવું મૉડેલ

## સ્વરોજગારથી સમૃદ્ધિ: બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ દ્વારા બાગાયતી ખેતીને મળશે વેગ





**અમદાવાદ, તા. 08**

રાજ્યમાં કૃષિ ક્ષેત્રે છેલ્લા દાયકામાં આવેલા નોંધપાત્ર ફેરફારોને પરિણામે બાગાયતી ખેતી હવે એક સફળ ખેત-ઉદ્યોગ તરીકે આકાર લઈ રહી છે. ખેડૂતો હવે ઉચ્ચ ગુણવત્તાયુક્ત, તંદુરસ્ત અને રોગ-જીવાત મુક્ત પ્લાન્ટિંગ મટીરીયલ (ધરૂ/કલમ/રોપા) ખરીદવાનો આગ્રહ રાખતા થયા છે. રાજ્યમાં હાલ પ્રતિષ્ઠિત નર્સરીઓની સંખ્યા ઓછી હોવાથી ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ગુણવત્તાયુક્ત મટીરીયલ મળતું નથી. આ પડકારને પહોંચી વળવા અને ગ્રામ્ય કક્ષાએ રોજગારીની તકો ઊભી કરવાના ઉદ્દેશથી રાજ્ય સરકારના બાગાયત વિભાગ દ્વારા 'સ્વરોજગારલક્ષી બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ' અમલમાં મૂકવામાં આવ્યો છે. આ યોજના હેઠળ, ખેડૂતો ૨૦૦ થી ૫૦૦ ચો.મી.ના વિસ્તારમાં નાના પાયે નર્સરી યુનિટ સ્થાપી શકે છે. આ યુનિટમાં જી.આઈ. પાઈપવાળા સ્ટ્રકચર સાથે નેટ/પ્લાસ્ટિક કવર, પ્લગ ટ્રે, હેંડ ટુલ્સ, ટ્રોલી, બેગ, મીડીયા અને પિયતની સુવિધા જેવી આવશ્યક સામગ્રીનો સમાવેશ થાય છે. નાણાંકીય સહાય ની વાત કરીએ તો, ૫૦૦ ચો.મી. વિસ્તાર માટે નિર્ધારિત ખર્ચ રૂ. ૩,૫૦,૦૦૦/-ના ૬૫% લેખે સામાન્ય જાતિના ખેડૂતોને મહત્તમ રૂ. ૨,૨૭,૫૦૦/- જ્યારે અનુસૂચિત જાતિના ખેડૂતોને મહત્તમ રૂ. ૨,૬૨,૫૦૦/- સહાય મળવાપાત્ર રહે છે.

અમદાવાદ જિલ્લાના નાયબ બાગાયત નિયામક શ્રી જે.જે. પરમાર ના જણાવ્યા અનુસાર, આ યોજના થકી છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ છે. વિવિધ તાલુકાઓમાં ૨૮ નર્સરીઓને કુલ રૂ. ૬૬.૨૯ લાખની સહાય ચૂકવવામાં આવી છે. ચાલુ વર્ષે પણ ખેડૂતોનો સારો પ્રતિસાદ મળ્યો છે અને આઈ-ખેડૂત પોર્ટલ મારફતે ૩૩ નવી અરજીઓ મળેલ છે, જેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. અમદાવાદ જિલ્લામાં સહાયિત નર્સરીની વિગતો (છેલ્લા બે વર્ષમાં): આ ૨૮ નર્સરીઓ અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કાર્યરત થઈ છે, જેમાં ધોળકા (૦૮), વિરમગામ (૦૬), દસક્રોઈ (૦૬), ધંધુકા (૦૫), દેત્રોજ (૦૨) અને માંડલ (૦૧)નો સમાવેશ થાય છે, જે યોજનાની વ્યાપક પહોંચ દર્શાવે છે. ધોળકા તાલુકાના નર્સરી વ્યવસાય સાથે સંકળાયેલા સ્થાનિક ખેડૂત શ્રી ચીકાભાઈ પટેલ આ યોજનાનો લાભ લઈને વાર્ષિક રૂ. ૨૦,૦૦,૦૦૦ થી વધુની આવક મેળવી રહ્યા છે. તેઓ રીંગણી, ટામેટાં, મરચાં, ગલગોટા અને ટેટી જેવા પાકોના અંદાજે ૧૦,૦૦,૦૦૦ થી વધુ ધરૂ ઉછેર કરે છે. તેમના જણાવ્યા મુજબ, માત્ર ધોળકા તાલુકામાં જ ૫૦થી વધુ નર્સરીઓ કાર્યરત છે. ખેડૂતો આ નવીન ખેતી પદ્ધતિ તરફ વળ્યા અને સ્થાનિક રોજગારીની તકોમાં વધારો થયો, જે આ યોજનાની સફળતાનું પ્રતિક છે. યોજના અંગેની વધુ માહિતી માટે નજીકના જિલ્લાના નાયબ/મદદનીશ બાગાયત નિયામક શ્રીનો સંપર્ક કરી શકાય છે. અને આઈ-ખેડૂત પોર્ટલ મારફતે ૩૩ નવી અરજીઓ મળેલ છે, જેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. અમદાવાદ જિલ્લામાં સહાયિત નર્સરીની વિગતો (છેલ્લા બે વર્ષમાં): આ ૨૮ નર્સરીઓ અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કાર્યરત થઈ છે, જેમાં ધોળકા (૦૮), વિરમગામ (૦૬), દસક્રોઈ (૦૬), ધંધુકા (૦૫), દેત્રોજ (૦૨) અને માંડલ (૦૧)નો સમાવેશ થાય છે, જે યોજનાની વ્યાપક પહોંચ દર્શાવે છે. ધોળકા તાલુકાના નર્સરી વ્યવસાય સાથે સંકળાયેલા સ્થાનિક ખેડૂત શ્રી ચીકાભાઈ પટેલ આ યોજનાનો લાભ લઈને વાર્ષિક રૂ. ૨૦,૦૦,૦૦૦ થી વધુની આવક મેળવી રહ્યા છે. તેઓ રીંગણી, ટામેટાં, મરચાં, ગલગોટા અને ટેટી જેવા પાકોના અંદાજે ૧૦,૦૦,૦૦૦ થી વધુ ધરૂ ઉછેર કરે છે. તેમના જણાવ્યા મુજબ, માત્ર ધોળકા તાલુકામાં જ ૫૦થી વધુ નર્સરીઓ કાર્યરત છે. ખેડૂતો આ નવીન ખેતી પદ્ધતિ તરફ વળ્યા અને સ્થાનિક રોજગારીની તકોમાં વધારો થયો, જે આ યોજનાની સફળતાનું પ્રતિક છે. યોજના અંગેની વધુ માહિતી માટે નજીકના જિલ્લાના નાયબ/મદદનીશ બાગાયત નિયામક શ્રીનો સંપર્ક કરી શકાય છે.

# નડિયાદ તાલુકાના અરેરા ગામે વિદ્યાર્થીઓને જેન્ડર સમાનતા, લિંગ ભેદ તથા સકારાત્મક પુરુષત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા





**નડિયાદ, તા. 08**

નડિયાદ તાલુકાના અરેરા ગામે માધ્યમિક સ્કુલ, અરેરાના વિદ્યાર્થીઓને જેન્ડર સમાનતા, લિંગ ભેદ તથા સકારાત્મક પુરુષત્વ વિશે આજરોજ માહિતગાર કરવામાં આવ્યા હતા. મહિલા અને બાળ વિભાગ, નડિયાદ કચેરી દ્વારા આજરોજ અરેરા માધ્યમિક શાળા, તા. નડીયાદ શાળાના તે અંગે જાગૃતીકરણ કાર્યક્રમ કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓને જેન્ડર સમાનતા, લિંગ ભેદ તથા સકારાત્મક પુરુષત્વ અને લિંગ ભેદ અંગે સામાજિક રૂઢિઓને નાબુદ કરવા તથા સ્ત્રી અને પુરુષોને સમાનતાનાં અધિકારો, કો પેરેન્ટિંગ, સેક્સ્યુઅલ એક્સપ્લોઈટેશનનું વિરોધ કરવા તથા વિદ્યાર્થીઓ પોતાનું ઘર અને સમાજની કુરીતિઓ માટે મોટી ભૂમિકા ભજવી શકે છે, તે અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શ્રી ગોપાલજી મકવાણા આચાર્યશ્રી, શિક્ષકશ્રી રાજેશ્વરીબેન ઠાકોર તથા શ્રી શૈલેશ ભાઈ, મિતુલભાઈ તેમજ સંગીતાબેન અને DHEW ના કરમચારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ઝાલોદ બાર એસોસિએશનમાં ફરી રાવતનો દબદબો, સમગ્ર પેનલ બિનહરીફ ચૂંટાતા વકીલ મંડળમાં આનંદની લાગણી

**ઝાલોદ, તા. 08**

ગુજરાત બાર એસોસિએશનના માર્ગદર્શન હેઠળ ઝાલોદ બાર એસોસિએશનની ચૂંટણી પ્રક્રિયા સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થઈ હતી. આ ચૂંટણીમાં તમામ હોદ્દેદારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. ખાસ કરીને આર. જી. રાવત ફરી એકવાર પ્રમુખ તરીકે ચૂંટાતા વકીલ મંડળમાં ઉત્સાહનું માહોલ સર્જાયો છે.અપાયેલ માહિતી મુજબ વિવિધ હોદ્દાઓ માટે ફોર્મ ભરાયા હતા, પરંતુ અન્ય કોઈ ઉમેદવાર દ્વારા નામંકન ન થતાં, સંગઠનની એકતા અને સર્વસંમતિનું ઉત્તમ દ્રશ્ય જોવા મળ્યું હતું. પરિણામે સંપૂર્ણ પેનલ વિજયી જાહેર થઈ હતી.

નવનિયુક્ત હોદ્દેદારોની યાદી :

પ્રમુખ : આર. જી. રાવત

ઉપ-પ્રમુખ : બી. કે. ભૂરિયા

સેક્રેટરી (મંત્રી) : ડી. કે. નીનામા

વાઈસ સેક્રેટરી (સહમંત્રી) : એ. એમ. વસૈયા

મહિલા પ્રતિનિધિ : જે. વી. નિસરતા

વેલ્ફેર સેક્રેટરી : એચ. એચ. સોલંકી

લાઈબ્રેરીયન : એન. આર. ડામોર

સહ-લાઈબ્રેરીયન : જી. સી. મછાર

સમગ્ર પેનલની બિનહરીફ વરણી થતા ઝાલોદ વકીલ મંડળના સભ્યોમાં હર્ષ છવાઈ ગયો હતો. નવી ટીમનું ઉષ્માભર્યું સ્વાગત કરતાં વકીલસભ્યોએ નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી.નવનિયુક્ત પ્રમુખ આર. જી. રાવતે જણાવ્યું કે, નવી ટીમ સાથે મળીને વકીલોની સુવિધાઓમાં વધારો, કાનૂની સેવાની ગુણવત્તામાં સુધારો અને બાર એસોસિએશનને વધુ મજબૂત બનાવવાના દિશામાં કાર્ય કરવામાં આવશે.

# અમદાવાદ મંડળ પર બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરના 70માં મહાપરિનિર્વાણ દિવસ પર શ્રદ્ધાંજલી અર્પિત કરી



**અમદાવાદ, તા. 08**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં આજે મંડળ રેલવે મેનેજર કાર્યાલયમાં આયોજિત ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં ભારતીય બંધારણના નિર્માતા અને ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના 70માં મહાપરિનિર્વાણ દિવસ પર ભાવભીની શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી. મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ, અપર મંડળ રેલવે મેનેજર શ્રીમતી મંજૂ મીણા તથા અપર મંડળ રેલવે મેનેજર શ્રી વિકાસ ગઢવાલ સહિત સિનિયર અધિકારીઓએ ડૉ. બી.આર.આંબેડકરની છબી પર પુષ્પમાળા અર્પણ કરી અને દીપ પ્રગટાવીને તેમને નમન કર્યા. કાર્યક્રમમાં મંડળના રેલવે અધિકારી, ટ્રેડ યુનિયનના પ્રતિનિધિ, ઓબીસી એસોસિએશન, એસસી/એસટી એસોસિએશનના પ્રતિનિધિ તથા મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓએ ઉપસ્થિત રહીને ડૉ. આંબેડકરને શ્રદ્ધાંજલી અર્પિત કરી.

# માતર, નડિયાદ, વસો, મહેમદાવાદ અને કઠલાલમાં અભિયાન વિશે દૂધમંડળીઓને સમજૂત કરાયા

**નડિયાદ, તા. 08**

ખેડા જિલ્લામાં તા. ૧૪ નવેમ્બરના રોજ શરૂ થયેલ ગામનો નિર્ધાર, સહકારથી સાકાર અભિયાન અમૂલ ડેરી અને જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી શરૂ કરવામાં આવ્યું છે. ખેડા જિલ્લાના કુપોષિત બાળકોને સુપોષિત બનાવવાના ઉમદા વિચાર સાથે ખેડા જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવના માર્ગદર્શન હેઠળ અમૂલ ડેરીના ચેરમેન શ્રી વિપુલભાઈ પટેલ દ્વારા એક નવી પહેલ શરૂ કરવામાં આવી છે. આ પહેલને જિલ્લાભરની દૂધ મંડળીઓ અને નાગરિકો તરફથી અભૂતપૂર્વ સહકાર મળી રહ્યો છે. અત્યાર સુધીમાં માતર, નડિયાદ, વસો, મહેમદાવાદ અને કઠલાલમાં અભિયાન વિશે સંબંધિત ધારાસભ્યશ્રી અને અમૂલ ડેરીના ચેરમેન શ્રીની ઉપસ્થિતિમાં દૂધમંડળીઓને સમજૂત કરવામાં આવ્યા છે. "ગામનો નિર્ધાર, સહકારથી સાકાર" અભિયાન અંતર્ગત જ્યારે ગામના પશુપાલક ભાઈ-બહેન દૂધ ડેરી પર જમા કરવા આવે છે ત્યારે ત્યાં રાખેલ 'આશીર્વાદ પાત્ર' માં તેઓ પોતાની ઈચ્છા શક્તિ મુજબ ૧૦, ૩૦, ૫૦ મિલી કે વધુ પ્રમાણમાં દૂધનું દાન કરે છે. આ દૂધ સીધું આંગણવાડીના કુપોષિત બાળકોને મળી રહે તે માટે આંગણવાડી બહેનો દ્વારા તેનું આયોજનબદ્ધ વિતરણ કરવામાં આવે છે. ગામમાં વધુમાં વધુ લોકો જન્મતિથિ, લગ્નતિથિ અથવા કોઈ ઉત્સવ ઉજવણી સમયે પણ આવા કુપોષિત બાળકોને માટે ગોળ, કઠોળ, શિંગ, ખજૂર વગેરે આંગણવાડી પર આપી આવા ઉમદા કાર્યમાં જોડાઈ શકે છે. જિલ્લા કલેકટરશ્રીએ તેમના વિચારને રજૂ કરતા જણાવ્યું કે, કુપોષણ એ કેન્સર કરતા પણ ખૂબ મુશ્કેલ સમસ્યા છે. કુપોષણ દૂર કરવું એ સૌ ગામના આગેવાનોની, તમામ જનસમુદાયની તથા ગામના લોકોની નૈતિક ફરજ અને જવાબદારી છે. જેના એક પ્રયાસ રૂપે ગામની દૂધ મંડળીઓ સહકારની ભાવનાથી દૂધનો ખૂબ નાનો ભાગ બાળકો માટે દૈનિક નિયમિત રીતે આપે તો આવનારા સમયમાં ગામમાંથી કુપોષણ નિવારી શકાય. આંગણવાડી બહેનો જ્યારે આપના દ્વારે આવે તો ત્યારે તેને માન આપી અભિયાનમાં સહકાર આપવા જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ ઉપસ્થિતને વિનંતી કરી. વધુમાં આ અભિયાનમાં સરકારી કર્મચારીઓ પણ જોડાય અને તેઓ પણ આંગણવાડીના બાળકો માટે વારે તહેવારે જો દાન કરે તો સમાજમાં તેની ખૂબ જ હકારાત્મક અસર થશે.

# અમદાવાદને અનેકવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ ધરતા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહ

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂ.૧૫૦૭ કરોડના વિવિધ પ્રજાલક્ષી વિકાસના પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહૂર્ત સહિત આવાસોના ડ્રો સંપન્ન

**અમદાવાદ, તા. 08**

ગુજરાતના પ્રવાસે પધારેલા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે અમદાવાદને અનેકવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ ધરી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂ.૧૫૦૭ કરોડના વિવિધ પ્રજાલક્ષી વિકાસના પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહૂર્ત પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે દેવનગર ખાતે નિર્માણ પામનાર મીની સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સનું ખાતમુહૂર્ત સહિત વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ/ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ગૃહયોજના હેઠળ નિર્માણ પામેલા ૪૬૫ આવાસો અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નિર્માણ પામેલા ૧૫૭૩ આવાસોનો ડ્રો પણ કરવામાં આવ્યો હતો. આવાસોના લાભાર્થીઓને પ્રતિકાત્મક સ્વરૂપે આવાસની ચાવી કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવી નિમણૂંક પામેલ ૧૦૨ સહાયક ફાયરમેનને નિમણૂંક પત્ર એનાયત કરાયા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે વિવિધ વિકાસ પ્રકલ્પો પ્રજાને અર્પણ કરતા જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરૂ કરેલ ખેલ મહાકુંભની યાત્રા આજે દેશમાં ખેલો ઈન્ડિયા થકી આગળ વધી છે. જેના દ્વારા અનેક ખેલાડીઓ તેમના શરીર અને મનને મજબૂત કરી રહ્યા છે. જીતવાનું ઝનૂન અને હારમાં નિરાશ નહિ થવાના સંસ્કાર પણ ખેલકૂદથી મળી રહ્યા છે શ્રી શાહે ઉમેર્યું હતું કે, અમદાવાદમાં અનેક રમત સંકુલ સહિત આંતરરાષ્ટ્રીય કક્ષાની વ્યસ્થા થઈ છે જેના પગલે ખેલાડીઓ પાંચ કિલોમીટરની અંદર આ સુવિધાનો લાભ લઈ પોતાની પ્રતિભાને ઉજાગર કરી રહ્યા છે, તેમણે જગ્યાના સદઉપયોગ માટે અમદાવાદ શહેરને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, શહેરમાં ઓવરબ્રિજની નીચે નાના ખેલ સંકુલો, પુસ્તકાલય, ઓપન જિમ,યોગ સંકુલો બનાવી અનેક શહેરોને અમદાવાદ પ્રેરણા આપી રહ્યું છે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે વિશ્વનુ સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમની બાજુમાં સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ બનવા સાથે સ્પોર્ટ્સ ક્ષેત્રે અનેક સુવિધાઓ થકી કોમનવેલ્થ ૨૦૩૦ની યજમાની અમદાવાદને મળી છે, સાથે આગામી ૨૦૨૯માં દુનિયાભરના પોલીસ અને ફાયર બ્રિગેડ જવાનોની રમત અને ૧૩ જેટલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ સાથે ૨૦૩૬ ઓલમ્પિક માટે અમદાવાદે તૈયારી કરી છે. આ સાથે સમગ્ર વિશ્વના નકશામાં અમદાવાદ ખેલક્ષેત્રે અગ્રિમ સ્થાન પર અંકિત થઈ રહ્યું છે ૧૫૦૦ કરોડથી વધુ વિકાસના કામો માટે રાજ્યના મુખ્યમંત્રી સહિત સરકારનો આભાર માનતા શ્રી શાહે જણાવ્યું હતું કે, આ કામો વિકાસના બજેટમાં ઉમેરાવાના છે, વિકાસનો કોઈ આયામ છુટી ન જાય તેની કાળજી રાખી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ વિકાસ યાત્રા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ ધપાવી રહ્યા છે શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં દરેક ક્ષેત્રે વિકાસ થઈ રહ્યો છે, દેશને મહાન બનાવવના સંકલ્પ સાથે સરકાર કામ કરી રહી છે ત્યારે નેતા અને નિતી વગરનાઓને દેશની જનતા કોઈ પણ ખૂણામાં સ્થાન આપી નથી



રહી જે સરકાર પ્રત્યે જનતાની વિશ્વસનીયતા બતાવે છે તેમણે અયોધ્યા રામ મંદિર નિર્માણ અંગે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૯માં ભૂમિપૂજન, ૨૦૨૪માં પ્રાણ પ્રતિષ્ઠા અને ૨૦૨૫માં ધ્વજ લહેરાવી ગૌરવપુર્ણ કાર્ય દેશના પ્રધાનમમંત્રીશ્રીના નેતૃત્વમાં થયું છે, સાથે સીતા માતાનો જન્મ થયો તે સ્થળે પણ ભૂમિપૂજન કરી આ યાત્રાને આગળ ધપાવવાનું કામ થઈ રહ્યું છે શ્રી શાહે દેશમાં સુરક્ષા,અર્થતંત્ર, માળખાકીય સુવિધાઓ, સિંચાઈની સુવિધામાં વધારો, અનાજના ઉત્પાદનમાં વધારો, એમએસપી ખરીદીમાં વધારો જેવા અનેક આયામો થકી દેશની પ્રતિષ્ઠા દેશના પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વમાં દુનિયાભરમાં વધી રહી છે તેમ જણાવ્યું હતું ગુજરાતના વિવિધ વિકાસ માઈલસ્ટોન વિશે વાત કરતા શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક ગુજરાતમાં સાકાર થવા જઈ રહ્યો છે. એશિયાનું સૌથી મોટું ગ્રીનફિલ્ડ સીટી ધોલેરા ગુજરાતમાં નિર્માણ પામી રહ્યું છે. ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસ હાઈવે સુરત-ચેન્નઈ હાઈવે ગુજરાતમાંથી પસાર થઈ રહ્યો છે. દેશની સૌથી પહેલી ફાઈનાન્સ ટેક્સ સિટી ગિફ્ટ સિટી ગુજરાતમાં નિર્માણ પામી છે. પહેલી બુલેટ ટ્રેન અમદાવાદ મુંબઈ વચ્ચે શરૂ થવાની છે તથા પહેલી નમો રેપીડ રેલ ભુજથી અમદાવાદ વચ્ચે શરૂ થઈ છે. શ્રી શાહે જણાવ્યું હતું કે દેશ આગળ વધી રહ્યો છે ત્યારે ગાંધીનગર લોકસભાને હરીયાળી લોકસભા બનાવવા માટે આપણે સૌએ કમર કસવી પડશે, તે માટે દરેકે ૦૫ થી ૫૦ વૃક્ષોનો સંકલ્પ લઈ તેનું જતન કરવા પણ તેમણે અનુરોધ કર્યો હતો કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીએ સશસ્ત્ર સેના ધ્વજ દિવસે સેનાના અપ્રિતમ સાહસ, શૌર્ય અને તેમના બલિદાનને બિરદાવી તેમને હ્રદયપૂર્વક શ્રધ્ધાંજલી પાઠવી હતી સશસ્ત્ર સેના ધ્વજ દિવસ નિમિત્તે દેશસેવા અને સરહદોની સુરક્ષા કરતા સૌ જવાનોના ત્યાગ, તપસ્યા અને બલિદાનનું સ્મરણ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે સૈનિક કલ્યાણના અનેક કામોથી જવાનોનું ગૌરવ કર્યું છે. દેશની સરહદની સાથે આંતરિક સુરક્ષા અને સલામતીનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. તેમના નેતૃત્વમાં દેશમાં વિકાસની રાજનીતિનો નવો યુગ શરૂ થયો છે અને તેમાં પણ ગુજરાત વિકાસના રોલ મોડલ તરીકે અગ્રેસર રહ્યું છે. ગુજરાત વિકાસની આ વણથંભી યાત્રામાં સતત નવા આયામો સર કરી રહ્યું છે એમ તેમણે ઉમેર્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં સતત વિકાસકાર્યોની ભેટ આપી છે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે તેમણે અમદાવાદની વિકાસયાત્રાને નવું બળ આપ્યું છે અને એ જ દિશામાં આજે વધુ એક વખત તેઓ ૧૫૦૭ કરોડના પ્રજાલક્ષી કામોની ભેટ આપી રહ્યા છે. શ્રી અમિતભાઈએ પોતાના સંસદીય મતક્ષેત્રને દેશનું સૌથી વધુ વિકસિત સંસદીય ક્ષેત્ર બનાવવાની નેમ રાખી છે. જેને સાકાર કરવા માટે ગાંધીનગર લોકસભા મત વિસ્તારમાં પાછલા વર્ષોમાં ૨૨૫૫૧ કરોડથી વધુના વિકાસ કામો આ વિસ્તારમાં થયા છે. આવાસ, ડ્રેનેજ, સ્ટોર્મ વોટર લાઈન, રોડ રસ્તા, પાણી, ડ્રેનેજ સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામોને લીધે શહેરની સુવિધામાં વધારો થયો છે એમ તેમણે ઉમેર્યું હતું.શહેરી વિકાસ વિશે વધુમાં વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે નાગરિકોના ઈઝ ઓફ લિવિંગમાં વધારો થાય તે માટે લેક ડેવલપમેન્ટ, બાગ બગીચાઓનો વિકાસ, લાઈબ્રેરી, રમત ગમત સંકુલ પણ ઉભા કરવામાં આવ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સપનું છે કે દેશના દરેક નાગરિકના માથે પાકી છત હોય, દરેકનું ઘરનું ઘર હોય. આ માટે તેમણે દેશમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરાવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગુજરાતમાં ૧૩ લાખથી વધુ આવાસો બન્યા છે. આ આવાસો માત્ર ઈંટ પથ્થરના મકાનો જ નથી, પણ પૂરતી સુવિધાયુક્ત ઘરો છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. કાર્યક્રમ અંતર્ગત લોકાર્પણ અને ખાતમુહૂર્ત થનાર આવાસો વિશે જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે શ્રી અમિતભાઈએ હંમેશા લોંગ ટર્મ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પર ભાર મૂક્યો છે. તેમના સક્રિય પ્રયાસોના પરિણામે ગાંધીનગર લોકસભા મતવિસ્તાર હરિયાળો મતવિસ્તાર બન્યો છે. શહેરી વિસ્તાર જ ૮% જેટલું ગ્રીન કવર વધ્યું છે. મિયાવાકી પદ્ધતિથી અર્બન ફોરેસ્ટ નિર્માણ કરવામાં આવ્યું છે.

૨૮ લાખ જેટલા વૃક્ષો વાવીને ગ્રીન કવર વધારવામાં આવ્યું છે. વૃક્ષારોપણ, તળાવોનું પુનઃનિર્માણ, ઓક્સિજન પાર્ક સહિતની એક આખી પર્યાવરણ ફ્રેન્ડલી ઈકોસિસ્ટમ ઉભી થઈ છે.

# ક્રિકેટ રસિકો ભારતમાં T-20 વર્લ્ડ કપ નહીં જોઈ શકે!: ટુર્નામેન્ટના 3 મહિના પહેલાં ICC ફસાયું, જિયોસ્ટાર બ્રોડકાસ્ટમાંથી પાછળ હટ્યું; હવે આગળ શું?

## 2024માં અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાયેલા T20 વર્લ્ડકપને હોટસ્ટાર પર મફતમાં બતાવવામાં આવ્યો હતો




**મુંબઈ તા. 08**

2026માં ભારત-શ્રીલંકામાં યોજાનાર મેન્સ T20 વર્લ્ડ કપના 3 મહિના પહેલા બ્રોડકાસ્ટર જિયોસ્ટાર પ્રસારણમાંથી પાછળ હટી ગયું છે. આવી સ્થિતિમાં સવાલ એ થાય છે કે જો આ ડીલ ફાઈનલ ન થઈ તો શું વર્લ્ડ કપની મેચો ભારતમાં નહીં દેખાય?

રિલાયન્સના નિયંત્રણ હેઠળના જિયોસ્ટારે ICC સાથે 2024-27ના ઈન્ડિયા મીડિયા રાઈટ્સ ડીલમાંથી બહાર નીકળવાનો નિર્ણય કર્યો છે. જિયોસ્ટારે ICCને કહ્યું છે કે ભારે નાણાકીય નુકસાનને કારણે તે ચાર વર્ષની ડીલના બાકીના બે વર્ષ પૂરા કરી શકશે નહીં.

આ નિર્ણય પછી ICCએ સોની, નેટફ્લિક્સ અને એમેઝોન પ્રાઈમ વીડિયોનો સંપર્ક કર્યો છે. પરંતુ અત્યાર સુધી કોઈ પણ પ્લેટફોર્મે કિંમત વધુ હોવાને કારણે રાઈટ્સમાં રસ દાખવ્યો નથી. આ ડીલ 2024-27 માટે 3 અબજ ડોલર (લગભગ 25,000 કરોડ રૂપિયા)ની હતી, જેમાં દર વર્ષે એક મોટી મેન્સ ઈવેન્ટનો સમાવેશ થાય છે. આ માહિતી ઈકોનોમિક ટાઈમ્સના એક રિપોર્ટમાં સામે આવી છે. 2023માં ICCએ તેના 4 વર્ષ (2024થી 2027 સુધી)ના તમામ ટુર્નામેન્ટ્સના ભારતમાં પ્રસારણના અધિકારો જિયોસ્ટાર (ત્યારે સ્ટાર ઈન્ડિયા)ને વેચ્યા હતા. 2023માં ICCએ તેના 4 વર્ષ (2024થી 2027 સુધી)ના તમામ ટુર્નામેન્ટ્સના ભારતમાં પ્રસારણના અધિકારો જિયોસ્ટાર (ત્યારે સ્ટાર ઈન્ડિયા)ને વેચ્યા હતા. ડીલથી પાછળ કેમ હટી રહી છે જિયોસ્ટાર 2023માં ICCએ તેના 4 વર્ષ (2024થી 2027 સુધી)ના તમામ ટુર્નામેન્ટ્સના ભારતમાં પ્રસારણના અધિકારો જિયોસ્ટાર (ત્યારે સ્ટાર ઈન્ડિયા)ને વેચ્યા હતા. લગભગ 25 હજાર કરોડ રૂપિયામાં આ ડીલ થઈ હતી. એટલે કે જિયોસ્ટારને દર વર્ષે સરેરાશ 6,000 કરોડ રૂપિયા ICCને આપવાના હતા.

હવે બન્યું એ કે ક્રિકેટ બતાવવાથી જિયોસ્ટારને જેટલી કમાણી થઈ રહી છે, તે ખૂબ ઓછી છે. ડ્રીમ11 જેવી ગેમિંગ એપ્સ પર પ્રતિબંધ પછી જાહેરાતો પણ પહેલા જેટલી નથી આવી રહી.

નુકસાનને ધ્યાનમાં રાખીને, કંપનીએ તેના ખાતામાં પહેલેથી જ 'આ પૈસા ડૂબી જશે' એમ માનીને અલગથી રાખવાનું શરૂ કરી દીધું છે. આને 'પ્રોવિઝન' કહેવાય છે.

ગયા વર્ષે (2023-24) કંપનીએ કહ્યું હતું કે - 'અમને ICC ડીલથી લગભગ 12,319 કરોડનું નુકસાન થશે', તો તેટલા પૈસા અલગ રાખી દીધા. આ વર્ષે (2024-25) હિસાબ લગાવ્યો તો નુકસાન વધુ વધી ગયું, હવે કુલ અંદાજિત નુકસાન 25,760 કરોડ રૂપિયા થઈ ગયું. સીધા શબ્દોમાં કહીએ તો જિયોસ્ટારે 25,000 કરોડમાં માલ ખરીદ્યો હતો, પરંતુ હવે લાગી રહ્યું છે કે તે માલ વેચીને પણ પૂરા પૈસા વસૂલ નહીં કરી શકે, ઉલટાનું 25,760 કરોડ રૂપિયા સુધી ડૂબી જશે. એટલે હવે કંપની ડીલમાંથી બહાર નીકળવા માંગે છે. 2024માં અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાયેલા T20 વર્લ્ડકપને હોટસ્ટાર પર મફતમાં બતાવવામાં આવ્યો હતો. 2024માં અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાયેલા T20 વર્લ્ડકપને હોટસ્ટાર પર મફતમાં બતાવવામાં આવ્યો હતો. ICCનો હવે આગળનો પ્લાન શું છે? ICCએ સોની, નેટફ્લિક્સ અને એમેઝોન પ્રાઈમ વીડિયોનો સંપર્ક કર્યો છે કે તેઓ આ રાઈટ્સ લઈ લે. પરંતુ અત્યાર સુધી કોઈ પણ પ્લેટફોર્મે કિંમત વધુ હોવાને કારણે વધુ રસ દાખવ્યો નથી. આનાથી ICC સામે આગળનો રસ્તો સ્પષ્ટ દેખાતો નથી.ICCએ 2026-29 માટે ઈન્ડિયા મીડિયા રાઈટ્સની નવી વેચાણ પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આ માટે લગભગ 2.4 અબજ ડોલર માંગવામાં આવી રહ્યા છે. હાલમાં ચાલી રહેલી 2024-27ની ડીલ 3 અબજ ડોલરની હતી, જેમાં દર વર્ષે એક મોટી મેન્સ ટુર્નામેન્ટ શામેલ છે.

## પલાશ-મંધાનાનો સંબંધ તૂટ્યો: મુચ્છલ જુઓ કોના પર ભડક્યો, કહ્યું કાનૂની પગલાં લઈશ



**મુંબઈ તા. 08**

જે લગ્નના ક્રિકેટ પ્રેમીઓ લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા, તે લગ્ન હવે તૂટી ગયા છે. જી હા! અ સ્મૃતિ મંધાના અને પલાશ મુચ્છલના લગ્ન હવે નહીં થાય. મ્યુઝિક કમ્પોઝર પલાશે ખુદ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને આ વિશે જાણકારી આપી છે. દ.આફ્રિકા સામે વન-ડે શ્રેણી જીતતાં જ ગંભીર તેની જૂની IPL ટીમના માલિક પર ભડક્યો, કહ્યું- તેમને કોઈ અધિકાર નથી.. ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં પલાશ મુચ્છલે પોતાની ભાવના વ્યક્ત કરતા લખ્યું કે, 'મેં મારી જિંદગીમાં આગળ વધવા અને ખાનગી સંબંધથી દૂર રહેવાનો નિર્ણય કર્યો છે.

## બેંગલુરુમાં યોજાશે IPL-2026ની મેચ, BCCI પહેલા કર્ણાટક સરકારે કરી મોટી જાહેરાત




**મુંબઈ તા. 08**

IPL-2026ની સિઝન માટે થોડા જ દિવસોમાં ખેલાડીઓની હરાજી થવાની છે, ત્યારે મેચોના આયોજન સ્થળને લઈને ચર્ચા ચાલી રહી હતી કે શું રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ને હોમ ગ્રાઉન્ડ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં મેચો રમવા મળશે કે કેમ? આ અનિશ્ચિતતા વચ્ચે કર્ણાટક સરકારે મોટો નિર્ણય જાહેર કર્યો છે. અમે આઈપીએલને બીજી જગ્યાએ શિફ્ટ નહીં કરીએ : શિવકુમાર, કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમારે આજે (7 ડિસેમ્બર) કહ્યું છે કે, 'અમે આઈપીએલને બીજી જગ્યાએ શિફ્ટ નહીં કરીએ અને તેને અહીં ચિન્નાસ્વામીમાં જ આયોજિત કરતા રહીશું. આ બેંગલુરુ અને કર્ણાટકનું અભિમાન છે, જેને અમે જાળવી રાખીશું.' તેમણે આ જાહેરાત કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિયેશન (KSCA)ની ચૂંટણીમાં મતદાન કર્યા બાદ કરી હતી. આ પણ વાંચો : યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કી ભારત આવશે ! સ્ટેડિયમ બહાર નાસભાગની ઘટના બની હતી, ડી.કે.શિવકુમારનું આ નિવેદન ચિન્નાસ્વામી સ્ટેડિયમને લઈને ચાલી રહેલી અનિશ્ચિતતા વચ્ચે આવ્યું છે. વાસ્તવમાં IPL-2025 સીઝનમાં RCB ચેમ્પિયન બન્યા બાદ ચોથી જૂને ટીમની વિજય પરેડ દરમિયાન સ્ટેડિયમની બહાર ભારે નાસભાગ મચી ગઈ હતી, જેમાં 11 ચાહકોના મૃત્યુ અને 50 જેટલા ઈજાગ્રસ્ત થયા હતા. આ ગંભીર દુર્ઘટના બાદ KSCA અને RCB મેનેજમેન્ટ સામે કોર્ટમાં કેસ પણ દાખલ કરવામાં આવ્યો છે. BCCIએ ઘટના બાદ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં કોઈ મોટી મેચનું આયોજન કર્યું નથી, જેના કારણે એવી આશંકા વ્યક્ત કરવામાં આવતી હતી કે, RCB આવતા સિઝનમાં પુણેને હોમ વેન્યૂ તરીકે પસંદ કરી શકે છે. જોકે, કર્ણાટક સરકારે હવે આ વિવાદનો અંત લાવવાનો પ્રયાસ કર્યો છે.

## રાશા થડાનીના હાથમાંથી દિગ્દર્શક લિજો જોસ પેલિસરીની ફિલ્મ છૂટી ગઇ

- આ ફિલ્મની ઘોષણા ઓક્ટોબર મહિનામાં જ કરવામાં આવી હતી. સૂત્રે જણાવ્યું હતું કે, રાશા થડાની પોતાની આગામી ફિલ્મ લાઇકી લાઇકાના શૂટિંગમાં વ્યસ્ત છે.



**મુંબઈ તા. 08**

રવિના ટંડનની પુત્રી રાશા થડાનીના હાથમાંથી એક ફિલ્મ છુટી ગઇ હોવાનું જાણવા મળ્યું છે. મલાયલમ દિગ્દર્શક લિજો જોસ પેલિસરી બોલીવૂડમાં એક રોમેન્ટિક ફિલ્મનું દિગ્દર્શન કરીને ડેબ્યુ કરવાનો હતો. જેમાં રાશા થડાની મુખ્ય રોલમાં કામ કરવાની હતી. પરંતુ હંસલ મહેતા નિર્મિત ફિલ્મનો હવે રાશા થડાની હિસ્સો નહીં હોય. આ ફિલ્મની ઘોષણા ઓકટોબર મહિનામાં જ કરવામાં આવી હતી. સૂત્રે જણાવ્યું હતું કે, રાશા થડાની પોતાની આગામી ફિલ્મ લાઈકી લાઈકાના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મનું શૂટિંગ લંબાઇ જતાં રાશા થડાની હંસલ મહેતા નિર્મિત ફિલ્મના શૂટિંગની તારીખો સાથે ટકરાઇ રહી હોવાથી રાશાને પોતાની મનપસંદ રોમેન્ટિક સ્ક્રિપ્ટની ફિલ્મ છોડી દેવા સિવાય છુટકો હતો નહીં. રાશા લાઈકી લાઈકાનું શૂટિંગ પુરુ કર્યા પછી પોતાની મલયાલમ ડેબ્યુ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે,જેમાં તે મહેશ બાબુના ભત્રીજા જયા કૃષ્ણ ઘટ્ટામનેની સાથે કામ કરશે. આ ફિલ્મની ઘોષણા ઓકટોબર મહિનામાં જ કરવામાં આવી હતી. સૂત્રે જણાવ્યું હતું કે, રાશા થડાની પોતાની આગામી ફિલ્મ લાઈકી લાઈકાના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મનું શૂટિંગ લંબાઇ જતાં રાશા થડાની હંસલ મહેતા નિર્મિત ફિલ્મના શૂટિંગની તારીખો સાથે ટકરાઇ રહી હોવાથી રાશાને પોતાની મનપસંદ રોમેન્ટિક સ્ક્રિપ્ટની ફિલ્મ છોડી દેવા સિવાય છુટકો હતો નહીં. રાશા લાઈકી લાઈકાનું શૂટિંગ પુરુ કર્યા પછી પોતાની મલયાલમ ડેબ્યુ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે,જેમાં તે મહેશ બાબુના ભત્રીજા જયા કૃષ્ણ ઘટ્ટામનેની સાથે કામ કરશે.

## હર્ષાલીની ડેબ્યૂ ફિલ્મ કાનૂની તકરારમાં રીલિઝ જ ન થઈ



**મુંબઈ, તા. 08**

સલમાન ખાનની ફિલ્મ 'બજરંગી ભાઈજાન'માં મુન્નીના રોલથી જાણીતી હર્ષાલી મલ્હોત્રા તેલુગુ ફિલ્મ 'અખંડા ટુ'થી હિરોઈન તરીકે ડેબ્યૂ કરી રહી છે. આ ફિલ્મ ગત તા. પાંચમી ડિસેમ્બરે રીલિઝ થવાની હતી પરંતુ કાનૂની તકરારના કારણે રીલિઝ શક્ય બની ન હતી. આથી, નિર્માતાઓએ જાહેર માફી માગવી પડી હતી. આ ફિલ્મના નિર્માતા પાસેથી ૨૮ કરોડ લેવાના બાકી નીકળતા હોવાનું જણાવી એક ફિલ્મ કંપનીએ તેમની સામે કેસ કર્યો છે.આથી, આ ફિલ્મની રીલિઝ છેલ્લી ઘડીએ અટકી પડી હતી. ફિલ્મના નિર્માતાઓએ છેલ્લી ઘડીએ ફિલ્મ રજૂ ન થઈ શકવા બદલ દર્શકોની જાહેર માફી માગી હતી. બીજી તરફ હિરો નંદમૂરી બાલકૃષ્ણ તથા ડાયરેક્ટર બોયાપતિએ પોતપોતાની ફીમાંથી થોડી રકમનો કાપ મૂકી તેટલા પૈસા નિર્માતા બાકી રકમ ચૂકવવામાં વાપરે તેવી ઓફર કરી છે. આવતાં સપ્તાહે આ ફિલ્મ રીલિઝ થાય તેવા પ્રયાસો ચાલી રહ્યા છે.



## આલિયા-રણબીરની લવ એન્ડ વોરના ફોટા લીક કરી દેવાયા

### - આલિયા અને રણબીર બંનેનો રેટ્રો લૂક જોઈ આ ફિલ્મ સંગમની કોપી હોવાની ચર્ચા બળવત્તરે

**મુંબઈ તા. 08**

મુંબઈ: આલિયા ભટ્ટ , રણબીર કપૂર અને વિકી કૌશલની ફિલ્મ 'લવ એન્ડ વોર' આવતાં વર્ષના ઉત્તરાર્ધમાં રીલિઝ થવાની છે પરંતુ તે પહેલાં ફિલ્મની સતત ચર્ચા થયા કરે તે માટે પબ્લિસિટીનાં ગતકડાં ચાલુ છે. હવે આલિયા અને રણબીરના લૂકના ફોટા લીક કરી દેવાયા છે. બોલિવુડ વર્તુળોમાં ચર્ચા અનુસાર આ ફિલ્મ રાજ કપૂરની ક્લાસિક 'સંગમ'ની રીમેક છે. હાલ વાયરલ થયેલા લૂકમાં રણબીર અને આલિયા રેટ્રો લૂકમાં દેખાય છે તે પરથી આ ચર્ચાને બળ મળ્યું છે. આલિયા ભટ્ટનો બ્લૂ ડ્રેસમાં અને રણબીર કપૂરને વ્હાઈટ શર્ટ, પેન્ટ અને ટાઈમાં લૂક વાયરલ થયો છે. પરંતુ તે પહેલાં ફિલ્મની સતત ચર્ચા થયા કરે તે માટે પબ્લિસિટીનાં ગતકડાં ચાલુ છે. હવે આલિયા અને રણબીરના લૂકના ફોટા લીક કરી દેવાયા છે. બોલિવુડ વર્તુળોમાં ચર્ચા અનુસાર આ ફિલ્મ રાજ કપૂરની ક્લાસિક 'સંગમ'ની રીમેક છે. હાલ વાયરલ થયેલા લૂકમાં રણબીર અને આલિયા રેટ્રો લૂકમાં દેખાય છે તે પરથી આ ચર્ચાને બળ મળ્યું છે. આલિયા ભટ્ટનો બ્લૂ ડ્રેસમાં અને રણબીર કપૂરને વ્હાઈટ શર્ટ, પેન્ટ અને ટાઈમાં લૂક વાયરલ થયો છે. દેખીતી રીતે ફિલ્મ નિર્માતા સંજય લીલા ભણશાળીની સંમતિ વિના સેટ પરથી ફોટા લીક થાય તે શક્ય જ નથી. તેમાં પણ રણબીર અને આલિયા જેવા સેટ પર હોય ત્યારે 'ડૂ નોટ ડિસ્ક્લોઝ' કરારનો બહુ સખ્તાઈથી અમલ કરાતો હોય છે. આમ, આ ફોટા ફિલ્મની ટીમ તરફથી જાણીજોઈને લીક કરાયા હોય તે વધારે શક્ય છે. બોલિવુડમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી ફિલ્મ શૂટિંગ વખતે ભારે ગુપ્તતા જાળવવામાં આવે છે. સેટ પર કોઈને પણ મોબાઈલનો ઉપયોગ કરવાની છૂટ હોતી નથી. ફિલ્મના હિરો-હિરોઈનના ફર્સ્ટ લૂક જાહેર કરવા માટે મોટાપાયે એનાઉન્સમેન્ટ થાય છે. જોકે, બીજી તરફ કેટલાક નિર્માતાઓ ફિલ્મની પબ્લિસિટી માટે પોતાના તરફથી જ કલાકારોના લૂક તથા સ્ટોરીની વિગતો સહિત અન્ય બાબતો લીક કરતા રહે છે. તેમાં પણ રણબીર અને આલિયા જેવા સેટ પર હોય ત્યારે 'ડૂ નોટ ડિસ્ક્લોઝ' કરારનો બહુ સખ્તાઈથી અમલ કરાતો હોય છે. આમ, આ ફોટા ફિલ્મની ટીમ તરફથી જાણીજોઈને લીક કરાયા હોય તે વધારે શક્ય છે. બોલિવુડમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી ફિલ્મ શૂટિંગ વખતે ભારે ગુપ્તતા જાળવવામાં આવે છે. સેટ પર કોઈને પણ મોબાઈલનો ઉપયોગ કરવાની છૂટ હોતી નથી. ફિલ્મના હિરો-હિરોઈનના ફર્સ્ટ લૂક જાહેર કરવા માટે મોટાપાયે એનાઉન્સમેન્ટ થાય છે. જોકે, બીજી તરફ કેટલાક નિર્માતાઓ ફિલ્મની પબ્લિસિટી માટે પોતાના તરફથી જ કલાકારોના લૂક તથા સ્ટોરીની વિગતો સહિત અન્ય બાબતો લીક કરતા રહે છે.

# નેટફ્લિક્સનું વોર્નર બ્રધર્સને ખરીદવું બજાર માટે જોખમ : ટ્રમ્પે ચિંતા વ્યક્ત કરી, કહ્યું- હું આ ડીલમાં સામેલ રહીશ

**નવી દિલ્હી, તા.08**

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે નેટફ્લિક્સ અને વોર્નર બ્રધર્સ વચ્ચે થઈ રહેલી મલ્ટી-બિલિયન ડોલર ડીલ પર ચિંતા વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે નેટફ્લિક્સનો માર્કેટ શેર પહેલેથી જ ઘણો મોટો છે, જે આ ડીલથી વધુ વધી શકે છે.

એટલું જ નહીં, તેમણે એમ પણ કહ્યું કે નેટફ્લિક્સનું વોર્નર બ્રધર્સને ખરીદવું બજાર માટે ખતરો પણ બની શકે છે. ટ્રમ્પે સ્પષ્ટ કહ્યું કે તેઓ આ ડીલ સંબંધિત નિર્ણયમાં પોતે સામેલ રહેશે. હોલીવુડમાં એન્ટિટ્રસ્ટની ચિંતાઓ વચ્ચે ફેડરલ ઓથોરિટી ડીલની તપાસ પણ કરી રહી છે.

ટ્રમ્પે કહ્યું કે નેટફ્લિક્સનો માર્કેટ શેર પહેલેથી જ ઘણો વધારે છે અને આ એક સમસ્યા બની શકે છે. તેમનું માનવું છે કે આ ડીલ મીડિયા લેન્ડસ્કેપને હચમચાવી દેશે. OTT પ્લેટફોર્મ્સનો દબદબો વધવાથી સ્પર્ધા ઓછી થઈ શકે છે, જે ગ્રાહકો માટે સારું નથી.

હોલીવુડમાં પણ આ ડીલને લઈને વિરોધ થઈ રહ્યો છે. ત્યાં કન્સોલિડેશનની આશંકાથી એન્ટિટ્રસ્ટ ચિંતાઓ વધી ગઈ છે. ફેડરલ ઓથોરિટી જોઈ રહી છે કે શું આ ડીલ આગળ વધવી જોઈએ કે નહીં. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે ડીલનું રિવ્યુ ચાલી રહ્યું છે.

ટ્રમ્પે કહ્યું કે હું આ ડીલના નિર્ણયમાં સામેલ રહીશ. વ્હાઇટ હાઉસનો આ ડીલ સાથે સીધો સંબંધ હોઈ શકે છે. તેઓ ઈચ્છે છે કે માર્કેટમાં સંતુલન જળવાઈ રહે. પરંતુ રસપ્રદ વાત એ છે કે ટ્રમ્પે નેટફ્લિક્સના કો-સીઈઓ ટેડ સરેન્ડોસની પ્રશંસા પણ કરી.

ટ્રમ્પે કહ્યું કે તેમણે મૂવીઝના ઈતિહાસમાં સૌથી શાનદાર કામ કર્યું છે. ટ્રમ્પનું આ વલણ દર્શાવે છે કે તેઓ બિઝનેસ ડીલ્સમાં પર્સનલ ટચ રાખવાનું પસંદ કરે છે. પહેલા પણ તેમણે ઘણા મર્જર-એક્વિઝિશનમાં હસ્તક્ષેપ કર્યો છે.

હાલમાં આ ડીલને મંજૂરી મળવાની બાકી છે. જો ફેડરલ ઓથોરિટીએ ગ્રીન સિગ્નલ આપ્યું, તો નેટફ્લિક્સનો કન્ટેન્ટ પોર્ટફોલિયો વધુ મજબૂત બનશે. પરંતુ એન્ટિટ્રસ્ટ મુદ્દાઓને કારણે ડીલમાં વિલંબ અથવા ફેરફાર થઈ શકે છે. હોલીવુડ માટે આ એક મોટો ફેરફાર હશે. કારણ કે આ ડીલથી કન્ટેન્ટ ક્રિએટર્સ અને સ્ટુડિયો પર અસર પડી શકે છે.

જ્યારે આ ડીલ ગ્રાહકો માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે, જો તેમને વધુ કન્ટેન્ટ એક જ જગ્યાએ મળી જાય. પરંતુ જો ટ્રમ્પની ચિંતા સાચી સાબિત થઈ, તો ડીલ રદ પણ થઈ શકે છે. માર્કેટ નિષ્ણાતોનું કહેવું છે કે OTT સેક્ટરમાં એકીકરણ ચાલુ રહેશે, પરંતુ નિયમન કડક બનશે.

OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સે વોરનર બ્રધર્સ સ્ટુડિયોને 72 બિલિયન ડોલર એટલે કે 6.47 લાખ કરોડ રૂપિયામાં ખરીદવાની જાહેરાત કરી છે. આ ડીલ મનોરંજન ઉદ્યોગમાં એક મોટું



મર્જર છે, જે સ્ટ્રીમિંગ અને પરંપરાગત મીડિયાને જોડશે. ગુરુવારે કંપનીની બોર્ડ મીટિંગ પછી આ જાહેરાત કરવામાં આવી.

ડીલ હેઠળ નેટફ્લિક્સ, વોર્નર બ્રધર્સ ડિસ્કવરી (WBD) ના ફિલ્મ-ટીવી સ્ટુડિયો અને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ (HBO Max અને HBO) ને પોતાની સાથે ભેળવશે. જોકે, ડીલમાં વોર્નર બ્રધર્સના લીનિયર ટીવી ચેનલો જેવા કે ડિસ્કવરી, CNN અને અન્ય બ્રોડકાસ્ટ પ્રોપર્ટીઝ શામેલ નથી. આ વસ્તુઓ વેચાણ પહેલા અલગ કરી દેવામાં આવશે.

કંપની અનુસાર, આ ખરીદી તેમની કન્ટેન્ટને વધુ મજબૂત કરશે. નેટફ્લિક્સના CEO ટેડ સારન્ડોસે કહ્યું, 'આ ડીલ અમારી વૃદ્ધિને નવી ઊંચાઈ આપશે. વોર્નરની ફિલ્મો અને શો અમારી લાઈબ્રેરીનો ભાગ બનશે, જેનાથી યુઝર્સને વધુ વિકલ્પો મળશે.'

આ ડીલ 72 બિલિયન ડોલરની છે, જેમાં મોટાભાગનું પેમેન્ટ રોકડમાં થશે અને બાકીનું નેટફ્લિક્સના શેર દ્વારા પણ ચૂકવવામાં આવશે. વોર્નર બ્રધર્સ ડિસ્કવરીનો એક ભાગ છે, જે પહેલાથી જ ઘણા બિડર્સના ચક્કરમાં હતું. રિપોટ્ર્સ અનુસાર, ડિઝની, એમેઝોન, કોમકાસ્ટ અને પેરામાઉન્ટ સ્કાયડાન્સે પણ બિડ લગાવી હતી, પરંતુ નેટફ્લિક્સે સૌથી ઊંચી બોલી લગાવી. ડેવિડ એલિસનની પેરામાઉન્ટ સ્કાયડાન્સ ટ્રમ્પની મોટી સમર્થક છે.

આ ડીલ આવતા વર્ષની પ્રથમ ક્વાર્ટરમાં પૂરી થવાની અપેક્ષા છે, જો રેગ્યુલેટરી મંજૂરી મળી જાય. નેટફ્લિક્સ પાસે હાલમાં વિશ્વભરમાં 30 કરોડ સબ્સ્ક્રાઈબર્સ છે, જ્યારે વોર્નર બ્રધર્સ 13 કરોડથી વધુ યુઝર્સને સેવા આપે છે. આ મર્જર બંનેના દર્શકોને એક પ્લેટફોર્મ પર લાવશે.

નેટફ્લિક્સની શરૂઆત 1997માં રીડ હેસ્ટિંગ્સે DVD રેન્ટલથી કરી હતી. આજે તે એક ગ્લોબલ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ છે, જેની 2024માં આવક 35 બિલિયન ડોલર એટલે કે 3.14 લાખ કરોડ રૂપિયા રહી. કંપની ઓરિજિનલ કન્ટેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમ કે સ્ટ્રેન્જર થિંગ્સ અને ધ ક્રાઉન.

જ્યારે વોર્નર બ્રધર્સની સ્થાપના 1923માં થઈ હતી, જે હોલીવુડના જૂના સ્ટુડિયોમાંથી એક છે. તે બેટમેન, હેરી પોટર જેવી ફ્રેન્ચાઈઝીની માલિક છે. 2022માં વોર્નર ડિસ્કવરીનું મર્જર થયું હતું, પરંતુ કંપની દેવા અને સ્પર્ધાથી ઝઝૂમી રહી હતી. નેટફ્લિક્સ માટે આ ખરીદી સસ્તામાં ગુણવત્તાયુક્ત કન્ટેન્ટ મેળવવાની તક છે.

આ ડીલથી સ્ટ્રીમિંગ વોરમાં નેટફ્લિક્સ આગળ નીકળી જશે. નિષ્ણાતોનું કહેવું છે કે વોર્નરની 10 હજારથી વધુ ફિલ્મો અને શો નેટફ્લિક્સ પર આવી જશે, જે યુઝર્સને પ્લેટફોર્મ પર રોકવામાં મદદ કરશે. પરંતુ આ ડીલ એન્ટી-ટ્રસ્ટ ચિંતાઓને પ્રોત્સાહન આપી શકે છે, કારણ કે માર્કેટ શેર 40% થી ઉપર જતો રહેશે.

વોર્નરના ચેરમેન ડેવિડ જસલેવે કહ્યું, 'નેટફ્લિક્સ સાથેની ભાગીદારીથી અમારી સર્જનાત્મકતાને નવું પ્લેટફોર્મ મળશે.' ઈન્ડસ્ટ્રી એનાલિસ્ટ્સ માને છે કે આ મર્જર નાના પ્લેયર્સ જેવા કે પેરામાઉન્ટ પર દબાણ લાવશે. ડીલ પછી નેટફ્લિક્સ 2026 સુધીમાં 50 નવા ઓરિજિનલ શો લોન્ચ કરવાનું આયોજન કરી રહ્યું છે, જેમાં વોર્નરની IP નો ઉપયોગ થશે. કંપની ભારત અને એશિયામાં વિસ્તરણ કરશે, જ્યાં હાલમાં 5 કરોડથી વધુ યુઝર્સ છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ ડીલ સ્ટ્રીમિંગને મેઈનસ્ટ્રીમ બનાવશે, પરંતુ પ્રાઈવસી અને કન્ટેન્ટ રેગ્યુલેશન પર ધ્યાન વધશે. નેટફ્લિક્સ હવે AI ટૂલ્સથી પર્સનલાઈઝ્ડ ભલામણો પર પણ કામ કરશે.

## હવે વૃદ્ધત્વને ધીમું કરી શકાશે! : ઝોમેટોના CEO દીપિન્દર ગોયલે 'ટેમ્પલ'નું ટીઝર રજૂ કર્યું, ડિવાઈસ મગજના રક્ત પ્રવાહને રિઅલ ટાઈમમાં મોનિટર કરશે

**નવી દિલ્હી, તા.08**

ઝોમેટોની પેરન્ટ કંપની 'ઈટર્નલ'ના ફાઉન્ડર-સીઈઓ દીપિન્દર ગોયલે પોતાનું નવું ડિવાઈસ 'ટેમ્પલ'નું ટીઝર ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યું. આ નાનું ગોલ્ડન ડિવાઈસ બ્રેઈન બ્લડ ફ્લોને રિયલ-ટાઈમ મોનિટર કરે છે. બ્રેઈન બ્લડ ફ્લો એક ચોક્કસ સમયગાળામાં લોહીનો જે જથ્થો મગજના ચોક્ક ભાગમાંથી કે આખા મગજમાંથી પસાર થાય છે, તેને સેરેબ્રલ બ્લડ ફ્લો પણ કહેવાય છે.

દીપિન્દર ગોયલે કેપ્શનમાં લખ્યું, 'ગેટિંગ ધેર.' અગાઉ તેમણે તેને કપાળ પર જમણી બાજુ પહેર્યું હતું, જેનાથી સોશિયલ મીડિયા પર ઘણી જિજ્ઞાસા વધી હતી. આ ડિવાઈસ ગોયલના ગ્રેવિટી એજિંગ હાઈપોથિસિસ પરના રિસર્ચનો એક ભાગ છે.

દીપિન્દર ગોયલે 'લિંક્ડઈન' (પ્રોફેશનલ સોશિયલ નેટવર્કિંગ પ્લેટફોર્મ) પર જણાવ્યું કે, 'ટેમ્પલ એક પ્રાયોગિક (એક્સપેરિમેન્ટલ) ડિવાઈસ છે, જે બ્રેઈન ફ્લોને સચોટ રીતે, રિયલ-ટાઈમ અને સતત



ગણતરી કરે છે. આ નાનું ગોલ્ડન ડિવાઈસ માથા પર લાગે છે.'

ગોયલે કહ્યું કે, આ તેમના સતત રિસર્ચ પ્રોજેક્ટનો એક ભાગ છે, જે માનવ અસ્તિત્વના સંશોધન પર કામ કરે છે. છેલ્લા બે વર્ષથી બાયોલોજીનો અભ્યાસ કરી રહ્યા છે, જેથી વૃદ્ધત્વને ધીમું કરવાની રીત શોધી શકાય.

ગત મહિને દીપિન્દર ગોયલે 'લિંક્ડઈન' પર એક સિરીઝ પોસ્ટ કરી, જેમાં ગ્રેવિટી એજિંગ હાઈપોથિસિસ વિશે સમજાવ્યું. તેમણે કહ્યું કે, 'ગ્રેવિટી સીધી રીતે માનવ વૃદ્ધત્વને પ્રભાવિત કરી શકે છે. ન્યૂટને નામ આપ્યું, આઈન્સ્ટાઈને કહ્યું કે, તે સ્પેસ-ટાઈમને વાળે છે. હું કહું છું કે ગ્રેવિટી આયુષ્ય ટૂંકાવે છે.'

ગોયલે ત્રણ વિચારોને જોડ્યા. 'સીધા ઊભા રહેવાથી મગજના રક્ત પ્રવાહમાં થોડો ઘટાડો, હાઈપોથૅલેમસ અને બ્રેઈનસ્ટેમ ન્યુરોન્સની સંવેદનશીલતા, તેમજ આ પ્રદેશોની વૃદ્ધત્વને નિયંત્રિત કરવામાં ભૂમિકા.'

ગોયલે કહ્યું, 'હું 'ઈટર્નલ'ના CEO તરીકે નહીં, પરંતુ એક જિજ્ઞાસુ વ્યક્તિ તરીકે શેર કરી રહ્યો છું.' હાઈપોથિસિસને ડિવાઈસ પ્રમોટ કરવાના આરોપ પર બોલ્યા, 'ટેમ્પલ નાની ક્યૂટ કંપની બનશે, જો બનશે તો. 'ઈટર્નલ' સાથે સરખામણી નથી. અમે હાઈપોથિસિસને માર્કેટિંગ ગિમિક માટે બનાવ્યું નથી. ગ્રાહકોનો વિશ્વાસ ગુમાવવો એ મારી રમત નથી.'

ગોયલનો સતત સંશોધન પ્રોજેક્ટ વૃદ્ધત્વ ધીમું કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. ટેમ્પલ ડિવાઈસ ગ્રેવીટી હાઈપોથિસિસને ચકાસવા માટેનું સાધન બનશે. ગોયલે કહ્યું કે, 'આ વૈજ્ઞાનિક પરંતુ અપરંપરાગત (અનકન્વેન્શનલ) છે. સંશોધન ચાલુ છે, ડિવાઈસ લોન્ચ પર અપડેટ આપીશું.'

## ચાંદીની કિંમત ઓલ ટાઈમ હાઈ : 900 રૂપિયા મોંઘી થઈને ₹1.79 લાખ પ્રતિ કિલો વેચાઈ રહી છે, સોનાનો ભાવ ₹1 લાખ 28 હજારને પાર

**નવી દિલ્હી, તા.08**

8 ડિસેમ્બરે ચાંદીનો ભાવ ઓલ ટાઈમ હાઈ પહોંચી ગયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 1 કિલો ચાંદીનો ભાવ 900 રૂપિયા વધીને 1,79,110 રૂપિયાની રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયો છે. આ પહેલા ચાંદીની કિંમત 1,78,210 રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી.

જ્યારે, આજે સોનાના ભાવમાં પણ તેજી જોવા મળી રહી છે. 10 ગ્રામ સોનું 99 રૂપિયા મોંઘું થઈને 1,28,691 રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા સોનું 1,28,592 રૂપિયાનું હતું. ગયા કારોબારી સપ્તાહમાં સોનું 2,001 રૂપિયા અને ચાંદી 13,851 રૂપિયા મોંઘી થઈ છે. સોનાએ 17 ઓક્ટોબરે 1,30,874 રૂપિયાની ઓલ ટાઈમ હાઈ બનાવી હતી.

IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિન શામેલ હોતા નથી, તેથી જુદા જુદા શહેરોના ભાવ અલગ



અલગ હોય છે. પંજાબ નેશનલ બેંક સહિત ઘણી બેંકો ગોલ્ડ લોન રેટ નક્કી કરવા માટે આ કિંમતોનો ઉપયોગ કરે છે.

1. કેન્દ્રીય બેંકોની ખરીદી: દુનિયાભરની મોટી બેંકો ડોલર પરની નિર્ભરતા ઘટાડવા માગે છે. તેથી તેઓ પોતાના ભંડોળમાં સોનાનો હિસ્સો સતત વધારી રહ્યા છે.

અસર: જ્યારે મોટી બેંકો સતત ખરીદી કરે છે ત્યારે બજારમાં સોનાની માગ જળવાઈ રહે છે અને કિંમત ઉપર જાય છે.

2. ક્રિપ્ટોથી સોના તરફ વલણ: ક્રિપ્ટોમાં ઉતાર-ચઢાવ અને કડક નિયમોના ડરથી રોકાણકારો સોનામાં પૈસા લગાવી રહ્યા છે. છેલ્લા કેટલાક સમય દરમિયાન ભારતમાં શેરબજારમાંથી ઓછા વળતરે પણ સોનાને આકર્ષક બનાવ્યું છે. આ ઉપરાંત લગ્નની સીઝન શરૂ થવાથી પણ સોનાની માંગ વધી ગઈ છે.

અસર: સોનાની માગમાં તેજી અને ગોલ્ડ ETFમાં વધતા રોકાણથી કિંમતો વધી જાય છે.

3. લાંબા ગાળાની સંપત્તિ: સોનું ક્યારેય સંપૂર્ણપણે નકામું થતું નથી. તે નાશ પામતું નથી, મર્યાદિત માત્રામાં છે અને મોંઘવારીના સમયે તેની કિંમત જાળવી રાખે છે.

અસર: લાંબા ગાળે સોનું રાખવું મોટાભાગે ફાયદાકારક છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 52,529 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,28,691 રૂપિયા થઈ ગયું છે.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 93,093 રૂપિયા વધ્યો છે. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 1,79,110 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

કેડિયા એડવાઈઝરીના ડાયરેક્ટર અજય કેડિયા કહે છે કે ભૌગોલિક રાજકીય તણાવ યથાવત છે. તેનાથી ગોલ્ડને સપોર્ટ મળી રહ્યો છે. તેનાથી ગોલ્ડની માગ વધી રહી છે. આવા સંજોગોમાં આ વર્ષે સોનું 1 લાખ 35 હજાર રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

## શેર માર્કેટમાં ઈન્ડિગોનું 'ક્રેશ લેન્ડિંગ' ! 5 દિવસમાં 16% ગાબડું, સરકારની કડકાઈ બાદ રોકાણકારોમાં હલચલ

**નવી દિલ્હી, તા.08**

ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટો રદ થવાનો સિલસિલો આજે સાતમાં દિવસે પણ યથાવત્ છે. રિપોર્ટ મુજબ, એરલાઈન્સે આજે વધુ 400 ફ્લાઈટો રદ કરી દીધી છે, જેના કારણે આજે પણ મુસાફરો પરેશાનીનો સામનો કરી રહ્યા છે. સંકટ એવું છે કે, ક્યાંક મુસાફરોની ફ્લાઈટો રદ થઈ રહી છે, તો કેટલીક ફ્લાઈટો વિલંબથી ચાલી રહી છે, જેના કારણે તેઓએ કલાકો સુધી રાહ જોવી પડી રહી છે. એટલું જ નહીં કંપની દ્વારા યોગ્ય સૂચના પણ આપવામાં આવી રહી નથી. આ તમામ ઘટના ક્રમ વચ્ચે ઈન્ડિગોને શેર બજારમાં પણ મોટો ઝટકો લાગ્યો છે.

આમ તો જ્યારથી ઈન્ડિગોનું સંકટ થયું છે, તેના પાંચ દિવસમાં તેનો સ્ટોક 16% સુધી ગગડી ગયો છે. પરંતુ આજે (8 ડિસેમ્બર) તેના સ્ટોકમાં મોટું ગાબડું પડ્યું



છે. સવારે 9.15 કલાકે ચાર%ના ઘટાડા સાથે ઓપનિંગ થયેલા સ્ટોક લગભગ 9.40% સુધી ગગડી ગયો છે. આમ તેના સ્ટોકમાં સતત સાતમાં દિવસે પણ ઘટાડો નોંધાયો છે. જ્યારે સોમવારે માર્કેટ શરૂ થયું ત્યારે ઈન્ડિગોના સ્ટોક 4900 રૂપિયા સુધી નીચે આવી ગયા હતા. તેના સ્ટોકનો ભાવ એક મહિનામાં લગભગ 13% ઘટી ગયો છે. જ્યારે એક વર્ષમાં 8%ની તેજી જોવા મળી છે. છેલ્લા ટ્રેડિંગમાં (5 ડિસેમ્બર) માર્કેટ બંધ થયું ત્યારે તેના સ્ટોકની કિંમત 5371.30 હતી, જ્યારે આજે માર્કેટ બંધ થયું ત્યારે તેનો ભાવ 4906 નોંધાયો છે, એટલે કે તેના શેરની કિંમતમાં 465.30 રૂપિયા (8.66%)નો ઘટાડો નોંધાયો છે.

ઉલ્લેખનીય છે કે, રવિવારે પણ ઈન્ડિગોની 650 ફ્લાઈટ રદ કરવામાં આવી હતી, જ્યારે ઘરેલું અને આંતરરાષ્ટ્રીય સહિત કુલ 2300 ફ્લાઈટમાં 1650 ફ્લાઈટનું યોગ્ય સંચાલન થયું હતું. એરલાન્સે કહ્યું હતું કે, તેના 138માંથી 137 ડેસ્ટિનેશન પર ફ્લાઈટનું સંચાલન શરૂ થઈ ગયું છે. ગયા અઠવાડિયે 2000થી વધુ ફ્લાઈટ રદ થઈ ગઈ હતી, જેના કારણે મુસાફરો ભારે પરેશાન થવાની સાથે અનેક એરપોર્ટ પર હોબાળો પણ થયો હતો. એરલાઈન્સે ગઈકાલે એવું પણ કહ્યું હતું કે, તેણે પ્રવાસીઓને 610 કરોડ રૂપિયાનું રિફંડ ચૂકવી દીધું છે, જ્યારે લગેજની 3000 બેગ પ્રવાસીઓના સરનામે મોકલી દીધી છે. એટલે કે હવે ઈન્ડિગોના સંચાલનમાં સુધારો થઈ રહ્યો છે.

વાસ્તવમાં ઈન્ડિગો એરલાઈન્સે ફ્લાઈટો રદ થવા પાછળ નવા 'ફ્લાઈટ ડ્યૂટી ટાઈમ લિમિટેશન (FDTL)'ના નિયમોનું કારણ આપ્યું હતું. આ નિયમ હેઠળ પાયલોટ અને ક્રૂ મેમ્બરના ડ્યૂટી અને આરામ સમયમાં ફેરફાર કરાયો છે. રિપોર્ટ મુજબ ઈન્ડિગોએ રોસ્ટર મુજબ પાયલટને ડ્યૂટી આપી ન હતી. તેણે નાણાકીય વર્ષ 2025માં માત્ર 418 પાયલોટને સામેલ કર્યા હતા. નિષ્ણાતોનું કહેવું છે કે, માત્ર નિયમોના કારણે ફ્લાઈટ રદ થઈ નથી, પરંતુ એરલાઈન્સે સમયસર નિમણૂકો પણ કરી નથી, જેના કારણે એરલાઈન્સની સ્થિતિ ખરાબ થઈ છે. બીજી તરફ ફ્લાઈટોનું સમસ્યાનું તાત્કાલિક નિવારણ લાવી શકાય તે માટે ઈન્ડિગોએ ક્રાઈસીસ મેનેજમેન્ટ ગ્રૂપ બનાવ્યું છે.

## સેન્સેક્સ 610 પોઈન્ટ ઘટીને 85,103 પર બંધ : નિફ્ટીમાં પણ 226 પોઈન્ટ ઘટાડો, રિયલ્ટી અને મીડિયા સેક્ટર ઘટ્યા, ઈન્ડિગોના શેર 8.62% તૂટ્યા

**નવી દિલ્હી, તા.08**

8 ડિસેમ્બર, સોમવાર, સપ્તાહના પહેલા ટ્રેડિંગ દિવસે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 610 પોઈન્ટ (0.71%) ઘટીને 85,103 પર બંધ થયો. નિફ્ટી પણ 226 પોઈન્ટ (0.86%) ઘટીને 25,961 પર બંધ થયો.

સેન્સેક્સના 30 શેરોમાંથી 27 શેર ઘટીને બંધ થયા. BEL, ટ્રેન્ટ અને ઝોમેટોના શેરોમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો, જેમાં 5%નો ઘટાડો થયો. કુલ 19 શેરોમાં 1% થી 5નો ઘટાડો થયો.

નિફ્ટીના 50 માંથી 47 શેર ઘટીને બંધ થયા. NSE પર રિયલ્ટી સેક્ટર સૌથી વધુ ઘટ્યું, જેમાં 3.53% ઘટાડો થયો. મીડિયા, PSU બેંકો અને હેલ્થકેર શેર 3% સુધી ઘટ્યા.

ઈન્ડિગોના શેરમાં 8% ઘટાડો આ દરમિયાન, દેશભરમાં ઈન્ડિગો ક્રાઈસિસને કારણે, કંપનીના શેરમાં 8% ઘટાડો થયો છે. કંપનીનો શેર



4,950 પર ટ્રેડ થઈ રહ્યો છે. છેલ્લા પાંચ દિવસમાં, કંપનીના શેરમાં 14%થી વધુનો ઘટાડો થયો છે.

એશિયન બજારોમાં જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.03% ઘટીને 50,473 પર અને કોરિયાનો કોસ્પી 0.19% વધીને 4,107 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.98% ઘટીને 25,829 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.62% વધીને 3,927.19 પર કારોબાર કરી રહ્યો છે.

5 ડિસેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ 0.22% વધીને 47,954 પર બંધ થયો. જ્યારે,નેસ્ડેક કમ્પોઝિટ 0.31% અને S&P 500 0.19% વધીને બંધ થયા હતા.

5 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ કેશ સેગમેન્ટમાં 239.26 કરોડના શેર વેચ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો (DIIs) એ 3,853.57 કરોડની ખરીદી કરી.

ડિસેમ્બરના પહેલા 5 કારોબારી દિવસમાં FIIsએ કુલ 10,203 કરોડના શેર વેચ્યા છે. આ દરમિયાન બજારને સંભાળી રહેલા DIIsએ 19,449 કરોડના શેર ખરીદ્યા છે.

નવેમ્બર મહિનામાં FIIsએ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIsએ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો સપોર્ટ છે.

બેંક ઓફ અમેરિકાએ કેલેન્ડર યર 2026 માટે નિફ્ટીનો ટાર્ગેટ 29,000 નક્કી કર્યો છે, જે વર્તમાન સ્તરથી 11% ગ્રોથ છે. બ્રોકરેજે કહ્યું કે વેલ્યુ વધવાની સંભાવના ઓછી છે અને આવકમાં ગ્રોથ થવાથી બજારમાં તેજી આવશે.

5 ડિસેમ્બરે સેન્સેક્સ 447 અંક વધીને 85,712 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 152 અંકનો ઉછાળો રહ્યો, તે 26,186 પર બંધ થયો હતો. જ્યારે, SBI અને બજાજ ફિનસર્વના શેરોમાં પણ ઉછાળો જોવા મળ્યો છે.

સેન્સેક્સના 30માંથી 24 શેરોમાં તેજી રહી. નિફ્ટીના 50માંથી 38 શેરો વધીને બંધ થયા છે. બેન્કિંગ, IT અને રિયલ્ટી શેરોમાં ખરીદી જોવા મળી. મીડિયા અને ફાર્મા શેરોમાં વેચવાલી રહી હતી.

## મહિન્દ્રા XUV 700નું ફેસલિફ્ટ XUV 7XO નામથી આવશે : મિડસાઇઝ SUVમાં ટ્રિપલ ડિસ્પ્લે સેટઅપ

**નવી દિલ્હી, તા.08**

મહિન્દ્રા XUV 700નું ફેસલિફ્ટ મોડલ 5 જાન્યુઆરીએ ભારતમાં લોન્ચ કરવામાં આવશે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે આજે (8 ડિસેમ્બર) પહેલું ટીઝર રિલીઝ કરીને જાહેરાત કરી છે. ખાસ વાત એ છે કે અપકમિંગ પ્રીમિયમ SUV ટ્રિપલ ડિસ્પ્લે સેટઅપ સાથે XUV 7XO નામથી આવશે. વર્તમાનમાં મહિન્દ્રા XUV700ની કિંમત 13.66 લાખ રૂપિયાથી 23.71 લાખ રૂપિયા (એક્સ-શોરૂમ પાન-ઈન્ડિયા)ની વચ્ચે છે. અપકમિંગ 2026 મહિન્દ્રા XUV 7XOની કિંમત આનાથી વધુ રાખવામાં આવી શકે છે. તેનો મુકાબલો મહિન્દ્રા સ્કોર્પિયો એન, ટાટા સફારી, હ્યુન્ડાઈ અલ્કાઝાર અને MG હેક્ટર પ્લસ સાથે થશે. નવી 2026 મહિન્દ્રા XUV 7XO ને ટેસ્ટિંગ દરમિયાન પહેલા પણ ઘણી વખત ભારતીય રસ્તાઓ પર જોવામાં આવી છે. આના ફ્રન્ટમાં અપરાઈટ મલ્ટી-સ્લેટ ગ્રિલ, નવા ડ્યુઅલ-પોડ LED પ્રોજેક્ટર હેડલેમ્પ્સ, શાર્પ એર ડેમ અને પહોળી સ્કિડ પ્લેટ સાથે ન્યૂ ડિઝાઈન બમ્પર આપવામાં આવશે. સાઈડમાં 18 ઈંચના નવા એલોય વ્હીલ્સ મળી શકે છે. જ્યારે, રિયરમાં કનેક્ટેડ LED ટેલલાઈટ અને નવી ડિઝાઈનનું બમ્પર મળશે. આ SUV ને નવા મોનોટોન અને ડ્યુઅલ-ટોન એક્સટીરિયર કલર ઓપ્શન સાથે લોન્ચ કરી શકાય છે. XUV 7XOનું ઈન્ટિરિયર અગાઉ જાહેર થયેલા સ્પાય શોટ્સમાં જોવા મળ્યું છે. મહિન્દ્રા કારને નવા ટેક્નોલોજી અપગ્રેડ સાથે લોન્ચ કરશે. તેમાં XEV 9e અને આગામી XEV 9Sની જેમ નવું ટ્રિપલ-ડિસ્પ્લે સેટઅપ આપવામાં આવશે. કેબિનમાં લાઈટ કલર થીમ સાથે બેજ કલરની સીટો પહેલાની જેમ જ મળશે. ફેસલિફ્ટ XUV 7XO કારમાં નવા ટ્રિપલ-સ્ક્રીન લેઆઉટ ઉપરાંત મસાજિંગ ફ્રન્ટ સીટો, રીઅર વેન્ટિલેટેડ સીટો (6-સીટર વેરિઅન્ટ), અપગ્રેડેડ 16-સ્પીકર હાર્મન કાર્ડન સાઉન્ડ સિસ્ટમ, મલ્ટી-કલર એમ્બિયન્ટ લાઈટિંગ અને એક વધારાના વાયરલેસ ફોન ચાર્જર જેવા ફીચર્સ આપી શકે છે. કારમાં સ્લાઈડિંગ મિડલ રો સીટો પણ મળી શકે છે. ઉપરાંત, પહેલાની જેમ સ્ટાન્ડર્ડ મોડેલવાળા ફીચર્સ મળશે, જેમાં વાયરલેસ એન્ડ્રોઈડ ઓટો અને એપલ કારપ્લે, વેન્ટિલેટેડ ફ્રન્ટ સીટો, પેનોરેમિક સનરૂફ, મેમરી સાથે પાવર્ડ ડ્રાઈવર સીટ અને ડ્યુઅલ ઝોન ક્લાઈમેટ કંટ્રોલનો સમાવેશ થાય છે.

## હવે ભારતમાં ડાયરેક્ટ સેટેલાઇટથી ઇન્ટરનેટ મળશે : ઇલોન મસ્કનું 'સ્ટારલિંક' ₹8,600 પ્રતિ મહિને 220+ Mbpsની સ્પીડે અનલિમિટેડ ઇન્ટરનેટ આપશે.....

**મુંબઈ, તા.08**

ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સે ભારતમાં તેની સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ 'સ્ટારલિંક'ની કિંમતની જાહેરાત કરી દીધી છે. રેસિડેન્શિયલ પ્લાન માટે યુઝર્સને દર મહિને 8,600 ચૂકવવા પડશે. જ્યારે, હાર્ડવેર તરીકે એક સેટેલાઈટ ડિશ કિટ લેવી પડશે, જેની કિંમત 34,000 છે. કંપનીએ કહ્યું છે કે, 'યુઝર્સને પહેલા 30 દિવસના ટ્રાયલનો મોકો મળશે, જો તેઓ તેનાથી સંતુષ્ટ નહીં હોય તો પૂરા પૈસા રિફંડ થઈ જશે.' સર્વિસ જાન્યુઆરી 2026 સુધીમાં શરૂ થઈ શકે છે. સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ શરૂ થવાથી અનલિમિટેડ ડેટા સાથે 99.9% અપટાઈમ મળશે, જે ગ્રામીણ અને દૂરના વિસ્તારો માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે.

નોંધ: જિયો-એરટેલ સેટેલાઈટ ઈન્ટરનેટ પ્રદાન કરતી નથી. અહીં તેમના ફાઈબર ઓપ્ટિક્સ નેટવર્કની કિંમત આપવામાં આવી છે.

સેટેલાઈટ પૃથ્વીના કોઈપણ ભાગમાંથી બીમ ઈન્ટરનેટ કવરેજને શક્ય બનાવે છે. સેટેલાઈટના નેટવર્કથી યુઝર્સને હાઈ-સ્પીડ, લો-લેટન્સી ઈન્ટરનેટ કવરેજ મળે છે. લેટન્સીનો અર્થ તે સમયથી થાય છે, જે ડેટાને એક પોઈન્ટથી બીજા સુધી પહોંચાડવામાં લાગે છે. સ્ટારલિંક કિટમાં સ્ટારલિંક ડિશ, એક વાઈ-ફાઈ રાઉટર, પાવર સપ્લાય કેબલ્સ અને માઉન્ટિંગ ટ્રાઈપોડ હોય છે. હાઈ-સ્પીડ ઈન્ટરનેટ માટે ડિશને ખુલ્લા આકાશ નીચે રાખવી પડશે. iOS અને એન્ડ્રોઈડ પર સ્ટારલિંકનું એપ ઉપલબ્ધ છે.

# સુભાષબ્રિજ 15 ડિસેમ્બર સુધી બંધ રહેશે : 4 એજન્સી ટેસ્ટિંગ કરશે, તમામ ટેસ્ટ થયા બાદ બ્રિજ અંગે રાજ્ય સરકાર નિર્ણય લેશે

અમદાવાદ, તા.08





અમદાવાદના સૌથી વ્યસ્ત અને ઉત્તર ગુજરાતથી શહેરમાં પ્રવેશ કરવા માટેના મુખ્ય રોડ તરીકે ગણાતા એવા સુભાષબ્રિજ પર તિરાડ અને સ્પાનનો ભાગ બેસી જવાની ઘટના મામલે મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. બ્રિજ નિર્માણ અને કન્સલ્ટન્ટ એજન્સીઓએ સુભાષબ્રિજના ટેસ્ટિંગની કામગીરી શરૂ કરી છે. અલગ અલગ ત્રણ એજન્સી અને કન્સલ્ટન્ટ દ્વારા બ્રિજના રિપોર્ટ કરવામાં આવી રહ્યા છે. આગામી 15 ડિસેમ્બર સુધી બ્રિજના ટેસ્ટની કામગીરી ચાલવાની હોવાના કારણે હજી એક અઠવાડિયા સુધી બ્રિજ બંધ રહેશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં સૂત્રોના જણાવ્યા મુજબ, શહેરના સુભાષબ્રિજ પર પડેલી તિરાડ અને ભાગ બેસી જવા મામલે બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા અલગ અલગ ત્રણ એજન્સી પાસે આખા સુભાષબ્રિજના ટેસ્ટિંગની કામગીરી કરાવવામાં આવી રહી છે. આજે 8 ડિસેમ્બરના રોજ વડોદરાની જીઓ ડાયનેમિક્સ નામની કંપની દ્વારા સુભાષબ્રિજની તપાસ કરવામાં આવી રહી છે. બ્રિજના તમામ પિસર અને તમામ સ્પાનના ઈન્ટિગ્રિટી ટેસ્ટ કરવામાં આવશે. તમામ પાસાં પર તપાસ કરીને બે દિવસ બાદ બ્રિજનો રિપોર્ટ આપવામાં આવશે.

SVNIT સુરતની ટીમ બ્રિજ ઈન્સ્પેક્શન માટે અમદાવાદ આવવાની હતી, જોકે હવે ટીમ આવતીકાલે 9 ડિસેમ્બરના રોજ મંગળવારે સુભાષબ્રિજના ઈન્સ્પેક્શન અને ટેસ્ટ માટે આવશે. બે દિવસ બાદ IIT મુંબઈ અને IIT રૂડકીની ટીમ પણ બ્રિજના ઈન્ફેક્શન અને ટેસ્ટ માટે આવશે, જેથી આખા અઠવાડિયા દરમિયાન સુભાષબ્રિજના ટેસ્ટ અને ઈન્સ્પેક્શનની કામગીરી કરવામાં આવશે. સોમવારે સાંજ સુધીમાં તમામ ટેસ્ટ પૂર્ણ થઈ ગયા બાદ બ્રિજ અંગેનો નિર્ણય લેવામાં આવી શકે છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનનાં સૂત્રોના જણાવ્યા મુજબ, એક અઠવાડિયા સુધી બ્રિજના ઈન્સ્પેક્શન અને ટેસ્ટની કામગીરી અલગ અલગ એજન્સીઓ દ્વારા કરવામાં આવશે. એ તમામ એજન્સીઓનાં સૂચનો અને રિપોર્ટના આધારે રાજ્ય સરકાર નિર્ણય લેશે.

સુભાષબ્રિજ બંધ થતાં વાડજ સર્કલ ખાતે ટ્રાફિકની સમસ્યા વધી છે. વાડજબ્રિજની બંને તરફ સવાર-સાંજના સમયે ટ્રાફિક ખૂબ જ વધી રહ્યો છે, જેને લઈને પોલીસ કમિશનર વાડજ ટ્રાફિક નિરીક્ષણ માટે પહોંચ્યા હતા. શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધતાં અલગ અલગ પોલીસ સ્ટેશનના 250 પોલીસકર્મીની ટ્રાફિકમાં બદલી કરવાનો જી. એસ. મલિકે નિર્ણય કર્યો છે.

સુભાબ્રિજ બંધ હોવાથી વાહનચાલકો હવે દૂધેશ્વર થઈ વાડજ તરફ જઈ રહ્યા છે. વાડજ સર્કલ ખાતે બ્રિજનું કામ ચાલુ હોવાથી રસ્તો સાંકડો હોવાથી ટ્રાફિક થતાં વાહનોની લાંબી લાઈન લાગે છે, જેના કારણે લાંબા સમય સુધી લોકોએ ટ્રાફિકમાં ઊભા રહેવું પડે છે. છેલ્લા 4 દિવસમાં અનેક વાહનચાલકોની ટ્રાફિકની ફરિયાદ હતી.

શહેર પોલીસ કમિશનર જી. એસ. મલિક વાડજ ટ્રાફિકની સમસ્યાને લઈને સ્થળ પર પહોચ્યા હતા. પોલીસ કમિશનર દ્વારા વાડજબ્રિજથી વાડજ સર્કલ સુધી ચાલીને નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. રસ્તો સાંકડો હોવાનું પોલીસ કમિશનરના ધ્યાન પર આવતાં AMCના અધિકારીને બિનજરૂરી વસ્તુઓ દૂર કરી રસ્તો પહોળો કરવા સૂચના આપી હતી.

પોલીસ કમિશનર જી.એસ મલિકે જણાવ્યું હતું કે વાડજ ખાતે ટ્રાફિકની સમસ્યા ખૂબ વધી હતી. હજુ AMC દ્વારા સુભાષબ્રિજ અંગે કોઈ ટાઈમ લાઈન આપવામાં આવી નથી, જેથી લોકોને ટ્રાફિકની સમસ્યાનો સામનો ન કરવો પડે તથા ટ્રાફિક ઓછો થાય એ માટે AMCના અધિકારીઓને વાડજમાં બનતા બ્રિજના કારણે રસ્તો સાંકડો થયો છે એમ બિનજરૂરી વસ્તુઓ હટાવી રસ્તો પહોળો કરવા સૂચન આપ્યા છે. આ ઉપરાંત શહેરના અલગ અલગ ટ્રાફિક-પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા 250 પોલીસકર્મીની ટ્રાફિક-પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવશે.

# દાહોદ 10 ડિગ્રી સાથે સૌથી ઠંડુ, નલિયા બીજા નંબર પર : રાજ્યમાં તાપમાનનો પારો બેથી ત્રણ ડિગ્રી ગગડ્યો.....

દાહોદ, તા.08

રાજ્યના વિવિધ શહેરોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં મિશ્ર વાતાવરણ જોવા મળ્યું છે. વહેલી સવારે અને રાત્રે કડકડતી ઠંડીનો માહોલ જામ્યો છે. તો બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. જોકે બપોર દરમિયાન પણ પવન ફુંકાઈ રહ્યો છે, જેથી વાતાવરણમાં ઠંડીનો પારો વધ્યો હોય તેવું જોવા મળી રહ્યું છે. ગુજરાતમાં દાહોદ 10 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે સૌથી ઠંડ રહ્યું છે. જ્યારે નલિયામાં 11 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે બીજા નંબર પર રહ્યું. જ્યારે 21.8 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે ઓખા સૌથી ગરમ રહ્યું છે. છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. આગામી દિવસોમાં ઠંડી વધે તેવી પૂરી શક્યતા છે.



અમદાવાદમાં મહત્તમ તાપમાન 29.9 અને લઘુત્તમ તાપમાન 15.5 નોંધાયું છે. આ ઉપરાંત, અમરેલીમાં મહત્તમ 30.5 અને લઘુત્તમ 15, જ્યારે બનાસકાંઠામાં મહત્તમ 29.6 અને લઘુત્તમ 14.8 નોંધાયું. સૌરાષ્ટ્રમાં, ભાવનગરમાં મહત્તમ 29.1 અને લઘુત્તમ 15.8, ભૂજમાં મહત્તમ 31.0 અને લઘુત્તમ 14.4, દ્વારકામાં મહત્તમ 30.2 અને લઘુત્તમ 19.4 નોંધાયું છે. મધ્ય ગુજરાતમાં, દાહોદ રાજ્યમાં સૌથી ઓછા લઘુત્તમ તાપમાન 10 સાથે ઠંડુ રહ્યું હતું.

જ્યારે ગાંધીનગરમાં મહત્તમ 30.3 અને લઘુત્તમ 15, કંડલામાં મહત્તમ 29.4 અને લઘુત્તમ 16.6, નલિયામાં મહત્તમ 30.9 અને લઘુત્તમ 11 નોંધાયું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં, ઓખામાં મહત્તમ 27.4 અને લઘુત્તમ 21.8 સાથે સૌથી ઊંચું લઘુત્તમ તાપમાન નોંધાયું છે. પોરબંદરમાં મહત્તમ 30.9 અને લઘુત્તમ 14.6 જોવા મળ્યું છે. દક્ષિણ ગુજરાતમાં, સુરતમાં મહત્તમ 31.8 અને લઘુત્તમ 19.9 નોંધાયું છે, જ્યારે વેરાવળમાં મહત્તમ 29.6 અને લઘુત્તમ 19.2 નોંધાયુ હતું.

## ઘડિયાળી પોળમાં ખરીદી માટે ગયા ને પર્સની ચોરી

# લંડનથી લગ્નમાં આવેલા NRI મહિલાના 18 તોલા સોનાના દાગીના અને 41 હજારની રોકડ લઈ તસ્કર ફરાર

વડોદરા, તા.08



મૂળ મહારાષ્ટ્રના અને હાલ લંડનમાં વસવાટ કરતી NRI મહિલા વડોદરાની ઘડિયાળી પોળમાં ખરીદી માટે ગયા ત્યારે, તેમનું કલરનું પર્સ ચોરાઈ ગયું છે. આ પર્સમાં આશરે 17-18 તોલા સોનાના દાગીના, 41,000 રૂપિયાની રોકડ અને એક ડેબિટ કાર્ડ હતું. જેની કુલ કિંમત 7.56 લાખ રૂપિયા જેટલી થાય છે. વાડી પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ કાર્યવાહી શરૂ કરી છે.

62 વર્ષીય મહિલા સુનંદા માલુસરેએ વાડી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે સુનંદા માલુસરે તેમની નાની પુત્રી જાગૃતિની નણંદ પ્રતિક્ષાના લગ્નમાં હાજરી આપવા માટે 2 ડિસેમ્બરના રોજ મુંબઈથી વડોદરા આવ્યા હતા. તેઓ દંતેશ્વર વિસ્તારમાં આવેલી હોટેલમાં રોકાયા હતા. 5 ડિસેમ્બરના રોજ તેઓ ગોર્વધન હોલમાં લગ્ન સમારોહમાં હાજર રહ્યા હતા.

6 ડિસેમ્બરના રોજ બપોરે આશરે 1.30 વાગ્યે સુનંદા તેમની મોટી પુત્રી ત્રિવેણી, જમાઈ મંગેશ અને બહેનપણી ભાગ્ય પવાર સાથે ઘડીયાળી પોળમાં ખરીદી કરવા ગયા હતા. આશરે 1.45 વાગ્યે તેઓ અંબા માતાની ગલીમાં આવેલી જયશ્રી સિલ્ક સાડીની દુકાનમાં પહોંચ્યા હતા અને ત્યાં સાડીઓની ખરીદી કરી હતી. આશરે 2.45 વાગ્યે તેઓ દુકાનમાંથી બહાર આવ્યા અને અલગ-અલગ જગ્યાએ ખરીદી કરીને સાંજે આશરે 6.30 વાગ્યે હોટેલ પર પરત ફર્યા હતા.

રાત્રે આશરે 10 વાગ્યે સામાન પેક કરતી વખતે સુનંદાએ જોયું તો તેમનું મરૂન કલરનું પર્સ ગુમ થયું હતું. આ પર્સમાં સોનાનું મંગળસૂત્ર, સોનાનો નેકલેસ, એક જોડી સોનાના કાનના ઝુમ્કા અને આશરે 41,000 રૂપિયાની રોકડ હતી. આ ઉપરાંત એક્સિસ બેંકનું ડેબિટ કાર્ડ પણ હતું.

તેઓએ છેલ્લે જયશ્રી સિલ્ક સાડીની દુકાનમાં પેમેન્ટ કરવા માટે કાળા પર્સમાંથી મરૂન પર્સ કાઢ્યું હતું અને ત્યાર બાદ તેને પરત મૂક્યું હતું. તેઓને શંકા છે કે, અજાણ્યા ચોરે ત્યાંથી પર્સ ચોરી લીધું છે. તેઓએ હોટેલના રૂમમાં અને અન્ય જગ્યાઓ પર તપાસ કરી હતી, પરંતુ પર્સ મળ્યું નહોતું. જેથી સુનંદા તેમના સંબંધી અને પુત્રી સાથે વાડી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને ચોરીની ફરિયાદ નોંધાવી હતી. વાડી પોલીસે અજાણ્યા ચોરની શોધખોળ શરૂ કરી છે.

# ઈન્ડિગોની છઠ્ઠા દિવસે 26 ફ્લાઈટ કેન્સલ : અમદાવાદથી 18, રાજકોટથી 4, સુરતથી 3 અને વડોદરાથી 1 ફ્લાઈટ ઉડાન નહિ ભરે

અમદાવાદ, તા.08



પાઈલટ્સ અને ક્રૂ-મેમ્બર્સની અછતને કારણે દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોની કટોકટીનો આજે છઠ્ઠો દિવસ છે. 8 ડિસેમ્બરને સોમવારે ગુજરાતમાં ઈન્ડિગોની 26 ફ્લાઈટ કેન્સલ થઈ છે. રાત્રિના 12થી સવારના 9 વાગ્યા સુધીમાં અમદાવાદની 18, રાજકોટની 4, સુરતની 3 અને વડોદરાની 1 ફ્લાઈટ રદ થવાની માહિતી મળી રહી છે. મુસાફરોને પડતી મુશ્કેલીને ધ્યાને રાખીને રેલવે દ્વારા મોટા શહેરો, જેમ કે મુંબઈ, દિલ્હી, પુણે, હાવડા, હૈદરાબાદ સહિતમાં વિશેષ ટ્રેનો શરૂ કરવામાં આવી છે. આ સાથે જ અમદાવાદ એરપોર્ટ પર ટ્રેનનું બુકિંગ કરવા માટે RCTCનું કાઉન્ટર પણ ખોલવામાં આવ્યુ છે.

અમદાવાદ એરપોર્ટ પરથી મળતી માહિતી મુજબ, આજે 9 વાગ્યા સુધીમાં ઈન્ડિગોની 18 ફ્લાઈટ કેન્સલ થઈ છે, જેમાં નવ આવતી અને નવ જતી ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે. જ્યારે અમદાવાદ એરપોર્ટની વેબસાઈટ પર આજની દિવસભરની કુલ 44 ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે, જેમાં અમદાવાદથી ઉડાન ભરતી 23 અને આવતી 21 ફ્લાઈટનો સમાવેશ થાય છે.

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઈન્ડિગો એર લાઈન્સની આજની રાજકોટથી મુંબઈ, ગોવા, હૈદરાબાદ, બેંગલુરુની ફ્લાઈટ રદ થતાં મુસાફરોમાં ભારે રોષ છે. શુક્રવારે રાજકોટ એરપોર્ટ પરથી ઈન્ડિગોની તમામ 8 ફ્લાઈટ રદ થઈ હતી. શનિવારે 8માંથી એક ફ્લાઈટ રદ થઈ હતી. રવિવારે 9માંથી 5 ફ્લાઈટ કેન્સલ થઈ હતી તો આજે 8 ડિસેમ્બરના 8માંથી 4 ફ્લાઈટ રદ થતાં મુસાફરોનો ગુસ્સો સાતમા આસમાને છે.

ઈન્ડિગો એર લાઈન્સનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, 8 ડિસેમ્બરની રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ગોવાની 12.05 વાગ્યાની અને રાજકોટથી દિલ્હીની 17.55ની ફ્લાઈટ આજે એકાએક રદ જાહેર થઈ છે. જ્યારે રાજકોટથી હૈદરાબાદની 15.55 વાગ્યાની તો મુંબઈની 16.55ની ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે. ઓપરેશનલ રીઝનને કારણે મુશ્કેલી ઊભી થઈ છે, જેમાં પાઈલટની સીક લિવ અને સ્ટાફની અછત કારણ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

આ સિવાય આજે 8 ડિસેમ્બરના ઈન્ડિગોની રાજકોટથી મુંબઈની 9 વાગ્યાની, રાજકોટથી બેંગલુરુની 16.15 વાગ્યાની, અને મુંબઈની 19.55 વાગ્યાની ફ્લાઈટ ઉડાન ભરશે. એર ઈન્ડિયાની સવારની 8.35 વાગ્યાની મુંબઈ, 18.05 વાગ્યાની મુંબઈ અને 20.08 વાગ્યાની દિલ્હીની ફ્લાઈટ ઉડાન ભરી રહી છે.

આજની સુરતથી ઊપડતી કોલકાતાની, સુરતથી હૈદરાબાદ અને સુરતથી દિલ્હીની ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે. જ્યારે આજે સવારથી ઈન્ડિગોની ફ્લાઈટ સુરત એરપોર્ટ ખાતે આવવાની શરૂ થઈ છે. પાંચ દિવસ બાદ સવારથી હૈદરાબાદ અને દિલ્હીથી ફ્લાઈટનું સુરત એરપોર્ટ ખાતે લેન્ડિંગ થયું છે.

વડોદરામાં ઈન્ડિગોની મુંબઈ-વડોદરા-મુંબઈની ફ્લાઈટ કેન્સલ થઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી ફ્લાઈટો કેન્સલ થતાં મુસાફરો હાલાકીનો સામનો કરી રહ્યા છે. ખાસ કામ અને પ્રસંગે જતા લોકોને છેલ્લી ઘડીએ રઝળવાનો વારો આવે છે.

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના PRO અજય સોલંકીએ જણાવ્યું હતું કે હમણાં યાત્રીઓની ફ્લાઈટ મિસ થઈ રહી છે અથવા તો કેન્સલ થઈ રહી છે, એ માટે હેલ્પડેસ્ક શરૂ કરાયું છે, સાથે અહીં IRCTCનું કાઉન્ટર પણ ખોલી દીધું છે, જેથી મુસાફરો વેસ્ટર્ન રેલવેની સ્પેશિયલ ટ્રેનનું બુકિંગ કરી શકે. જો કોઈની ફ્લાઈટ કેન્સલ થઈ ગઈ હોય અને તેને દિલ્હી કે મુંબઈ જવું હોય તો ઑન ધ સ્પોટ IRCTCના કાઉન્ટર પરથી પોતાની ટિકિટ બુક કરી શકે છે. ટિકિટ બુક કરીને સ્ટેશન જઈને પોતાની ટ્રેનમાં જઈ શકે છે, એટલે કે સાબરમતી કે અમદાવાદ જઈને.

# હોમગાર્ડની નિવૃત્તિ વયમર્યાદામાં 3 વર્ષનો વધારો : 55 વર્ષના બદલે હવે 58 વર્ષે નિવૃત્તિ, રાજ્યના હજારો હોમગાર્ડ જવાન માટે રાજ્ય સરકારની મહત્ત્વની જાહેરાત

ગાંધીનગર, તા.08



રાજ્યમાં આંતરિક સુરક્ષા, કાયદો વ્યવસ્થા અને વિવિધ કટોકટીની સ્થિતિમાં પોલીસ વિભાગ સાથે મળી કામગીરી કરતા રાજ્યના હજારો હોમગાર્ડ જવાનો માટે રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. અત્યાર સુધી હોમગાર્ડ જવાનની નિવૃત્તિની વયમર્યાદા 55 વર્ષ હતી, એમાં 3 વર્ષનો વધારો કરી 58 વર્ષ કરવામાં આવી છે. સરકારના આ નિર્ણયના કારણે હવે હોમગાર્ડ જવાન 58 વર્ષ સુધી ફરજ બજાવી શકશે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે હોમગાર્ડ જવાનોની નિવૃત્તિ વયમર્યાદામાં ત્રણ વર્ષનો વધારો કરવા અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે મુંબઈ હોમગાર્ડ્ઝ રૂલ્સ, 1953ના નિયમ- 9 માં આ અંગે સુધારો કરવા નિર્ણય લીધો છે. જેને પરિણામે હવે હોમગાર્ડઝ સભ્યોની નિવૃત્તિ વયમર્યાદા 55 વર્ષથી વધારીને 58 વર્ષ થશે. નાયબ મુખ્યમંત્રીહર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્યમાં આ દળ પોલીસના પૂરક બળ તરીકે ઉત્તમ કામગીરી કરી રહ્યું છે. હોમગાર્ડઝના જવાનો માનદ સેવા આપીને ચૂંટણી બંદોબસ્ત, ટ્રાફિક ફરજો, રાત્રી પેટ્રોલિંગ, વી.આઈ.પી. બંદોબસ્ત, ધાર્મિક/મેળા બંદોબસ્ત સહિતની દૈનિક તમામ ફરજો પોલીસ સાથે ખંતપૂર્વક નિભાવે છે. આ નિર્ણયથી હોમગાર્ડઝ સભ્યોમાં રાષ્ટ્ર-સેવા કરવા માટેનો જુસ્સો વધશે, અને તેઓ વધુ ત્રણ વર્ષ માટે પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવી શકશે. આ નિર્ણયથી હોમગાર્ડઝ સભ્યોને વધુ ત્રણ વર્ષ રાષ્ટ્ર અને સમાજની સેવા કરવાનો મોકો મળશે. એટલું જ નહીં, હોમગાર્ડઝના સભ્યો માનદ હોય છે અને તેમના પર કૌટુંબિક જવાબદારીઓ હોય છે. નિવૃત્તિ વયમર્યાદા વધવાથી તેઓ વધુ સારી રીતે પોતાની કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ નિભાવી શકશે. હોમગાર્ડ્ઝ સભ્યો ક્ષેત્રીય કક્ષાએ ભૌગોલિક અને સામાજિક રીતે લોકો સાથે જોડાયેલા હોવાથી, તેઓ રાજ્યની કાયદો અને વ્યવસ્થાની કામગીરી વધુ સારી રીતે પાર પાડવા પોલીસને વધુ મદદ કરી શકશે.

બૃહદ મુંબઈ રાજ્યમાં 6 ડીસેમ્બર, 1947ના રોજ પોલીસની મદદમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર તેમજ કુદરતી અને માનવસર્જિત આપત્તિઓમાં આંતરિક સુરક્ષા માટે હોમગાર્ડઝ દળની રચના કરવામાં આવી હતી.

ગુજરાતમાં હોમગાર્ડ (ગૃહ રક્ષક દળ) એ એક મહત્વપૂર્ણ સ્વયંસેવી સંસ્થા છે, જે રાજ્યની આંતરિક સુરક્ષા, કાયદા વ્યવસ્થા જાળવવા અને વિવિધ કટોકટીની પરિસ્થિતિઓમાં પોલીસને સહાય કરવા માટે કાર્યરત છે. આ દળના જવાનો પોલીસ સાથે મેળવીને રાત-દિવસ ફરજ બજાવે છે અને તેમને માનદ વેતન આપવામાં આવે છે. રાજ્યમાં ફરજ બજાવતા હોમગાર્ડ જવાનને 2022 પહેલાં પ્રતિદિન રૂ. 300 રૂપિયાનું માનદ વેતન મળતું હતું.

# ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટની લાંબા સમયથી ભરતી ન થતા રોષ....

## ભરતી પ્રક્રિયાને લઈ ઉમેદવારો પહોંચ્યા જેટકો ઓફિસ, પરીક્ષા નહીં લેવાય તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી

વડોદરા, તા.08

વડોદરામાં આવેલ જેટકો ઓફિસ ખાતે ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટની ભરતીને લઈને રાજ્યભરમાંથી ઉમેદવારો પોતાની માગ લઈને પહોંચ્યા હતા. રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાંથી ઉમેદવારો વડોદરા જેટકો ઓફિસ ખાતે પહોંચી ભરતી પ્રક્રિયાને લઈ થતા અન્યાય અંગે ઉગ્ર રજૂઆત કરી હતી. તેઓની માંગ છે કે જેટકો દ્વારા ભરતી આઉટસોર્સથી કરી લેવામાં આવે છે જેથી ભરતી બહાર પાડવામાં આવતી નથી.

વડોદરા ખાતે આવેલ જેટકો ઓફિસે પહોંચેલા ઉમેદવારોની માગ છે કે, છેલ્લા બે ત્રણ વર્ષથી ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટની ભરતી કરવામાં આવી નથી. ભરતી ન કરી આઉટસોર્સથી ભરતી કરી દેવાઈ હોવાનો ઉમેદવારો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે. સાથે આ ભરતી પ્રક્રિયા નહીં થાય તો કેટલાક ઉમેદવારો વર્ષ 2026 પછી વય મર્યાદાને પગલે ઉમેદવારી પણ નહીં કરી શકે જેથી ઝડપથી ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટની ભરતી થાય તેવી ઉમેદવારો દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

# ધોળકામાં 5 લાખની કિંમતનો ગાંજો ઝડપાયો, ઓરિસ્સાથી આવેલી મહિલા સહિત બેની ધરપકડ

અમદાવાદ, તા.08

અમદાવાદ ગ્રામ્ય SOGએ મોટી માત્રામાં ગજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસને બાતમી મળી હતી કે, એક મહિલા ઓરિસ્સાથી મોટી માત્રામાં ગાંજાનો જથ્થો લઈ ધોળકા પાસે આવેલા શેખડી ગામ પાસે નિરંજન ગોસ્વામીને આપવાની છે. આ પછી પોલીસ ઘટનાસ્થળે પહોંચીને બંને આરોપીને ઝડપી પાડ્યા હતા. પોલીસે રૂ.4.98 લાખનો ગાંજાનો જથ્થો જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, અમદાવાદ ગ્રામ્ય પોલીસને ઓરિસ્સાથી સુમિત્રા નાહક નામની મહિલા મોટી માત્રામાં ગાંજાનો જથ્થો લઈ ધોળકા આવી હોવાની બાતમી મળી હતી. આરોપી મહિલા ગાંજાનો જથ્થો મૂળ રનોડના રહેવાસી નિરંજનગિરી કૈલાસગિરી ગોસ્વામીને આપવાની હતી. પોલીસે આશરે 5 લાખની કિંમતનો 9.960 કિલોગ્રામ ગાંજાનો જથ્થો, ત્રણ મોબાઈલ અને 1500 રૂપિયા રોકડ સહિત કુલ રૂ.5.02 લાખનો મુદ્દામાલ કબજે કરીને આગળની કાર્યવાહી હીથ ધરી છે. પોલીસ પૂછપરછમાં આરોપી નિરંજન ગોસ્વામીએ જણાવ્યું હતું કે, મેં ભુવનેશ્વર ઓરિસ્સામાં બીજા લગ્ન કર્યા છે. જેથી અવાર-નવાર ઓરિસ્સા જવાનું થાય ત્યારે ત્યાં ભુવનેશ્વરમાં રહેતા વિક્રમ પાસેથી એક કિલોગ્રામ ગાંજાના 2500 રૂપિયા આપી લાવ્યો હતો. ઝડપાયેલી મહિલા મારા સાળાની પત્ની છે.

# પાંડેસરામાં લૂમ્સ કારીગરોનો વિરોધ : મજૂરીના ભાવવધારાની માગ સાથે કારખાનાઓમાં જઈને સ્વિચ ઓફ કરીને હંગામો મચાવ્યો....

સુરત, તા.08



સુરતના પાંડેસરા વિસ્તારમાં કાપડ ઉદ્યોગમાં મજૂરીના ભાવવધારાની માંગણીને લઈને લૂમ્સ કારીગરો દ્વારા જબરદસ્ત વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કારીગરોએ પ્રતિ મીટરે 5થી 10 પૈસાનો વધારો કરવાની માગ સાથે 5થી 7 જેટલા લૂમ્સ કારખાનાઓને બાનમાં લીધા હતા અને કારખાનાઓમાં જઈને ઈલેક્ટ્રિક સ્વિચ ઓફ કરીને હંગામો મચાવ્યો હતો.

મળતી માહિતી મુજબ, આ વિરોધમાં લગભગ 50થી વધુ કારીગરો જોડાયા હતા. કાપડના ભાવવધારાની માંગણી સાથે મચાવેલો સમગ્ર હોબાળો કારખાનાઓમાં લાગેલા CCTVમાં કેદ થઈ ગયો હતો.

બનાવની જાણ થતાં જ પાંડેસરા પોલીસ તુરંત સ્થળ પર દોડી આવી હતી. પોલીસે હવે CCTV ફૂટેજના આધારે હંગામો મચાવનાર કારીગરોને શોધી કાઢવા માટે સઘન તપાસ શરૂ કરી છે. બીજી તરફ, વીવર્સ એસોસિયેશનની રજૂઆત બાદ પોલીસે વિસ્તારમાં સુરક્ષાના ભાગરૂપે પેટ્રોલિંગ પણ શરૂ કર્યું છે, જેથી અન્ય કારખાનાઓ રાબેતા મુજબ ફરીથી શરૂ થઈ શકે અને કામગીરી સામાન્ય બને તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

કારીગરો દ્વારા કરવામાં આવેલો આ તમામ હંગામો સંબંધિત કારખાનાઓમાં લાગેલા CCTV ફૂટેજમાં સંપૂર્ણપણે કેદ થવા પામ્યો છે. ફૂટેજમાં દેખાતા કારીગરોની સંખ્યા અને તેમની આક્રમક પ્રવૃત્તિઓ સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ ઘટનાની જાણ થતાં જ પાંડેસરા પોલીસનો કાફલો તાત્કાલિક બનાવ સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યા બાદ, કારખાના માલિકો અને વીવર્સ એસોસિયેશન સાથે બેઠક યોજી હતી. પોલીસે હવે CCTV ફૂટેજની મદદથી હંગામો કરનાર મુખ્ય કારીગરોને ઓળખી કાઢવા તપાસ શરૂ કરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599